# ગૌતમ ગોષ્ઠિ

આચાર્ય વિજય મુક્તિવલ્લભસૂરિ



# ગૌતમ ગોષ્ઠિ

આચાર્ય વિજય મુક્તિવલ્લભસૂરિ

પ્રકાશક :
સમકિત યુવક મંડળ
બોરીવલી

તૃતીય સંસ્કરણ : ૨૦૭૦
મૂલ્ય : ₹ ૬૦/-
મુદ્રક : Printwell, Mobile : 093222 25408

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી સમકિત યુવક મંડળ
રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલત નગર, રોડ નં. ૭, બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૬. ફોન - ૩૨૫૨ ૨૫૦૧

કેતનભાઈ ડી. સંગોઈ
૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન,
સંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે),
મુંબઈ - ૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૦ ૫૭૦૩, મો. : ૯૨૨૪૬ ૪૦૦૭૦.

અરિહંત કટલરી
આંબા ચોકની પાછળ, પોલીસ ગેટની બાજુમાં, ભાવનગર.
ફોન : ૨૫૧ ૨૪૯૨, મો. : ૯૮૨૫૧ ૦૫૫૨૮

મિલનભાઈ
આનંદ ટ્રેડલિંક પ્રા. લિ.
૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, પાલડી
અમદાવાદ - ૩૮૦૦૦૭. ફોન : ૨૬૫૮ ૭૬૦૧, મો. : ૯૩૭૫૦ ૩૫૦૦૦

# મોહરાજાનો અનેકાન્તાભાસ

**પૂ. આ. દેવશ્રી વિજયઅભયશેખરસૂરિ મ. સા.**

સ્વ. દાદાગુરુદેવ શ્રી ધર્મજિતસૂરીશ્વરજી મ.સા.ની સ્વપ્નસૃષ્ટિ નિરાળી હતી. વિરાટ જિનમંદિરો અને વિશાળકાય જિનબિંબોનાં દર્શન કરવાં ને એની ભક્તિ કરવી. આવાં સ્વપ્ન એમને ઘણી વાર આવતાં. આવા જ એક સ્વપ્નમાં એમણે પ્રભુજીનું ખૂબ જ ભક્તિભાવ સાથે ચૈત્યવંદન કર્યું. સ્વપ્નં આગળ ચાલ્યું. પ્રભુજીએ એમને પૂછ્યું : બોલ ! તારે શું જોઈએ ? ને એમણે કહ્યું - 'મારે ન રાગ જોઈએ, ન દ્વેષ જોઈએ, ન ક્રોધ જોઈએ, ન માન જોઈએ, ન વિષય જોઈએ, ન વાસના જોઈએ. બસ, પ્રભુ ! આટલું આપી દે'. એમની આ માગણી સાંભળીને પ્રભુજી પબાસણ પરથી ઊઠ્યા. પાસે આવીને એમની પીઠ થાબડીને કહ્યું કે- 'વત્સ ! ખરેખર જે માંગવા જેવું હતું, તે તેં માંગી લીધું.'

શું વિશાળ સામ્રાજ્ય માંગવા જેવું નથી ? શું અબજોની સંપત્તિ કે અપ્સરા જેવી સ્ત્રી માંગવા જેવી નથી ? સાધુની દૃષ્ટિએ વિચારીએ તો શું અનેક શિષ્યો માંગવા જેવા નથી ? છ'રી' પાલિત સંઘ-ઉપધાન-પ્રતિષ્ઠા વગેરે શાસનપ્રભાવના માંગવા જેવી નથી ?

પ્રભુ કહે છે કે માંગવા જેવું એ છે કે જેના પછી બીજું કશું માંગવાનું ન રહે. ઈચ્છવા જેવું એ છે કે જેના પછી બીજી કોઈ ઈચ્છા કરવાની ન રહે. Desire to be Desireless

આ વાત પરમાત્માએ કરી છે માટે તો સાચી છે જ, પણ આની પાછળ પ્રબળ તર્ક પણ છે જ. શેઠ વગર કહે પોતાની રાજીખુશીથી અવસરે અવસરે બક્ષિસ આપતા જ હોય. વળી એક અવસરે શેઠ બક્ષિસ આપવાના વિચારમાં છે જ, પણ નોકર અધીરો થઈને બસો- પાંચસો માણસની હાજરીમાં સામેથી માગી લે તો 'સામાન્યથી હું બક્ષિસ આપતો નથી. હું કૃપણ છું'. લોકો મારા માટે આવું વિચારશે... આવા વિચારથી શેઠ નારાજ થશે... કદાચ બક્ષિસ આપશે તો પણ રાજીખુશીથી નહીં.

પ્રકૃતિનું પણ આવું જ છે. કોઈ પણ જીવ કાંઈ પણ સત્કાર્ય કરે એટલે પ્રકૃતિ વગર કહે બક્ષિસ આપે જ છે. તેમ છતાં જીવ જો સ્પૃહા કરે છે, તો એ એનો પ્રકૃતિ પ્રત્યેનો અવિશ્વાસ છે, ને એના કારણે પ્રકૃતિ જાણે કે નારાજ થાય છે. પછી પણ, બક્ષિસ તો મળશે, પણ એમાં ભલીવાર શી રીતે રહે ? એના બદલે મને તો ઘણું મળ્યું છે. એનો સંતોષ-નિઃસ્પૃહતા એ પ્રકૃતિને ધન્યવાદ આપવા બરાબર છે. પ્રકૃતિ એમાંથી જાણે કે રાજી થાય છે ને તેથી પરિણામ ઘણું સુંદર આવે છે. '**सहज मिला सो दूध बराबर, मांग लिया सो पानी**' પાણી શક્તિ ન આપે, દૂધ તો આપે જ. સ્પૃહા વિના સહજ મળેલી ચીજમાં આસક્તિ ન કરાવવી, સદુપયોગ થવો ને તેથી ઉત્તરોત્તર વધારે સારી સામગ્રી અપાવવી ને સાથે પ્રબળ-વ્યાપક નિઃસ્પૃહતાને જન્માવવા આવી બધી શક્તિ હોય છે. જે ક્રમશઃ જીવને સંપૂર્ણ નિઃસ્પૃહ બનાવે છે.

તથા સ્પૃહાપૂર્વક થતી પ્રાપ્તિને શ્રી ઉત્તરાધ્યયનનું '**जहा लाहा तहा लोहो, लाहा लोहो पवड्ढइ**' આ સૂત્ર લાગુ પડતું હોય છે. લાભ પાંચ લાખનો થાય ત્યારે લોભ પચ્ચીસ લાખ પર પહોંચી જાય છે ને

લાભ પચ્ચીસ લાખનો થાય ત્યારે લોભ એક કરોડ પર પહોંચી જાય છે એટલે કે લાભ કરતાં લોભની સ્પીડ હંમેશાં વધુ હોય છે. તેથી લાભ ગમે એટલો થાય, લોભ ઊભો જ રહે છે, જે જીવને અધૂરાશનો-અપૂર્ણતાનો જ અનુભવ કરાવી પ્રસન્નતાથી વંચિત રાખે છે તથા લાભ પુણ્યને આધીન છે. પુણ્ય પરિમિત હોવાથી એની મર્યાદા આવી જ જાય છે. પણ લોભ? લોભને થોભ નહીં... '**इच्छाओ आगास समा अणंतया...**' પરિણામ? મમ્મણશેઠને જોઈ લ્યો. સુભૂમ ચક્રવર્તીને જોઈ લ્યો. માટે જ્ઞાનીઓ નિ:સ્પૃહતાનો મહિમા ગાય છે. સ્પૃહાને ત્યાજ્ય કહે છે.

હવે બીજી એક વાત. કાકાએ આપેલા લાખ રૂપિયાથી વેપાર કરીને એની વૃદ્ધિ કરવાના બદલે ભત્રીજો 'હું પણ લક્ષાધિપતિ' એવા અભિમાનમાં અટવાઈ જાય તો સહજ છે કે કાકા એની પાસેથી લાખ રૂપિયા પાછા લઈ લેશે. આવું જ પ્રકૃતિ માટે છે. આપણે કાંઈ પણ સત્કાર્ય કરીએ એટલે 'આને વધારે સારી સામગ્રી આપીશ તો વધારે સારું સત્કાર્ય કરશે' એવા વિશ્વાસથી પ્રકૃતિ જાણે કે આપણને વધારે સામગ્રી આપે છે પણ આપણે જો એના અભિમાનમાં પડી જઈએ છીએ તો પછી પ્રકૃતિ આપણી પાસેથી એ સુંદર સામગ્રી છીનવી જ લે છે. માટે સંપત્તિ-સત્તા વગેરે, ભૌતિક કે જ્ઞાન-તપ વગેરે આત્મિક, કોઈ પણ ક્ષેત્રમાં અહંકાર એ પીછેહઠ કરાવનાર તત્ત્વ છે. અને અહંકાર એ જો પીછેહઠ કરાવે છે, તો નમ્રતા-લઘુતા એ પ્રગતિ કરાવનાર છે એ સ્પષ્ટ છે.

આ વાત બરાબર પણ છે જ. 'પોતાનાથી અધિક પણ કોઈક છે' આવું માનનાર અહંકાર કરી શકે નહીં. સહુથી અધિક તો પૂનમનો ચાંદ જ હોય છે. ને એના માટે તો ઘસાતા જવું એ જ ભવિષ્ય

હોય છે. એમ, 'મારાથી નાના અન્ય પણ છે' આવું માનનાર લઘુતા લાવી શકે નહીં. સહુથી નાનો તો બીજનો જ ચાંદ હોય છે, ઉત્તરોત્તર વધતા જવું એ જ એનું ભવિષ્ય હોય છે અને બીજના ચાંદના લોકો ચાહીને દર્શન કરતા હોય છે એ ભૂલવા જેવું નથી. નમે તે સહુને ગમે.

**કેવી વિચિત્રતા છે. અહંકાર કરવો છે, માટે પોતાનામાં પૂર્ણતાને જીવ જુએ છે, ને સ્પૃહા કરવી છે, માટે અધૂરાશને જુએ છે.** ધર્મરાજા શ્રીતીર્થંકરદેવની જેમ મોહરાજા પણ જીવને અનેકાન્તવાદ સમજાવે છે. **ધર્મરાજા કહે છે - અહંકાર ન આવે માટે અધૂરાશને જો. ને નવી નવી સ્પૃહા ન જાગે માટે પૂર્ણતાને જો.** મોહરાજા બિલકુલ ઊલટું શીખવાડે છે. માટે એ અનેકાન્તાભાસ છે. એમાં બન્ને બાજુ જીવનો મરો છે. જ્યારે ધર્મરાજાના અનેકાન્તને જાણવામાં અને જાણીને જીવવામાં જીવને લાભ જ લાભ છે. આવા લાભમાં સર્વોચ્ચતાનો હાંસલ કરનાર જીવ એટલે અનંતલબ્ધિનિધાન શ્રીગૌતમસ્વામી.

પનોતી પુણ્યાઈ એવી છે કે કલ્પનાતીત લબ્ધિઓની પ્રાપ્તિ કરાવી આપે, પણ સ્પૃહા જ ખરી પડી છે. નજર સામે પ્રભુનું કેવલજ્ઞાનાદિ ઐશ્વર્ય રાખ્યું છે એટલે આ લબ્ધિઓનું કશું મહત્ત્વ જ નથી રહ્યું પછી એની સ્પૃહા પણ શી ? અને વગર સ્પૃહાએ મળી જવા પર અહંકાર પણ શું ? અને અહંકાર નથી એટલે બાળસહજ લઘુતા-વિનય-સમર્પણ આવે જ. એમાં જ્યારે પ્રભુએ કરેલા અલૌકિક ઉપકારની સ્મૃતિ અને જ્ઞાનદૃષ્ટિ ભળે ત્યારે એ પરાકાષ્ઠાને પામે જ.

આ પરાકાષ્ઠાનો ચમત્કાર જુઓ. શ્રીસૂરિમંત્રમાં અરિહંતપ્રભુના પાંચ કલ્યાણકો, આઠ પ્રાતિહાર્ય અને ૩૪ અતિશયોનું ધ્યાન ધરવાનું હોય છે. એટલે સ્પષ્ટ છે કે એના કેન્દ્રમાં

શ્રી અરિહંતત્વ છે. શ્રી વીરપ્રભુએ ગૌતમસ્વામી માટે સૂરિમંત્રની રચના કરી પણ એના કેન્દ્રમાં પોતાને સ્થાપવાને બદલે પોતાના આ પનોતા શિષ્યને જ સ્થાપ્યો. કોઈ પણ ગુરુએ શિષ્યના કરેલા ગૌરવમાં આ શું સર્વોત્કૃષ્ટ ગૌરવ નથી? આજે પણ બધા આચાર્યભગવંતો શ્રીસૂરિમંત્રના જાપ વખતે અષ્ટાપ્રતિહાર્યથી યુક્ત શ્રી ગૌતમસ્વામીનું ધ્યાન ધરે છે.

ખરેખર શ્રી ગૌતમસ્વામીએ પ્રભુવીરનો વાસ્તવિક યોગ સાધી જાણ્યો (યોગાવંચક), સંપૂર્ણ સમર્પિત શિષ્ય બની જાણ્યું (ક્રિયાવંચક) અને પ્રભુ સાથે અભેદ સાધી જાણ્યો. (સમાપત્તિ-ફળાવંચક)

શ્રી ગૌતમસ્વામીના આ લોકોત્તર સૌભાગ્યથી આવર્જિત થયેલા પંન્યાસ શ્રી મુક્તિવલ્લભવિજયજી ગણિવરે દિલના ભાવોને અક્ષરદેહ આપવા માટે કલમ ઉપાડી... શ્રી ગૌતમસ્વામીના ચરણોની ભક્તાણી ભગવતીશ્રી સરસ્વતીદેવીની આમાં અત્યંત ખુશીજન્તિ વિશેષ કૃપા હોય જ. ને પોતે પણ સિદ્ધહસ્ત લેખક તથા કુશળ ચિંતક. શ્રીસંઘને શ્રી ગૌતમસ્વામીની કંઈક લોકોત્તર પિછાણ મળી **ગૌતમગીતા** પુસ્તકરૂપે. પરંતુ ભક્તિથી ઓળઘોળ થયેલા દિલને સંતોષ ન થયો. ચિત્તમાં નવા નવા ચિંતનોનો પ્રવાહ ધસમસવા માંડ્યો. કલમ દ્વારા કાગળ પર ઊતર્યા..! અને શ્રીસંઘને આજે ઓર એક સુંદર ઉપહાર મળી રહ્યો છે **ગૌતમગોષ્ઠિ** પુસ્તકરૂપે.

ચિત્તને ચમત્કૃત કરે એવા ચિંતનના ચમકારા પુસ્તકનાં પાને પાને દષ્ટિગોચર થાય છે. જેમ કે :

☞ **ભૌતિક સમૃદ્ધિ કે સિદ્ધિના ગુલાબ જે છોડ ઉપર ઉગે ત્યાં મોટે ભાગે સ્પૃહા કે માનના કંટક પણ નજરે ચડતા હોય છે.**

**કંટકહીન ગુલાબના છોડ જેવી વિસ્મયકારક ઘટના એટલે પ્રભુ ગૌતમસ્વામી !**

- **દરજી પણ જૂના માપથી કપડાં સીવતો નથી. દર વખતે નવું માપ લે છે. આપણે તો એક જ વારના લીધેલા માપથી કેટલીય વ્યક્તિઓ પ્રત્યેના અભિગમ કે વલણના ઝભ્ભા-લેંઘા સીવીને મારી મચડીને તેમને પહેરાવી દઈએ છીએ.**
- **બીજાને 'સુધારવામાં' આપણને જેટલો રસ હોય છે, તેના કરતાં તેને 'બગડેલો' પુરવાર કરવામાં વધુ રસ હોય છે.**
- **પ્રભુ ગૌતમ એક આધ્યાત્મિક ક્રાન્તિવીર છે, જેમણે અહંના શિખરને વિનયની તળેટી બનાવી દીધી. કાજળઘેરી અમાવસ્યાને જેમણે પૂર્ણિમાદીક્ષા આપી; નત રહીને ઉન્નત બન્યા; શૂન્ય બનીને પૂર્ણ બન્યા; ઝઝૂમ્યા વગર મોહને ઝુકાવ્યો.**
- ઈચ્છાયોગ વગેરે માટે પાયાની શરતો તરીકે ગુણાધિક પ્રત્યે બહુમાન અને ગુણહીન પ્રત્યે કરુણા વગેરે કહેવાયેલ છે. અત્યંત ગુણાધિક એવા શ્રીગૌતસ્વામી પ્રત્યે તો લેખકનો ઊછળતો બહુમાન ભાવ પાને પાને ને પંક્તિએ પંક્તિએ જણાય જ છે, સાથે સાથે ગુણહીન પ્રત્યેની કરુણા પણ ડગલે ને પગલે છતી થયા વિના રહેતી નથી. એટલે **બાળકની ત્રણ વિશેષતાઓ દ્વારા ગૌતમસ્વામીને તારક તીર્થરૂપે** જણાવનાર લેખકે **ભોજન અંગેની ત્રણ તકલીફ, અંધની ચાર પીડા, અહંકારની ત્રણ દીકરીઓ, આઠ મદસ્થાન, તપ પર સતત ટાંપીને બેઠેલા ચાર કષાયો** વગેરે દ્વારા સાધકને સુંદર

માર્ગદર્શન પણ પૂરું પાડ્યું છે. આનું જ એક ઉદાહરણ:

પ્રભુ ગૌતમને તો જાણે પ્રભુવીરની માત્ર એક સર્વજ્ઞતા આગળેય (પોતાનું) બધું ફિક્કુંફસ લાગે છે. અને ત્રણ સાંધતાં તેર તૂટે એવા ચીંથરેહાલ લૂગડા ઉપર આપણો અહં આકાશને આંબતો હોય, તો પ્રભુ ગૌતમના નામમંત્રની આરાધના હવે ઓક્સિજનના સિલિન્ડરની જેમ આપણે સતત ગળે વળગાડી રાખવા જેવી છે.

એક સ્થાને Thanks Ego... સો સો સલામ ઈન્દ્રભૂતિના અહંકારને! વગેરે ચિંતન દ્વારા લેખકે 'જે થાય તે સારા માટે...' નિયમની સંગતિ કરી દેખાડી છે. વળી અનેક સંસ્કૃત શ્લોકો અને ગુજરાતી કાવ્યપંક્તિઓ ટાંકીને લેખકે સ્વવક્તવ્યનું સમર્થન કર્યું છે.

શ્રી ગૌતમસ્વામીના નિરહંકારિતા અને નિઃસ્પૃહતા, આ બે ગુણોને અનેક અલગ અલગ ચિંતનો દ્વારા મુખ્ય રીતે ઉપસાવવામાં લેખક ખૂબ સફળ રહ્યા છે એવું કોઈ પણ સહૃદય વાચકને પ્રતીત થયા વિના નહીં રહે. **'નિસર્ગનું મહાસંગીત'** થી શરૂ થયેલી લેખકની ચિંતનયાત્રા નવી નવી ક્ષિતિજોને વિવિધ વિષયો દ્વારા સર કરતી રહી છે, ને હજુ વધુ ને વધુ ક્ષિતિજોને સર કરતી રહે એવી શુભકામના. કારણ કે **આત્મા જ્ઞાનનો ખજાનો છે, જેમ જેમ ચિંતન કરતા જઈએ એમ એમ નવો પ્રકાશ લાધતો જ રહે છે.**

વાચકો આ પુસ્તક દ્વારા શ્રી ગૌતમસ્વામીની વધુ ઊંડાણભરી પિછાણ પામે, વધુ ઊછળતા આદર બહુમાનવાળા થાય ને એના પ્રભાવે નિઃસ્પૃહતાના સ્પૃહાળુ બને તથા નિરહંકારિતાના રંગે પોતાના અહંને રંગનારા બને એવી અપેક્ષા સાથે.

વિ.સં. ૨૦૬૩, પો.વ.૮ — ગુરુપાદપદ્મરેણુ

ભોર (જિ. પૂના) — **અભયશેખર...**

# આત્માનો ઈન્ટરવ્યૂ

શ્રાદ્ધવિધિ ગ્રંથમાં શ્રાવકની દિનચર્યા દર્શાવી છે. પ્રાતઃકાલે ઊઠીને શ્રાવક ધર્મજાગરિકા કરે. મજાનો શબ્દ પ્રયોજ્યો છે - **ધર્મજાગરિકા**. ઘેનની દવા લઈને સૂતેલા દરદીને જગાડવા ઢંઢોળવો પડે. ખૂબ ઢંઢોળો ત્યારે માંડ જાગે. જાગ્યા પછીય તેની આંખો તો ઘેરાતી હોય. ઢંઢોળવાનું ચાલુ રાખવું પડે નહિતર પોપચાં ગમે ત્યારે ઢળી પડે. મોહનિદ્રા તેનાથી પણ ઘેરા ઘેનની નિદ્રા છે. ઢંઢોળવાનું સતત અને સખત ચાલુ રહે તો થોડી જાગૃતિ વરતાય. ધર્મજાગરિકા એટલે ઢંઢોળીને જાતને જગાડવાનો આધ્યાત્મિક પ્રયોગ... ધર્મજાગરિકા એટલે આત્માનો ઈન્ટરવ્યૂ.

ધર્મજાગરિકામાં કેટલાક પ્રશ્નો જાતને પૂછીને તેના સહી જવાબ મેળવવા યત્ન કરવાનો છે. પ્રશ્નો મજાના છે.

**कोऽहं का मम जाई, किं च कुलं देवया च के गुरुणो।**
**को मह धम्मो के वा, अभिग्गहा का अवत्था मे।।१।।**

**किं मे कडं किच्चं मे किच्चं च किं सेसं, किं सक्कणिज्जं न समायरामि।**
**किं मे परो पासइ किं च अप्पा, किं वाहं खलिअं न विवज्जयामि।।२।।**

હું કોણ ? મારી જાતિ કઈ છે ? મારું કુળ કયું છે ? મારા દેવ કોણ ? મારા ગુરુ કોણ ? મારો ધર્મ કયો ? મારે અભિગ્રહો શું છે ? મારી અવસ્થા શું છે ? મેં મારાં કર્તવ્ય બજાવ્યાં છે કે નહિ ? મેં અકરણીય તો કાંઈ કર્યું નથી ને ? મારું કોઈ કર્તવ્ય હું ચૂક્યો નથી ને ? હું પ્રમાદને કારણે શુભકરણીમાં મારી શક્તિ ગોપવતો તો નથી ને ?

બીજા મને કેવો જાણે છે ? હું મને કેવો જાણું છું ? ક્યા દોષોને હજુ મેં પકડી રાખ્યા છે ?

પ્રથમ પ્રશ્નમાં જ ગૂંચવાઈ જવાય તેવું છે. હું કોણ ? સહુથી સહેલો લાગતો આ પ્રશ્ન સૌથી અઘરો છે. જન્મજન્માન્તરો વહી જાય તોય આ કોયડાનો ઉકેલ ન જડે તેવું પણ બને. અને, આ પ્રશ્નનો સહી જવાબ મળ્યા પછી વધુ જન્મો કરવા ન પડે. અહીં ગોખેલા પોપટિયા પાઠ જેવા જવાબની કોઈ વાત નથી.

હું કોણ ? આ પ્રશ્ન આમ તો ઊઠવો જ અઘરો છે. આ તે વળી પ્રશ્ન છે ? હું કોણ ? હું હેમચંદ... હું ડાહ્યાભાઈનો દીકરો... હું પેથાલાલનો પિતા... હું કનિયાનો કાકો... હું મનિયાનો મામો... હું મફલાનો માસો... હું ફલાણાનો ફુઓ... હું સોમાલાલનો સાળો... હું બુધાલાલનો બનેવી... હું જેઠાલાલનો જમાઈ... હું આઠ કરોડનો આસામી... હું મોટી કંપનીનો માલિક... હું બે ફેક્ટરીનો માલિક... હું સવાંસો સેવકોનો શેઠ... હું પાંચ સંસ્થાઓનો પ્રમુખ... હું તેર સંસ્થાનો ટ્રસ્ટી... હું ચાર સંસ્થાનો ચેરમેન... હું દસ ડિગ્રીનો ધારક !

આવા તો હજારો જવાબ, વગર પૂર્વતૈયારીએ આપણે હોંશથી આપી શકીએ. પણ, એ ધર્મજાગરિકા નથી. એ તો મોહનિદ્રામાં થતો નર્યો બકવાશ છે.

હાડમાંસના પિંજરાને 'હું' માની લેવો તે નરી ભ્રમણા છે. આ ભ્રમણાને અકબંધ રાખીને જીવ અનંત ભવોનો પ્રવાસ ખેડી નાંખે છે. આ ભ્રમણાને જીવે ખૂબ જતનથી સાચવી છે. આ ભ્રમણા જ માનકષાયનું પ્રાણતત્ત્વ છે.

માન-અપમાનના ખ્યાલો આ ભ્રમણામાંથી નીપજ્યા છે.

નાનામોટાનો સ્પર્ધાભાવ આ ભ્રમની જ પેદાશ છે. મોભા અને હોદ્દાની હરીફાઈ આ અહંવિપર્યાસમાંથી જ પ્રગટી છે. કર્મદત્ત પારકા કામચલાઉ વળગાડને જીવડો જાત સમજી બેઠો છે. આ એક ગેરસમજની પૂણીમાંથી તેણે ગેરસમજોનાં જાળાં સર્જ્યાં છે, અને મહી પોતે જ ભરાણો છે. જેટલાં જાળાં વધે તેટલો તે વધુ વટ મારે છે. **માનકષાયના દરદથી પીડાતો જીવ પોતે 'બાપડો' હોવા છતાં જાતને 'બાપુ' માનીને મૂછો મરડે છે.**

ભાષાએ માનસંજ્ઞાને ઓળખવા માટે ઘણા રૂઢિપ્રયોગો આપ્યા છે. જમીનથી અધ્ધર ચાલવું, ટટ્ટાર ચાલવું, છાતી ફુલાવીને ફરવું, ખભા ઊંચા કરવા, મૂછો મરડવી, માથામાં રાઈ ભરવી. અભિમાનની પીડા પગથી માથા સુધી પ્રસરેલી હોય છે.

છગનભાઈ રસ્તા પરથી પસાર થતા હતા. રસ્તામાં એક ભાઈને જોઈને ઊભા રહી ગયા. તે ભાઈના હાથ પકડીને આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યાઃ અરે, મગનભાઈ! આ શું? તમે તો સાવ બદલાઈ ગયા... ઓળખાતાય નથી, તમારા વાળ કાળાભમ્મર જેવા હતા, સાવ ધોળા રૂ જેવા થઈ ગયા!... તમારી આંખો કૂવા જેટલી ઊંડી ઊતરી ગઈ!... ડાચું તો સાવ બેસી ગયું છે!... શરીર પર કરચલીઓ કેટલી પડી ગઈ છે! અને, શરીર તો સાવ ઊતરી ગયું છે! કાંઈ મોટી માંદગી આવી ગઈ છે કે પછી કોઈ મોટી ચિંતા? મગનભાઈ, કહો તો ખરા... આ બધું શા કારણથી બદલાઈ ગયું?

અરે, મહાશય! હું મગનભાઈ નથી... ચીમનભાઈ છું.

લે...! તમે તો નામેય બદલી નાખ્યું?

ચીમનભાઈને મગનભાઈ માની લેવાની એક ભ્રમણાએ

કેટલાં બચ્ચાંને જન્મ આપ્યો ! બિચ્ચારા જીવની પણ આ જ હાલત છે. વિનાશી પુદ્ગલપિંડને **આઈ એમ** પોતે માની લેવાની ગંભીર ભૂલ થઈ ગઈ. પછી તે ભૂલના ગુણાકાર ચાલ્યા. અનાદિ અનંત આત્માને તે જન્મમરણની સીમાઓથી બંધાયેલું રાંકડું અસ્તિત્વ સમજી બેઠો. સચ્ચિદાનંદસ્વરૂપીને તે રંગરૂપથી મઢેલું રમકડું માની બેઠો.

જાતનો સાચો પરિચય કરવા આડે મોટું વ્યવધાન 'હું' છે. 'હું' તૂટે તો 'હું' સાંપડે. ગણધર ગૌતમસ્વામીની જીવનયાત્રા 'હું' ના અજ્ઞાનથી 'હું' ના આવિષ્કાર સુધીનો જીવંત સાધનાપંથ છે. ગૌતમસ્વામીનું જીવનચરિત્ર માનકષાયને જીતવા માટેનું જાણે વિરાટ શસ્ત્રાગાર છે. તેમનું નામ, જીવન, પ્રસંગો અને ગુણવૈભવ સઘળુંય માનનું મારણ બને તેવું છે.

ગૌતમસ્વામીના પરમ પવિત્ર જીવનને આલંબન તરીકે રાખીને ખુદના અહંને ઓગાળવાની અહીં એક મંથનપ્રક્રિયા માત્ર છે. ગૌતમપ્રભુની ભાવયાત્રા કરતાં કરતાં માનકષાયની પીડા કંઈક મંદ પડે, તે માટેનો આ એક નાનકડો આયાસ છે.

પૂર્વે **ગૌતમગીતા** પુસ્તકમાં ગૌતમપ્રભુના થોડા ગુણલા ગાયા હતા. પણ, ધરવ ક્યાંથી થાય ? ફરી ફરીને ગુણલા ગાવાના ઓરતા થયા કરે તેવી પ્રભુ ગૌતમની ગુણગરિમા છે.

ન્યાયવિશારદ પૂ.આ.ભ. **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**, સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ.આ.દે. **શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**, સહજાનંદી પૂ.આ.દે

**શ્રી વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજા**, સૂરિમંત્રસાધક પૂ.આ.દે. **શ્રી વિજયજયશેખરસૂરીશ્વરજી મહારાજા**, ભવોદધિતારક પૂ. ગુરુદેવ આ.દે. **શ્રી વિજયજગવલ્લભસૂરીશ્વરજી મહારાજા** આદિ પૂજ્ય ગુરુવર્યોના અનરાધાર ઉપકારોને કૃતજ્ઞભાવે યાદ કરું છું.

આ સંપૂર્ણ પુસ્તકના લખાણને વિદ્વદ્વર્ય પરમોપકારી પૂ.આ.દે **શ્રી વિજયઅભયશેખરસૂરિ મહારાજા**એ ખૂબ ઉદારતા દાખવીને સમય ફાળવી ધ્યાનથી તપાસી આપ્યું છે. તેઓશ્રીએ આ પુસ્તકને એક કીમતી ઘરેણા જેવી સુંદર પ્રસ્તાવનાથી અલંકૃત કર્યું છે.

સદાના સહાયક, પ્રેરક અને પ્રોત્સાહક આત્મીય સંહવર્તી **મુનિરાજ શ્રી મેઘવલ્લભવિજયજી મ. સા., મુનિરાજ શ્રી ઉદયવલ્લભવિજયજી મ. સા. તથા મુનિરાજ શ્રી હૃદયવલ્લભવિજયજી મ. સા.** ના આત્મીયભાવનું મૂલ્યાંકન શબ્દોથી શે થઈ શકે ?

સંપૂર્ણ પુસ્તકનું પ્રૂફ-સંશોધન પંડિતવર્ય શ્રી ધનંજયભાઈ જૈને ભક્તિભાવથી ખૂબ નિષ્ઠા, સૂઝ અને ચીવટથી કરી આપ્યું છે.

આ પુસ્તકમાં શાસ્ત્રવિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમા પ્રાર્થું છું.

**મિચ્છા મિ દુક્કડં.**

**-મુક્તિવલ્લભવિજય**

**મહા, ૨૦૬૩**

# પ્રકરણસૂચિ


| | | |
|---|---|---|
| ૧. | અહો આશ્ચર્યમ્ ! | ૨ |
| ૨. | અહંકારની અંતિમ યાત્રા | ૭ |
| ૩. | સદ્ગુણોનું સંગ્રહાલય | ૧૪ |
| ૪. | ગૌતમસ્વામીની લબ્ધિ હોજો | ૨૨ |
| ૫. | अखिलं भव्यम् ।। | ૨૬ |
| ૬. | ગૌતમ V/S ગોશાળો | ૩૦ |
| ૭. | જીવંત સાધનાનું મહાકાવ્ય | ૩૬ |
| ૮. | અંહો ઐશ્ચર્યમ્ ! | ૪૨ |
| ૯. | **Thanks Ego !** | ૫૫ |
| ૧૦. | અંધત્વનો ઉપચાર | ૬૦ |
| ૧૧. | બિચ્ચારો 'હું' ! | ૬૬ |
| ૧૨. | મોટા બનવાનો રાજમાર્ગ : નાના બનો | ૭૩ |
| ૧૩. | ગર્ભશ્રીમંતના ભિખારીવેડા | ૮૩ |
| ૧૪. | माणं मद्दवया जिणे ।। | ૯૦ |
| ૧૫. | આધ્યાત્મિક ટી.બી. | ૯૬ |
| ૧૬. | तमसो मा ज्योतिर्गमय ।। | ૧૦૩ |
| ૧૭. | ક્રમબદ્ધ કલ્યાણયાત્રા | ૧૦૮ |
| ૧૮. | પ્રશંસા : પુષ્પ કે કંટક ? | ૧૧૪ |

જિમ ગંગાજળ લહેરે લહેકે,
જિમ કયણાયલ તેજે ઝળકે,
તિમ ગોયમ સોભાગનિધિ.

જિમ રયણાયર રયણે વિલસે,
જિમ અંબર તારાગણ વિકસે,
તિમ ગોયમ ગુણ કેલિવને.

**શ્રી ગૌતમસ્વામી રાસ**

તું મોટાઈઈં મત રાચોજી, હીરો નાનો પણિ હોઈ જાચોજી,
વાધે ઉકરડો ઘણું મોટોજી, તિહાં જઈએ લઈ લોટોજી,
અંધારું મોટું નાસેજી, નાન્હો દીપ પ્રકાશેજી,
આકાશ મોટોપિણ કાલોજી નાન્હો ચંદ્ર કરે અજુઆલોજી.

-મહોપાધ્યાય યશોવિજયજી
સમુદ્રવહાણ સંવાદ

હે ગૌતમસ્વામી!

આપ લબ્ધિના ભંડાર હતા
પરંતુ પ્રાપ્ત લબ્ધિઓ પ્રત્યે
આપને કોઈ સ્પૃહા કે આસક્તિ નહોતી.
જે લબ્ધિ કે રિદ્ધિ મળેલી
તેની ઉપર પણ આપને કોઈ આસક્તિ નહિ
અને, મારી વાત કરું ?
મળ્યું તો કાંઈ નથી
કદાચ, મળવાની સંભાવના પણ વરતાતી નથી
અને છતાં
મેળવવાની કામના જરાય ઓછી થતી નથી
મળ્યાની કોઈ મગરૂરી આપને નથી,
નહિ મળ્યાની દીનતા મને પારાવાર છે.
મારી આ દીનતાનો કોઈ ઉપચાર કરો.

# ❐ અહો આશ્ચર્યમ્ !

પ્રભુ ગૌતમસ્વામી પાસે ચમત્કારિક લબ્ધિઓનો ભંડાર હતો. તેના કરતાં વધુ વિસ્મયકારક વાત એ છે કે પ્રભુ ગૌતમ સ્વયં એક મોટો ચમત્કાર હતા. મને સહુથી વધુ દયા ગૌતમસ્વામીની લબ્ધિઓની આવે. બિચ્ચારી એવા નિરભિમાની અને નિઃસ્પૃહની પાસે જઈને ભરાણી કે તેમને એક વાર પણ પ્રગટ થવાનો પ્રાયઃ અવકાશ જ ન મળ્યો! નિર્માણ પામ્યું ત્યારથી કાયમ માટે કોઈ શ્રીમંતના લોકરમાં પુરાઈ ગયેલું અને એકાદ વાર પણ કોઈના અંગ ઉપર ચડવા નહિ પામેલું કીમતી ઘરેણું કેટલું દયાપાત્ર લાગે!

મોહનીય આદિ કર્મોનો કેવો તીવ્ર ક્ષયોપશમ કર્યો હશે, પ્રભુ ગૌતમે કે આવી અઢળક લબ્ધિઓ તેમને મળી! અને મોહનીય આદિ કર્મોનો કેવો તીવ્રતર ક્ષયોપશમ કર્યો હશે ત્યારે આવી દિવ્ય લબ્ધિઓ મળવા છતાં તેનો પ્રયોગ કરવાના તેમને અભરખા જ ન થયા!

મિથ્યાજ્ઞાનના ભંગારનું પોટલું ઉપાડેલું હતું, ત્યારે ફૂલીને ફાળકો થઈને ફરતા હતા અને જ્યારે જ્ઞાન અને લબ્ધિઓનો રત્નખજાનો મળ્યો, ત્યારે પ્રશંસાની સ્પૃહા જ ખરી પડેલી હતી! **ભૌતિક સમૃદ્ધિ કે સિદ્ધિનાં ગુલાબ જે છોડ ઉપર ઊગે ત્યાં મોટે**

**ભાગે સ્પૃહા કે માનના કંટક પણ નજરે ચડતા હોય છે. કંટકહીન ગુલાબના છોડ જેવી વિસ્મયકારક ઘટના એટલે પ્રભુ ગૌતમસ્વામી!**

એક દરિદ્ર પરિવારના બાળકને બીજાં બાળકોના મુખેથી પેંડાનું નામ સાંભળીને પેંડો ખાવાની લાલસા થઈ. તેની મમ્મીએ રેવડીનો દાણો આપી તેને ફોસલાવ્યો; લે બેટા, ખા આ પેંડો અને પછી તો રેવડીના દાણા ચાવતાં ચાવતાં તે પેંડો ખાધાના મિથ્યાભ્રમમાં રાચતો રહ્યો. તે પરિવારની સ્થિતિ સુધરી. માતા પોતાના સંતાનની કામનાને શે ભૂલે? માએ સાચા પેંડા લાવી બાળકને આપ્યા. હવે તો તે મોટો પણ થઈ ગયો હતો. બેટા! મેં તારી સાથે છેતરપિંડી કરેલી. તું ત્યારે ખાતો હતો તે રેવડી હતી. સાચો પેંડો તો આ છે. પણ ત્યારે કોઈ સંતની પ્રેરણાથી મીઠાઈ પ્રત્યે વૈરાગ્ય કેળવી તેણે પેંડા સહિત સર્વ મીઠાઈઓનો ત્યાગ કરી દીધો હતો. પેંડો મળ્યો પણ... પેંડો ખાવાની આસક્તિ ખરી પડી.

ગૌતમ પ્રભુ માટે **'અનંતલબ્ધિનિધાન'** કે **'લબ્ધિ તણા ભંડાર'** જેવાં વિશેષણો પ્રયોજવાનું મન બહુ નથી થતું. પ્રભુ ગૌતમ કદાચ નારાજ થઈ જશે તો! ડર લાગે છે. આ ભૌતિક લબ્ધિઓ, જેમને મન આધ્યાત્મિક લબ્ધિઓનું ધાન્ય ઉગાડવા જતાં ઊગી ગયેલું ઘાસ માત્ર હતું. તેમને આ વિશેષણો પસંદ ન જ પડે. નાનપ તો લાગે જ ને! મુંબઈના કોઈ શ્રીમંત ઝવેરીને પોતાના વતનના બાપદાદાના વાડામાં મોટી ઘાસની ગંજી હોય, તેથી કોઈ તેની ઓળખાણ 'ઘાસની ગંજીના માલિક' તરીકે આપે તો તેને માઠું ન લાગે?

તેમના માટે **'અનંતલબ્ધિનિઃસ્પૃહ'** કે **'નિઃસ્પૃહતાના ભંડાર'** જેવાં વિશેષણો વધુ ઉચિત લાગે. પણ તે વિશેષણોય પ્રભુ ગૌતમને તો ન જ ગમે. તે તો કહેશે **'નિઃસ્પૃહ'** વિશેષણ પણ મારી

નિ:સ્પૃહતાને દૂષિત કરે છે. પ્રભુ ગૌતમમાં કૌવત અપાર હતું. પણ વિશેષણોનાં પોટલાં ઉપાડવા માટે તે માયકાંગલા હતા. અને **ગૌ...ત...મ...** એ ત્રણ અક્ષરોના બનેલા શબ્દમાં એવું શું ખૂટે છે કે પ્રભુ ગૌતમને ઓળખવા વિશેષણો પ્રયોજવાં પડે! અને લાખો વિશેષણોથી પણ પ્રભુ ગૌતમનું મૂલ્યાંકન ક્યાં થઈ શકે એવું છે? ઘડીભર થઈ જાય કે રહેવા દો, વિશેષણોથી સર્યું.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુના સ્તવનની એક પંક્તિ થોડી ફેરફાર સાથે ટાંકવાનું મન થાય :

**"કોડિ વિશેષણ મિલ કે કર ન શકે, ગૌતમ ગુણકથન."**

ગૌતમ પ્રભુ અડસિદ્ધિના સ્વામી હતા. અણિમા સિદ્ધિનો પ્રયોગ થાય, ત્યારે પ્રયોગ કરનારની કાયા સાવ અણુ જેવડી લઘુ બની જાય. ગૌતમ પ્રભુ અણિમાના પ્રયોગ વગર જ એવા લઘુ બન્યા કે અણિમાદિ સિદ્ધિઓ તેમને વળગી પડી અને મહિમા સિદ્ધિના પ્રયોગ વગર એવા મહાન બનેલા હતા કે તેમને મહાન પુરવાર કરવા માટે લબ્ધિઓ નિષ્પ્રયોજન બની રહી.

એ પાવન દૃશ્ય કલ્પનાપટ પરથી ખસતું જ નથી. ચૌદ વિદ્યાના પારગામી પંડિત સાવ અજ્ઞ બાળકની જેમ મસ્તક ઝુકાવીને અને બે હાથ જોડીને પ્રભુને પૂછી રહ્યા છે. **भयवं किं तत्तं** । ભળતું જ ભણીને પ્રાફેસર તરીકે પંકાઈ જનાર વ્યક્તિ અસલી વિદ્યાગુરુ પાસે સાચો એકડો ઘૂંટવા બેસે... કેવું લાગે? પ્રોફેસરપણાનો ભાર ઉતારી એક બાળકની લઘુતા પામ્યા વિના આ શે બને?

લોકસંજ્ઞાને કેવી પરઠવી દીધી હશે, વહાલા પ્રભુ ગૌતમે! આનંદ શ્રાવકના આંગણે મિચ્છા મિ દુક્કડં માંગવા ગયા, ત્યારે મનમાં વિકલ્પ પણ ન જાગ્યો : 'લોકો મારા માટે શું વિચારશે?' પ્રભુ મારા માટે શું વિચારે છે, તે વિચારનું પ્રતિબિંબ મારા આચરણમાં પડવું

જોઈએ તેવી જેમની જીવનપ્રતિજ્ઞા છે, તેને મન લોકના પ્રમાણપત્રો એટલે પસ્તીનાય રિજેક્શનનું એક કાગળિયું માત્ર ! ડસ્ટબિનમાં પડવા સિવાય જેનો બીજો કોઈ અંજામ ન હોય. બિચ્ચારો લોક !

લોકની યુનિવર્સિટીના પ્રમાણપત્ર તો પરીક્ષામાં કરેલી ચોરીથી પણ મળી જાય. જ્ઞાની પ્રભુની યુનિવર્સિટીમાં કોઈ ફ્રોડ કે ફોર્જરી શક્ય નથી. દુનિયાની દૃષ્ટિ એટલે ફોટોગ્રાફરનો કૅમેરો. મેક-અપ સરસ કરે તો બેડોળ માણસ પણ ફોટોમાં હૅન્ડસમ લાગે. નકલી ધાર્મિકતાનો અંચળો ઓઢી લો એટલે દુનિયા ઝટ ધર્માત્માનું પ્રમાણપત્ર આપી દેશે. પણ આ બોગસ પ્રમાણપત્રની વૅલ્યૂ કેટલી ? પાગલખાનાના પાગલો દ્વારા મળેલા 'ડાહ્યા' તરીકેના કે અન્ડરવર્લ્ડના દાદાઓ દ્વારા મળેલા 'સજ્જન' તરીકેના સર્ટિફિકેટ જેટલી !

**પ્રભુની દૃષ્ટિ એટલે એક્સ-રે વિઝન, ટી.બી.નું ચાંદું એક્સ-રે કેમેરા સામે કેવી રીતે છુપાવી શકાય ? એક્સ-રે કેમેરાને ઠગી શકાય તેવાં મેક-અપનાં પ્રસાધનો દુનિયામાં ક્યાંય** Available **નથી. જ્ઞાનીની યુનિવર્સિટીમાં પરીક્ષા આપવાનું ભાગ્યે જ કોઈને ફાવે. ત્યાં ઉત્તીર્ણ થવા માટે 'સાચું આવડવું' જરૂરી છે, માત્ર 'સાચું લખવું' નહિ. સારા બનો તો જ સારા તરીકેનું પ્રમાણપત્ર મળે.**

આનંદ શ્રાવકના આંગણે ઊભેલા ગૌતમસ્વામીને ત્રણેય કાળનો અને ત્રણેય લોકનો સમાજ એકીઅવાજે કદાચ ઘેલા માને, ગૌતમસ્વામીને તેની શી પરવા ? માત્ર એક વીર પ્રભુના 'સુયોગ્ય' તરીકેના પ્રમાણપત્રથી તે અનંત પ્રમાણપત્રો રદ ઠરે ! અસલ નાણાં સામે નકલી નાણું ક્યાંથી ટકી શકે ?

✦✦✦

ગુણ અનંત ગૌતમ કે સમરન, મિથ્યા-મતિ-વિષ ગમિયે,
જશ કહે ગૌતમ-ગુન-રસ કે આગે, રુચત નહિ હમ અમિયે.
હો અહનિસિ ગૌતમગણધાર નમિયે.

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.
ગૌતમપ્રભાતિ સ્તવન

હે ગૌતમસ્વામી!
મારી અને આપની વચ્ચેનો
સરસવ-મેરુ જેવડો ભેદ મટાડો.
કોઈ સહેજ મારું અપમાન કરે,
અણગમતાં બે વચનો બોલે
કે મારી અપેક્ષા મુજબનું સન્માન ન કરે
તે સર્વ પરિસ્થિતિમાં
હું છંછેડાઈ જાઉં છું,
અને, આપ?
કોઈ પ્રશંસાના પુષ્પો ચડાવે
સ્તુતિઓ અને સ્તવનાઓ રચે
કે, ભરપૂર સન્માન આપે
તે છતાં આપ તો સાવ નિર્લેપ!
સન્માન એ તો કઢાયા દૂધ જેવી ચીજ છે.
અને, અપમાન એટલે કડુ કરિયાતુ!
મને કરિયાતું પચતું નથી
આપ કઢાયા દૂધ કેવી રીતે પચાવી શકયા!
પ્રભુ, આપની ભક્તિથી
મારી આ પાચનશક્તિમાં વૃદ્ધિ થાઓ.

# ❐ અહંકારની અંતિમ યાત્રા

ગૌતમ પ્રભુની કેટલી બિરુદાવલી ગાવી ? ગૌતમ પ્રભુને કોની સાથે સરખાવવા ? **समुद्रतुल्यस्तु समुद्र एव ।** સાગર કોના જેવો ? તો કે સાગર જેવો. નિયતિના યોગે દુ:ખદ અચ્છેરું થયું અને પ્રભુ વીરની શાસન-સ્થાપના એક દિવસ લંબાઈ. ગૌતમસ્વામી જેવા ગણધરનો યોગ કરાવીને નિયતિએ જાણે તે અપરાધનું પ્રાયશ્ચિત્ત કર્યું !

મિથ્યાદષ્ટિ પાસે રહેલું જ્ઞાન પણ અજ્ઞાન ગણાય છે. તો મિથ્યાદષ્ટિના અજ્ઞાનની તો કઈ કક્ષા ગણવી ?

જ્ઞાનથી સહુ તરે પણ અજ્ઞાન કોઈને થોડું તારે ? ઈન્દ્રભૂતિ ગૌતમની વાત જ નિરાળી છે. આત્મવિષયક અજ્ઞાને જ ગૌતમને પ્રભુચરણોના કિનારે લાવવાનું કામ કર્યું ને !

જિંદગીનાં ૫૦-૫૦ વર્ષ અહંકારમાં રાચનારા ઈન્દ્રભૂતિ એકાએક વિનયમૂર્તિ કેવી રીતે બની શકે ? આવી ઉચ્ચતમ યોગ્યતાનો પ્રાદુર્ભાવ અચાનક થઈ જાય ? કુંભારના નિભાડાની આગમાં ઠંડા પાણી માટેના માટલાનો પરિપાક થતો હોય છે. નિભાડાની આગમાંથી બહાર નીકળેલું માટલું ઠંડકનો અનુભવ આપે. ઈન્દ્રભૂતિના અહંકારના નિભાડામાં અંદરખાને વિનયની યોગ્યતાનો પરિપાક તો નહિ થઈ રહ્યો હોય ને! અને માટલું પાકી ગયેલું જાણીને એક

કુંભકારની અદાથી પ્રભુ વીરે સાચવીને નિભાડામાંથી બહાર કાઢી લીધું, જેમાં વિનયની શીતલતા તરબતર થતી હતી !

સોમિલ બ્રાહ્મણનો પણ ખૂબ વિચાર આવે છે. શારજાહમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ મૅચ યોજાય છે. મૅચ બીજાં રાષ્ટ્રો વચ્ચે થાય અને યજમાન બને શારજાહ. અપાપાપુરીમાં સોમિલે યજ્ઞ માંડ્યો. જાણે યજમાન બનીને એક ઐતિહાસિક મૅચનું આયોજન કર્યું ! ગોબર વગેરે ગામોથી ઈન્દ્રભૂતિની કૅપ્ટનશિપ હેઠળ આખી ઈલેવનની ટીમ ઊતરી પડી. સ્પર્ધામાં સામે છેડે હતા ઋજુવાલુકાથી પધારેલા પ્રભુ મહાવીર. દશવિધ શ્રમણધર્મ સહિતના આ સુકાનીની ટીમ સામે ઈન્દ્રભૂતિની ટીમનો ખરાખરીનો જંગ ખેલાશે તેમ કદાચ સોમિલ અને બીજાઓએ ધાર્યું હશે. વાસ્તવમાં કૅનેડા વિરુદ્ધ ઑસ્ટ્રેલિયા મૅચ જેવો ઘાટ થયો. ઓપનિંગમાં સુકાની ઈન્દ્રભૂતિ જ મેદાનમાં ઊતર્યા અને પ્રભુ વીરના પ્રથમ બૉલે જ આઉટ થયા. માત્ર ૧૧ બૉલમાં મૅચ પૂરી થઈ ગઈ. ઈન્દ્રભૂતિની ટીમનો સ્કોર હતો - શૂન્ય રને ઑલઆઉટ...

પણ આમ તો પ્રાજ્ઞ અને પંડિત હતા ને! પંડિતાઈ ખરી વાપરી. વિજેતા ટીમમાં ભળી ગયા. હવે તેમની ટીમને પરાજિત ટીમ કેવી રીતે કહી શકાય? **પ્રભુ વીર તો જીતીને જીત્યા. કમાલ તો ઈન્દ્રભૂતિ ગૌતમે કરી તેઓ હારીને જીત્યા !**

ઈન્દ્રભૂતિ ગૌતમની જીત તેમના એક દુર્લભ ગુણને આભારી હતી. તે ગુણનું નામ - પ્રજ્ઞાપનીયતા. પ્રજ્ઞાવાન બનવું - સરળ છે. પ્રજ્ઞાપનીય બનવું દુષ્કર છે. પ્રજ્ઞાપનીયતા એટલે સુધારણાની યોગ્યતા. **જેના આંતરદોષોનો ઉપચાર સાધ્ય હોય તે પ્રજ્ઞાપનીય. હિતબોધ પકડતા ન આવડે તે કદાચ ન્યૂનતા ગણાતી હશે. પરંતુ ઘણી વાર પકડેલું છોડવામાં પરાક્રમ હોય છે. અહંકારના તોફાનના બ્લેકઆઉટ વચ્ચે ઈન્દ્રભૂતિ ગૌતમે એક બારી ખુલ્લી**

**રાખી હતી. તે બારીનું નામ હતું : પ્રજ્ઞાપનીયતા.** તે બારી દ્વારા પ્રભુ વીરની દિવ્યજ્યોતિએ અંદરમાં અજવાળાં રેલાવી દીધાં. અહંકારમૂર્તિ ઈન્દ્રભૂતિ જો વિનયમૂર્તિ ગૌતમ બની શકે અને અહંકારની ટોચ ઉપરથી વિનયની ટોચ ઉપર એક કૂદકે પહોંચી શકે, તે જાણીએ, ત્યારે ખ્યાલ આવે કે શુભની સંભાવવાનું ક્ષેત્ર કેટલું વિરાટ છે! ગર્વિષ્ઠ ઈન્દ્રભૂતિને જેમણે જોયા કે જાણ્યા છે તે તેમના માટે મહાઅહંકારી તરીકેનો કાયમી અભિપ્રાય બાંધી દે, તો કેટલો મોટો અન્યાય કરી બેસે? આપણે આવો અન્યાય કેટલાને કરતા હશું?

કોઈ વ્યક્તિને બેચાર વાર ક્રોધ કરતો જોયો એટલે ક્રોધી તરીકેની તેમના માટેની છાપ મનમાં ગોઠવી દીધી. પછી કાયમ માટે તે વ્યક્તિ સાથેનો બધો વ્યવહાર તેની તે છાપને મગજમાં રાખીને થાય. મનુભાઈના ગુનાની સજા કનુભાઈને કરવા જેવા આવા અન્યાય ચાળા આપણે ખૂબ કરતા હોઈએ છીએ. કુંડલીમાં વિપરીત સ્થાને બેઠેલા મંગળ કે શનિના ગ્રહ, જેની કુંડલી હોય તેને જ પીડા આપે. **પૂર્વગ્રહ એવો ગ્રહ છે, બેઠો હોય મારામાં અને સિદાવું તમારે પડે.** દરજી પણ જૂના માપથી કપડાં સીવતો નથી. દર વખતે નવું માપ લે છે. આપણે તો એક જ વારના લીધેલા માપથી કેટલીય વ્યક્તિઓ પ્રત્યેના અભિગમ કે વલણના ઝભ્ભા - લેંઘા સીવીને મારી-મચડીને તેમને પહેરાવી દઈએ છીએ. પતલો માણસ જાડો કે જાડો માણસ પતલો બની શકે; બાળક જુવાન અને જુવાન ઘરડો બની શકે; એક્સ-રે ઈ.સી.જી.ના રિપોર્ટમાં ફરક આવી શકે; કોઈની હાઈટ કે વેઈટમાં ફેરફાર થઈ શકે; ઊકળતું પાણી ડીપ ફ્રીઝરમાં મુકાય તો બરફ બની શકે. આ બધી સંભાવનાઓ સ્વીકારવા આપણે તૈયાર, પણ દેખાતી દુષ્ટ વ્યક્તિમાં પણ સજ્જન બનવાની પડેલી સંભાવનાને સ્વીકારવાની આપણી તૈયારી કેટલી?

'અહંકારી ઈન્દ્રભૂતિ વિનમ્ર ગૌતમસ્વામી બની શકે' તે

જાણીને જાતને એટલું જ પૂછીએ કે, 'કોણ શું ન બની શકે?' શુભની સંભાવવાનું ક્ષેત્ર કેટલું બધું વિરાટ છે! સર્વજ્ઞ અને સિદ્ધ બનવા સુધીની તમામ શુભ સંભાવનાઓને ચૈતન્યના પેટાળમાં દબાવીને પ્રત્યેક ભવ્ય જીવ બેઠેલો છે.

ગણધર ગૌતમસ્વામીનું ચરિત્ર એક મહાપ્રવચન છે, જેના વાક્યે વાક્યે જીવનનિર્માણના પદાર્થપાઠ શીખવા મળે છે.

પ્રભુને પરાસ્ત કરવા મોટે ઉપાડે ખભા ઉલાળતા ઉલાળતા ૫૦૦ ચેલાઓનું સરઘસ લઈને ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પ્રભુના સમવસરણ તરફ જઈ રહ્યા હતા, ત્યારે કોઈનેય કલ્પના આવી હશે ખરી કે આ ઈન્દ્રભૂતિના અહંકારની અંતિમ યાત્રા જઈ રહી છે? જાણે! ઈન્દ્રભૂતિની કાંધ ઉપર બેસીને અંહકાર વધસ્તંભ ભણી ન જઈ રહ્યો હોય! ગૌતમ પ્રભુએ ત્રણ મોટા હનુમાન-કૂદકા માર્યા છે; પોતાના જીવનમાં....

- **પહેલો કૂદકો અહંકારની ટોચ ઉપરથી વિનયની ટોચ સુધીનો.**
- **બીજો કૂદકો પ્રભુ પ્રત્યેના અહંકાર પ્રેરિત જાલિમ સ્પર્ધાભાવમાંથી પ્રભુ પ્રત્યેના વિનયપૂર્ણ સમર્પણ ભાવ ઉપરનો.**
- **ત્રીજો કૂદકો ઘોર વિષાદમાંથી કૈવલ્યોત્પાદક પ્રકર્ષપ્રાપ્ત વિરાગદશાનો.**

અહીં વિરાગ એટલે પ્રભુ પરના સ્નેહરાગનું ખરી પડવું. કારેલાં ન ભાવતાં હોવાને કારણે કારેલાંનું શાક ઘરમાં બને તો તે દિવસે સંઘર્ષ કરનાર વ્યક્તિ એકાએક કારેલાંનો એવો પ્રેમી બની જાય કે, ઘરમાં કારેલાંનું શાક ન બને તે દિવસે ઘરમાં સંઘર્ષ કરે, તો કેવો આશ્ચર્યજનક ફેરફાર લાગે આ!

જેમનો પરાભવ કરવા નીકળેલા તે જ પ્રભુની ચરણસેવા વગર

ગૌતમસ્વામીને ચેન નથી પડતું !

આમ તો બહુ ગંભીર ઑપરેશન હતું, અહંકારની ગાંઠ બહુ વકરેલી હતી. કૅન્સર જેવાં જાલિમ દરદોનું ઑપરેશન કરતાં કલાકો લાગતા હોય છે. અહંકાર જેવા જાલિમ ોગનું ઑપરેશન પ્રભુએ કેટલી સિફતથી અને કેટલી ઝડપથી કરી નાખ્યું !

ઑપરેશન કરતા પૂર્વે બેહોશી જરૂરી ગણાય છે. પરંતુ દૂરથી હૉસ્પિટલ કે ઑપરેશન થિયેટર જોતાની સાથે કોઈ દરદીને બેહોશી લાગી જાય તેવું ક્યાંય સાંભળ્યું છે ? પ્રભુના દિવ્ય સમવસરણની દિવ્યતા નિહાળીને જ ઇન્દ્રભૂતિ મુગ્ધ બની ગયા. પ્રભુએ ખાસ એનેસ્થેસિયા આપવો ન પડ્યો.

''પધારો, ઇન્દ્રભૂતિ ગૌતમ ! સુખરૂપ પધાર્યા ?'' પ્રભુ આમ બોલી રહ્યા છે, ત્યારે આપણા જેવાને લાગે કે હજુ તો એનેસ્થેસિયા અપાઈ રહ્યો છે... તેની અસર થશે પછી ઑપરેશન શરૂ થશે... પણ લે ! જોત જોતામાં આ તો ઑપરેશન પણ થઈ ગયું !

ઘણા ડૉક્ટર એવી કુશળતા ધરાવતા હોય છે કે ઈંજેક્શન અપાઈ જાય તેની દરદીને જરાય ખબર જ ન પડે. ઈંજેક્શન આપીને ડૉક્ટર સ્પિરિટ ઘસે ત્યારે દરદી તો કદાચ એ ખ્યાલમાં હોય છે કે ડૉક્ટર ઈંજેક્શન આપતા પૂર્વે મને સ્પિરિટનું પૂમડું ઘસી રહ્યા છે.

પ્રભુ વીર ઇન્દ્રભૂતિનું ઑપરેશન કરતા પૂર્વે તેને આપલો મધુર આવકારના પ્રસંગ પરથી એટલો પદાર્થપાઠ શીખવા જેવો છે કે, એનેસ્થેસિયા આપ્યા વગર ઑપરેશન થાય નહિ અને એનેસ્થેસિયા આપતાં બરાબર આવડે તો ગંભીર દરદનું ઑપરેશન પણ સરળતાથી પાર પડે છે. આપણે તો ગમે ત્યારે ગમે તેને આડેધડ ચીરી નાખતા હોઈએ છીએ. કોઈના દોષનું ઉદ્ધરણ કરવું તે કૅન્સરના કે બાયપાસના ઑપરેશન જેવી જ ગંભીર ક્રિયા છે, એટલે તે કરનારમાં એક નિષ્ણાત સર્જન જેવી સજ્જતા અને તેના જેવું જોખમદારીનું ભાન હોવું ઘટે.

વિદ્યાર્થી વર્ગમૂળ કાઢવાનો દાખલો ગણતો હતો. દાખલાનો જવાબ ખોટો આવતો હતો. શિક્ષકે તેને સાંત્વન આપ્યું: 'તારો દાખલો ગણવાની રીત ખોટી નથી, તું ગણતરી કરવામાં થાપ ખાઈ ગયો છે' શિક્ષક ઉપર વિદ્યાર્થીને શ્રદ્ધા અને સદ્‌ભાવ વધ્યા. તેણે બહુ સહજતાથી વર્ગમૂળ કાઢવાની પોતાની અઘરી ભુલભુલામણીવાળી રીત છોડીને શિક્ષકની સરળ રીત અપનાવી લીધી. શિક્ષકે પહેલા ધડાકે જ તેની રીતનો વાંક કાઢીને તેને ધમકાવ્યો હોત તો ?

પ્રભુએ ઇન્દ્રભૂતિને 'વેદ' છોડાવીને 'ત્રિપદી' પકડાવી... પણ વેદની પંક્તિઓને ખોટી ગણાવીને નહિ! કોઈને તેના દોષ કે ભૂલો ગણાવ્યા વગર તેને ભૂલ છોડાવવાની અને ગુણ પકડાવવાની દિવ્ય કળા આ પ્રસંગમાંથી શીખી ન લેવાય ?

સૂક્ષ્મ આંતરનિરીક્ષણ કરીએ તો કદાચ આપણને પ્રતીત થાય કે બીજાને **'સુધારવામાં'** આપણને જેટલો રસ હોય છે, તેના કરતાં તેને **'બગડેલો'** પુરવાર કરવામાં વધુ રસ હોય છે. તે સુધરી જાય તો તેને દોષિત કહેવાનો આપણો આનંદ આપણને જો લૂંટાઈ જતો લાગે તો આપણી તુચ્છતાની ઘનતાનો આંક શું હોઈ શકે ?

જે ડૉક્ટર માત્ર કૅન્સરનું નિદાન કરી જાણે, પણ તેના ઉપચાર કરતાં ન આવડે તો તે ડૉક્ટર દરદીની યાતના અનેકગણી વધારી મૂકે છે. કુશળ ડૉક્ટર કૅન્સરનું નિદાન કરે, ઉપચાર કરે. પણ 'તેને કૅન્સર છે' તેવું દરદીને કળાવા ન દે. ઉપચાર દ્વારા દરદીનું કૅન્સર સંપૂર્ણ મટાડી દે અને ત્યારેય ઘણી વાર દરદીને ખબર નથી હોતી કે મને જે મટી ગઈ તે બીમારી કૅન્સરની હતી. આ કુશળતા ખાસ કેળવવા જેવી છે. જે પ્રભુ વીરે ઇન્દ્રભૂતિ ઉપર અજમાવી.

✦ ✦ ✦

ક્રોધ અજીરણ તપતણું, જ્ઞાનતણું અહંકાર હો,
પરનિંદા કિરિયા તણું, વમન અજીર્ણ આહાર....

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.
અઢાર પાપસ્થાનકની સજ્ઝાય. ઢાળ-૧૬

## હે ગૌતમસ્વામી!

સાધનામાર્ગનો મોટો અવરોધ
'હું' છે
તે 'હું'ને ખૂબ સહજતાથી
આપે ખસેડી દીધો.
હું તો કયારનોય કેટલાય ધક્કા મારું છું.
તોય તે ટસનો મસ નથી થતો.
અને
મારા સાધનાપંથનો અવરોધ તો તે છે જ,
મારા સમાધિપંથમાં પણ તે
મોટો અવરોધ બનીને ઊભો છે.
માત્ર મારા 'હું'ને કારણે
હું કેટલીય વાર
દુર્ધ્યાનના કાદવમાં ખૂંપી જાઉં છું.
પ્રભુ, મારા 'હું'ને હટાવી દ્યો ને!

# ❑ સદ્‌ગુણોનું સંગ્રહાલય

અંહકારથી ઊછળતા ઈન્દ્રભૂતિનું વર્ણન વાંચતી કે વિચારતી વખતે પણ મારું મસ્તક અનાયાસે અહંકારી બ્રાહ્મણ સ્વરૂપે રહેલા ઈન્દ્રભૂતિના ચરણોમાં અહોભાવથી ઝૂકી પડે છે. કારણ કે તે, મારા પ્યારા પ્રભુ ગૌતમનો દ્રવ્યનિક્ષેપ ખરો ને! દ્રવ્યનિક્ષેપના એ ગૌતમ પ્રભુને નમસ્કાર કરતા પણ ગાત્રો રોમાંચિત થઈ જાય છે. વેષ ત્રિદંડીનો હતો, પણ આત્મા પ્રભુ વીરનો હતો.... તો ભરત મહારાજાએ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભાવવિભોર બનીને વંદન કર્યાં જ હતાં ને!

હમણાં હમણાં કેટલીક વ્યક્તિઓ સાથે ગુરુ ગૌતમ વિષે વાતો થઈ. દિલચસ્પ કૉમેન્ટ્સ તેમની પાસેથી મને પણ જાણવા મળી.

આજે જ એક ભાઈ મળ્યા. તેમણે મને હિંમતથી કહ્યું, કોઈ મને પૂછે કે તમારી સામે બે વિકલ્પ હોય, તો તમે શું બનવાનું પસંદ કરો? મહાવીર કે ગૌતમ! તો હું એક ક્ષણનોય વિલંબ કર્યા વિના જણાવી દઉં: હું ગૌતમ બનવાનું જ પસંદ કરું, તેમણે કહ્યું : કારણ બહુ સ્પષ્ટ છે, કરોડપતિ બનવા કરતાં કરોડપતિના દીકરા બનવામાં લાભ ઘણો છે. ઘણી મહેનતે અને જહેમતે બાપ કરોડપતિ બને.... અને દીકરાને તો

તૈયાર વારસો મળી જાય. કરોડપતિ બનવા પ્રતીક્ષા અને પ્રક્રિયા ઘણી જોઈએ. કરોડપતિના પુત્રને તો આવું કાંઈ કર્યા વિના માત્ર પ્રાપ્તિ જ કરવાની ને! કરોડપતિ બનવામાં જોખમો ખેડવાં પડે. સાહસિકતા કેળવવી પડે અને સાવધાનીય ઘણી રાખવી પડે. દીકરો તો વગર મહેનતે અને વગર જોખમે માલામાલ થઈ જાય. સાડા બાર વરસ પ્રભુએ કેવો વણજ ખેડવો પડ્યો, ત્યારે અધ્યાત્મના શ્રીમંત બન્યા અને ચાલાક ગૌતમસ્વામી સમર્પિત શિષ્ય બનીને આ અનંત દાયજાના અધિકૃત વારસદાર બની ગયા!

બીજા એક ભાઈએ મજાની વાત કરી. તેમણે કહ્યું : પ્રભુ વીર તીર્થંકર હતા, શાસનપતિ હતા, ગૌતમસ્વામીના ગુરુદેવ હતા. પણ, એક બાબતમાં ગૌતમસ્વામી પ્રભુ વીર કરતાં ચડિયાતા હતા. તેમને વિનયનું જે પાત્ર મળ્યું હતું, તેવું પ્રભુ વીરને ક્યાં મળ્યું હતું? તે તો સ્વયંસંબુદ્ધ હતા.

શાસ્ત્રોમાં તીર્થ શબ્દના ચાર અર્થ બતાવ્યા છે:

- **તીર્થ એટલે તીર્થસ્થાપક તીર્થંકર દેવ...**
- **તીર્થ એટલે પ્રથમ ગણધર...**
- **તીર્થ એટલે ચતુર્વિધ સંઘ....**
- **તીર્થ એટલે દ્વાદશાંગી.**

ગૌતમ પ્રભુ પ્રથમ ગણધર હતા, ચતુર્વિધ સંઘના નાયક હતા અને દ્વાદશાંગીના રચયિતા હતા. ચારમાંથી ત્રણ અર્થ તો ડાઈરેક્ટ તેમને લાગુ પડતા હતા. પ્રભુ સમવસરણમાં બિરાજમાન થતી વખતે 'નમો તિત્થસ્સ' બોલતા હશે, ત્યારે ગૌતમસ્વામી તીર્થ શબ્દનું અર્થાનુસંધાન કયા અર્થ સાથે કરતા હશે? પ્રભુ ગૌતમ 'તીર્થ' શબ્દના પ્રથમ અર્થની નમસ્ક્રિયામાં તરબોળ હતા, તો ચતુર્વિધસંઘ અને દ્વાદશાંગી પ્રત્યે પણ તેમનો વિનય અપાર હતો.

કટુ કર્મના વિપાક કેવા હોય, તે પ્રત્યક્ષ નિહાળવા પ્રભુ વીરના વચનથી ગૌતમસ્વામી મૃગાપુત્ર લોઢિયાને જોવા માટે તેના ઘરે ગયા. રસી ઝરતા વિકૃત, બીભત્સ અને દુર્ગંધી આ બાળકને, જન્મ્યો ત્યારથી તેનાં માતાપિતાએ ભોંયરામાં જ રાખ્યો હતો. આશ્ચર્ય વ્યક્ત કરતાં તેની માતા મૃગાવતીએ પ્રભુ ગૌતમને પૂછ્યું : ''ભોંયરામાં સંતાડી રાખેલા આ બાળકની માહિતી તમને મળી કેવી રીતે? અતીન્દ્રિય જ્ઞાનના પ્રભાવે જ આપે જાણ્યું હશે! આપ કેવા મહાજ્ઞાની!'' હક્કથી મળતા યશના ફૂલહારથી પણ હંમેશા જે ભાગતા ફર્યા છે, તે પ્રભુ ગૌતમ આ મફતિયો જશ શાના સ્વીકારે? તરત ખુલાસો કર્યો ''ના રે મેં મારા જ્ઞાનથી આ નથી જાણ્યું, પ્રભુ મહાવીરે મને આ જણાવ્યું છે.'

આવો મફતિયો જશ કોઈ પધરાવતુ હોય, ત્યારે સંમતિદર્શક હકાર ભણીને સ્વીકૃતિના સહીસિક્કા કરવા જેટલી અપ્રામાણિકતા તો કદાચ આપણે ન આચરીએ, પણ આવા અવસરે ખુલાસો કરીને જશને જાકારો આપવા જેટલી પ્રામાણિકતા પણ કદાચ આપણે ન આચરી શકીએ.

પોતાના હક્કનો જશનો ટોપલો પણ પ્રભુના ચરણે ધરી દેનારા ગૌતમસ્વામી, પ્રભુનો જશ ચોરી લે ખરા?

હે ગૌતમ પ્રભુ! કર્મપરિણતિની વિષમતાનું એક વિરલ સૅમ્પલ જોવા આપ મૃગાવતીની હવેલીના ભોંયરામાં ગયાં. હું પણ શું કર્મ-પરિણતિની વિષમતાની એક અનોખી આઈટમ જેવો નથી? તેની ઈન્દ્રિયો પુરાયેલી હતી, તો મારાં પણ ચક્ષુ (અંતર્ચક્ષુ) બિડાઈ ગયેલાં છે, પ્રજ્ઞાપનીયતાના કાન બંધ છે અને રાગદ્વેષની કેટલી રસી ઝરી રહી છે? અત્યંત જુગુપ્સુનીય મારી આ સ્થિતિમાં કર્મપરિણતિના પ્રદર્શનની દેખવા લાયક એક અજાયબીનાં આપને દર્શન નથી થતાં? અજ્ઞાનદશાના ભોંયરામાં પુરાયેલા અને વિભાવદશાની દુર્ગંધથી

ગંધાતા આ લોઢિયાને જોવા પણ આવો ને ? અને મૃગાપુત્ર લોઢિયાના કર્મવિપાકનાં રહસ્યોને જાણવાની કે તેની ભવપરંપરા અને મોક્ષ સુધીની ગતિ જાણવાની આપને જિજ્ઞાસા થઈ, તેવી જિજ્ઞાસા પણ મારા માટે, પ્રભુ !સેવો ને !

આમ તો સહજ કલ્પના થાય કે મૃગાપુત્ર લોઢિયામાં કર્મ પરિણામની વિચિત્રતાનું દર્શન કરાવીને પ્રભુ વીર, સજાગ ગૌતમસ્વામીને વધુ સજાગ કરવા ઈચ્છતા હશે. પણ સાથે સાથે અસાધારણ કક્ષાના પુણ્યપુરુષ પ્રભુ ગૌતમનો દૃષ્ટિપાત થતા મૃગાપુત્ર લોઢિયાની કર્મસ્થિતિનું જોર કેટલું નબળું પડી ગયું હશે ? જોતાંની સાથે જુગુપ્સા થાય કે ભૂલેચૂકે નજર પડી જાય તો આંખ અને નાક બંધ કરી દેવાનું મન થાય અને એટલે જ જેને ભોંયરામાં મૂકી રાખેલા તેવા લોઢિયાને નિહાળવા પ્રભુ ગૌતમ સામેથી ગયા અને તેને જોઈને તેમને જુગુપ્સા થઈ ખરી, પણ... કર્મ પરિણતિ ઉપર !

ગૌતમસ્વામી પ્રત્યે હંમેશનો મારે ઉપાલંભ રહ્યો છે : 'હે ગૌતમ પ્રભુ ! તમે પ્રભુ વીરના અનુવર્તક હતા... પણ અનુયાયી ન બન્યા ! પોતાના પરનો રાગ છોડાવવા પ્રભુ વીર સતત '**समयं गोयम ! मा पमायए ।**' ની ટકોર કરતા રહ્યાં. જાલિમ રાગના કીચડમાં ખૂપેલા આપના આ શિશુને તેમાંથી બહાર કાઢવા આપ કેમ કોઈ ટકોર કરતા નથી ? આપના પ્રેમનું પાત્ર પ્રભુ હતા, પણ મારી રાગધારા તો પુદ્‌ગલજગત પર વહી રહી છે. ત્યારે આપ કર્તવ્યચ્યુત કેમ થઈ રહ્યા છો ?

બેસતા વર્ષના માંગલિકમાં પ્રભુ ગૌતમના નામનો મહિમા સમજાવીને ગૌતમસ્વામીના નામમંત્રનો જાપ કરવા પ્રેરણા કરેલી. માગંલિક પૂર્ણ થયા બાદ એક પરિવાર નવી ખરીદેલી ગાડીમાં બેસી તલાસરી યાત્રા કરવા ગયો. તલાસરી પાસે જ ગાડી ખોટવાઈને ઊભી

રહી ગઈ. ગાડીના મિકૅનિઝમનું જરા પણ જ્ઞાન નહિ. ગાડી રિપેર કરવાનું કોઈ ઓજાર પણ તેમની પાસે નહીં. ગૌતમ પ્રભુના નામમંત્રનું ઓજાર ઑપરેટ કર્યું. બધા ગૌતમસ્વામીના નામનો જાપ કરવા લાગ્યા. બૉનેટ ખોલ્યું. અને ગૌતમનું નામ બોલતાં બોલતાં એક વાયરને હાથ લગાડ્યો વાયર સહેજ છૂટા પડેલો લાગ્યો. તેને મશીનમાં ક્યાંક ઠીક લાગ્યું ત્યાં ખોસી દીધો. ગાડી તરત ચાલુ થઈ ગઈ. ગૌતમસ્વામીની નામ પ્રત્યેની તેમની શ્રદ્ધા અનેકગણી વધી ગઈ. સાધનાની ગાડી ઘણી વાર ખોટવાઈ જતી હોય છે. ક્યારેક દુર્ધ્યાન મન ઉપર સવાર થઈ જાય. ક્યારેક સત્ત્વ માંદું પડે ... ત્યારે પ્રભુ ગૌતમનું નામ લઈને, વાયર ભરાવવા જેટલો મનને સાધનામાં જોડવાનો સહેજ પ્રયાસ કરીએ તો સાધનાની ગાડી સડસડાટ પાછી દોડતી થઈ જાય !

**मिष्टान्नपानाम्बरपूर्णकामा** । એ ગૌતમસ્વામીનો પ્રભાવક પરિચય છે. મિષ્ટ અન્નપાન કે વસ્ત્રાદિની કામના ગૌતમસ્વામીના નામથી પૂરી થઈ જાય તે તો એક સંકેતમાત્ર છે અને ભજનના રસિયાને ભોજન અનુકૂળ મળે કે પ્રતિકૂળ તેની ખેવના પણ ક્યાં હોય ? શ્રમણને તો કામના હોય છે.... આધ્યાત્મિક ઉપલબ્ધિઓની .... સ્વાધ્યાય અને સાધના સાધકનું મિષ્ટાન્ન છે. .... સમતારસ તે તેનું મિષ્ટપાન છે. ... ગુરુકૃપા અને પ્રભુકૃપાનું કવચ એ તેનાં વાંછિત વસ્ત્રો છે. અને પૂર્ણકામા શબ્દનું સ્વતંત્ર અર્થઘટન કરીએ તો જણાય કે પ્રભુ ગૌતમના નામનો સાધક સર્વ કામનાઓથી પર બની જાય છે, ધરાઈ જાય છે અને સર્વથા કામનારહિત બનવા રૂપે તે 'પૂર્ણકામા' બની જાય છે.

માણસ ગમે તેટલો સ્વમાની કે અહંકારી હોય, તેનો સ્વમાનભંગ કે ગર્વખંડન થવાના પ્રસંગો બનતા જ હોય છે. અભિમાન તો રાજા રાવણનુંય ટક્યું નથી. ગર્વિષ્ઠનાં પણ ગર્વખંડન કે અભિમાનીઓની પણ માનહાનિ થતી દરેકે જોઈ હશે પણ ગર્વનું

ગર્વખંડન અને અભિમાનની માનહાનિ ગૌતમસ્વામી જેવા સિવાય કોઈ કરી શકે? અભિમાનની છાવણીનો સેનાપતિ ત્યાંથી ભાગી છૂટીને નમ્રતાની છાવણીનો સેનાપતિ બની ગયો. અભિમાનનેય જબરો દગાબાજ ભેટી ગયો! અંહકાર સામે થયેલો આ એક મોટો માયા પ્રયોગ! માનની માનહાનિ અને માન સામે માયા પ્રયોગ કરનાર ગૌતમસ્વામીએ માન ઉપર ક્રોધ પણ કેવો કર્યો ? અભિમાન પર ક્રોધે ભરાઈને ગુરુ - સમર્પણની ખાંડણીમાં કેવો તેને ખાંડી નાંખ્યો ! ૫૦૦ ચેલાના ગુરુપદ કરતાં અનેકગણું વજનદાર પ્રભુ વીરના શિષ્યનું સ્ટેટસ મેળવીને પ્રભુ ગૌતમે વાસ્તવમાં તો પોતાની ગૌરવવૃદ્ધિ જ કરી! જાણે અભિમાનના લોભમાં ચડ્યા!

કોઈ આપણને પૂછે કે પ્રસિદ્ધ ઇતિહાસમાં પંકાયેલા અત્યંત અહંકારી એવાં પાંચ ઐતિહાસિક પાત્રોનાં નામ આપો. આપણે તરત પહેલા કે બીજા ક્રમે ઇન્દ્રભૂતિનું નામ આપી દઈએ અને તરત બીજો પ્રશ્ન આપણી સામે આવે કે પ્રસિદ્ધ ઇતિહાસમાં પંકાયેલા બે-ચાર વિનયવંત વ્યક્તિઓનાં નામ આપો, તો આપણે સૌથી પહેલું કોનું નામ આપીએ? ગૌતમસ્વામીનું - ઇન્દ્રભૂતિ ગૌતમનું ચરિત્ર જાણ્યા પછી.... જેને આપણે અહંકારની ટોચ સમજીએ છીએ, તે કદાચ વિનયની તળેટી પણ હોઈ શકે.... તેવું સ્વીકારવાની સજ્જનતા આપણામાં ક્યારે પ્રગટશે ?

ભરહેસરની સજ્ઝાયમાં વંકચૂલ, ચિલાતીપુત્ર, પ્રભવ કે દૃઢપ્રહારીનાં રોજ નામોત્કીર્તન કરવા છતાં પલ્લીપતિ, ડાકુ, ચોર કે હત્યારામાં **'મહાનુભાવ'** બનવાની પડેલી વિરાટ સંભાવનાને સ્વીકારવાનું ઔદાર્ય પણ જો આપણે કેળવી ન શકીએ તો આ સજ્ઝાયનો પાઠ આપણો થોડો કાચો ન કહેવાય?

**પ્રભુ ગૌતમ પાસેથી સમજવા જેવું ઘણું છે. પરંતુ પ્રભુ**

**ગૌતમને સમજવા અતિ દુષ્કર છે.**

પ્રભુ ગૌતમને ઓળખવાનો - સમજવાનો જેમ જેમ પ્રયાસ કરતો જાઉં છું, તેમ તેમ પ્રભુ ગૌતમ વધુ ને વધુ અકળ બનતા જતા હોય તેવું લાગે છે. આધ્યાત્મિક ભૂકંપ થયો અને અક્કડ ઇન્દ્રભૂતિનું અકળ ગૌતમસ્વામીમાં રૂપાંતર થયું. ગૌતમસ્વામીનું જીવન એક એવું કલણ છે, તમે તેમાં પડો એટલે વધુ ને વધુ એમાં ખૂંચતા જાઓ અને ખેંચાતા જાઓ. આવા વમળમાં ફસાવાનું થાય, ત્યારે એક તો અંદરથી કોઈ ખેંચતું હોય અને બીજી બાજુ તે ખેંચાવાનું ગમવાને કારણે બહાર નીકળવાનો આપણો પ્રયાસ કોઈ થાય નહીં. બસ, પછી મજા જ મજા !

**પ્રભુ ગૌતમ એક આધ્યાત્મિક ક્રાન્તિવીર છે, જેમણે અહંના શિખરને વિનયની તળેટી બનાવી દીધી; કાજળઘેરી અમાવસ્યાને જેમણે પૂર્ણિમાદીક્ષા આપી; નત રહીને ઉન્નત બન્યા; શૂન્ય બનીને પૂર્ણ બન્યા; ઝઝૂમ્યા વગર મોહને ઝુકાવ્યો.**

પ્રભુ ગૌતમનું જીવન એક વિસ્મયકારક વિસ્મયવાટિકા છે, જ્યાં ડગલે ડગલે 'વિસ્મય'નાં કુસુમ મહેકી રહ્યાં છે. પ્રભુ ગૌતમનું જીવન સદ્‌ગુણોનું એવું સંગ્રહાલય છે, જ્યાં પ્રત્યેક સદ્‌ગુણ એક એન્ટિક પીસ બનીને શોભી રહ્યો છે ! પ્રભુ ગૌતમ એવી આઈસબર્ગ પર્સનાલિટી છે કે તમે તેમનો જેટલો તાગ પામતા જાઓ એટલા તે તમને વધુ ને વધુ રહસ્યમય જણાવા લાગે !

પ્રભુ મહાવીરને તેમણે એવા પ્રીતિપાત્ર બનાવ્યા કે તે સહુના અત્યંત પ્રીતિપાત્ર બની ગયા ! પ્રભુ ગૌતમને ગોતવા તમે તેમના જીવનઉદ્યાનમાં પ્રવેશ કરો એટલે ડગલે ને પગલે વિરાટ વિસ્મય સાથે તમે અથડાઈ પડો.

✦ ✦ ✦

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ
અહંજ્ઞાન નિજ ગુણ લગે, છૂટે પરહિ સંબંધ

-મહોપાધ્યાય શ્રી યશોવિજય મ.સા.
સમાધિ શતક

## હે ગૌતમસ્વામી!

આપના નામસ્મરણ માત્રથી
અભિલષિત કામનાઓ પરિપૂર્ણ થાય
તે આપના નામનો અચિન્ત્ય મહિમા છે.
પણ,
આજે તો એવો મહિમા
મારા પર અજમાવો કે,
હું આપનું નામ રટું
અને, મારી સર્વ અભિલાષાઓ અને કામનાઓ
સૂકાં પાંદડાંની જેમ ખરી પડે !

# ❑ ગૌતમસ્વામીની લબ્ધિ હોજો

વેપારીઓ ચોપડામાં લખે છે : 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' ગોશાળાની લબ્ધિ યાચવા જેવી નહિ, ગૌતમસ્વામીની લબ્ધિ જ યાચવા જેવી. તેનું કારણ શું? ગોશાળા પાસે લબ્ધિ ઓછી હતી અને ગૌતમસ્વામીજી પાસે લબ્ધિઓ અનંત હતી... શું એટલે ગૌતમસ્વામીની લબ્ધિઓ આપણે યાચીએ છીએ ? આ કારણમાં વજૂદ એટલા માટે નથી કે, મંત્ર-વિદ્યા-લબ્ધિઓની સૃષ્ટિમાં આપનાર પાસે હોય એટલું જ અથવા તેનાથી ઓછું જ તેના યાચક કે સાધકને મળે તેવો કાયદો નથી. આપનાર પાસે હોય કમ તેના કરતાં અનેકગણું પણ માંગનારને મળી શકે. ગૌતમસ્વામીની પાસે કેવલજ્ઞાન નહોતું, છતાં તેમની ચરણોપાસના કરનારને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતી જ હતી ને ? ગોશાળા પાસે લબ્ધિ ઓછી હતી, તેથી તેની આરાધનાથી લબ્ધિ ઓછી મળે, એ કાંઈ ગોશાળાની લબ્ધિ નહીં માગવા પાછળનું સાચું કારણ નથી.

ગૌતમની લબ્ધિ યાચવા પાછળનાં સાચાં કારણો જુદાં જ છે. ગોશાળાએ લબ્ધિ પામવા ઉગ્ર સાધના કરી હતી અને ગૌતમ પ્રભુની બાબતમાં તો લબ્ધિઓ સામેથી આવીને તેમના ચરણોમાં ભરાણી હતી. લબ્ધિએ ગોશાળાનું વશીકરણ કર્યું હતું, પણ ગૌતમ દ્વારા તે સ્વયં વશીભૂત થઈ હતી. ગોશાળો લબ્ધિઓનો દાસ હતો, લબ્ધિઓ

ગૌતમપ્રભુની ચરણદાસી હતી.

ગૌતમસ્વામીની લબ્ધિઓ મોહનીય કર્મના તીવ્ર ક્ષયોપશમની નીપજ હતી. ગોશાળાની લબ્ધિને સાહચર્ય મોહનીય કર્મના ઉદયનું હતું. ગૌતમની લબ્ધિ વિનયના ગર્ભમાંથી પેદા થઈ હતી, જ્યારે ગોશાળાની લબ્ધિ અહંકારના ગર્ભમાંથી ઉત્પન્ન થઈ હતી. કૌતુકાદિ તુચ્છ વૃત્તિઓના ગર્ભમાંથી નીપજેલી હતી.

ગૌતમસ્વામી પરમ સુયોગ્ય હતા. ગોશાળો કુપાત્ર હતો. ગૌતમસ્વામીની લબ્ધિ યાચવા પાછળ એવો સંકેત રહેલો છે, **'મને જે કાંઈ મળો તે પાત્રતાથી સમન્વિત મળો. પહેલા પાત્રતા મળો પછી જ પ્રાપ્તિ થાઓ.'** ભૌતિક જગતમાં અને આધ્યાત્મિક જગતમાં પ્રાપ્તિનો જેટલો મહિમા છે, તેના કરતાં અનેકગણો પાત્રતાનો મહિમા છે. પર્ષદામાં ગણધરપદને પાત્ર જીવો નહોતા, તો પ્રભુએ કેવલજ્ઞાન અને જિનનામકર્મનો વિપાકોદય થવા છતાં શાસનસ્થાપના એક દિવસ લંબાવી દીધી. સ્થૂલભદ્રસ્વામી પાત્રતામાં ઊણા ઊતરતા લાગ્યા તો ભદ્રબાહુસ્વામીએ ચાર પૂર્વના વિચ્છેદ પર પસંદગી ઉતારી. પરંતુ સ્થૂલભદ્રસ્વામીને છેલ્લા ચાર પૂર્વનો અર્થ ન આપ્યો. **મંત્ર, વિદ્યા, શ્રુત, લબ્ધિ, સત્તા કે કોઈ પણ પ્રકારની શક્તિ અપાત્રના હાથમાં આવે છે, ત્યારે વિનિપાત સર્જાય છે. ગૌતમસ્વામીની લબ્ધિ હોજો એ માંગણી એટલે પાત્રતાથી સમન્વિત શક્તિની યાચના છે અને તેમાંય શક્તિ ગૌણ છે, પાત્રતા મુખ્ય છે.**

ગૌતમસ્વામીને લબ્ધિઓ હતી પણ સ્પૃહા ખરી પડેલી હતી. ગોશાળાની લબ્ધિ સ્પૃહાથી કલંકિત હતી. 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એ નિઃસ્પૃહતાથી અલંકૃત લબ્ધિ યાચના છે. અને જો નિઃસ્પૃહતા મળી જાય તો લબ્ધિની યાચના તદ્દન ગૌણ બની જાય છે. લબ્ધિઓ કે શક્તિઓ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી ઉત્તમ ઉપલબ્ધિ હોય તોપણ, તે જ્યારે

સ્પૃહાથી ખરડાય છે, ત્યારે તેમાં રહેલી ઉત્તમતાનું બાષ્પીભવન થાય છે.

ગૌતમસ્વામીની લબ્ધિ યાચવા પાછળનું બીજું એક મહત્ત્વનું કારણ એ છે કે તેમની લબ્ધિ ઠારનારી હતી, ગોશાંળાની લબ્ધિ બાળનારી હતી. ગૌતમસ્વામીની પાસે હતી તે અક્ષીણ મહાનસ લબ્ધિ, અક્ષીણ મહાલય લબ્ધિ વગેરે લબ્ધિઓનાં નામ અને વર્ણન તમે વાંચ્યાં જ હશે. થૂંક, મૂત્ર કે વિષ્ટાથી રોગ મટાડવાની લબ્ધિ હોય કે ભોજનના ભાજનને અક્ષય બનાવનારી લબ્ધિ હો... સંતાપ કે ઉકળાટનું શમન કરનારી આ લબ્ધિઓ છે. નાનકડા મકાનમાં પણ જેટલા આવે તેટલા બધા સમાઈ જાય તે મહિમા અક્ષીણ મહાલય લબ્ધિનો છે. કોઈ મકાન કે મહેલમાં પ્રયોજિત કરી શકાય તેવી આ લબ્ધિ તો આપણી પાસે નથી. પરંતુ વિશ્વના સર્વ જીવો પ્રવેશ પામી શકે તેવો લબ્ધિપ્રયોગ આપણા દિલ પર આપણે ન કરી શકીએ? ગૌતમસ્વામીની બધી લબ્ધિઓ બીજાને સુખશાતા આપનારી છે. અને ગોશાળાની લબ્ધિ બાળનારી છે. પુણ્યયોગે શ્રીમંતાઈ વગેરે જે કાંઈ શક્તિઓ સંપન્ન થાય તે બધાને સુખશાતાદાયક બની રહેવી જોઈએ, તે ગૌતમની લબ્ધિ યાચવા પાછળનું રહસ્ય છે. રિદ્ધિ તો મમ્મણ પાસે ક્યાં ઓછી હતી? છતાં યાચના શાલિભદ્રની રિદ્ધિની થાય છે અને ગોશાળાને બદલે ગૌતમની લબ્ધિની યાચના થાય છે. તેનાથી સૂચિત થાય છે કે ગુણસમન્વિત શક્તિનું જ મૂલ્ય છે. નિર્લેપતા અને નિઃસ્પૃહતાથી જ શક્તિ પ્રશંસાપાત્ર બને છે.

✦ ✦ ✦

પર્વત ગર્વ શિખરે ચડ્યો, ગુરુકું ભી લઘુ રૂપ
કહુ તિહાં અચરજ કિશ્યો ? કથન જ્ઞાન - અનુરૂપ... ૧
આઠ શિખર ગિરિરાજ કે, ઠામેં વિમલાલોક
તો પ્રકાશ સુખ કયું લહે ? વિષમ-માન-વશલોક... ૨
માન મહીધર છેદ તું, કર મૃદુતા-પવિ-ઘાત
જયું સુખ મારગ સરલતા, હોવે ચિત્ત વિખ્યાત... ૩
મૃદુતા કોમલ કમલ થેં, વજ્ર-સાર અહંકાર
છેદત હે ઈક પલકમેં, અચરિજ એહ અપાર... ૪

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.
સમતા શતક

## હે ગૌતમસ્વામી!

ગ્રેનાઈટની તકતી ઉપર
લાકડાના પાટિયા ઉપર
કે કાગળના પાના ઉપર
અમારું નામ ચડે
તે માટે અમે હવાતિયાં મારીએ છીએ.
અને, આપે તો
નામ-વાસનાને સર્વથા પરઠવી દીધી
તેથી
પ્રભુના હૈયે અને હોઠે આપનું નામ ચડી ગયું
સ્વામી!
આપના નામની રટણા
અમારી નામ-વાસનાને
ઓગાળનારી નીવડો.

# ❒ अखिलं भव्यम् ।।

આપણે અંજાઈ જઈએ છીએ, ગૌતમની ભૌતિક લબ્ધિઓનાં ઝળાંહળાંથી. સૂર્યનાં કિરણોનું આલંબન લઈને ગૌતમસ્વામી સડસડાટ અષ્ટાપદ પર્વત પર ચડી ગયા. તે લબ્ધિપ્રયોગ ઉપર આપણે ઓવારી જઈએ છીએ. સૂર્યનાં કિરણો પકડીને અષ્ટાપદ ગિરિ ચડ્યા, તેના કરતાં મોટી અજાયબી પ્રભુ ગૌતમની એ છે કે તે અહંકારનું દોરડું પકડીને પ્રભુના ચરણોમાં પહોંચ્યા ! સૂર્યકિરણો પકડીને ચડ્યા તો અષ્ટાપદ ઉપર સ્થાપના - નિક્ષેપાના પ્રભુ મળ્યા અને અહંકારના દોરડેથી ચડયા ત્યારે ભાવ-નિક્ષેપાના પ્રભુ મળ્યા !

પ્રાચીન વાર્તાઓમાં ક્યાંક ક્યાંક એવો ઉલ્લેખ વાંચવા મળે છે કે, ભીંત પર લટકતા સાપને પકડીને કોઈ મેડી ઉપર ચડી ગયું. ઈન્દ્રભૂતિ બ્રાહ્મણે આવી જ કમાલ કરી. અહંકારના અજગરની પૂંછડી પકડીને તે પ્રભુની મેડીએ પહોંચી ગયા !!

ગૌતમ પ્રભુના જીવન વિષે વિચારું છું ત્યારે મને પેલી પંક્તિનું સ્મરણ થઈ આવે છે : **मधुराधिपतेरखिलं मधुरम्।** શ્રીકૃષ્ણના હોઠ મધુર, આંખ મધુર, મુખ મધુર, વાણી મધુર, કંઠ મધુર, ચાલ મધુર, બધું જ મધુર, પ્રભુ ગૌતમનું બધું જ ભવ્ય ! તેમનો વિનય પણ ભવ્ય, અહંકાર

પણ ભવ્ય. તેમનો વૈરાગ્ય પણ ભવ્ય, રાગ પણ ભવ્ય. તેમનો આનંદ પણ ભવ્ય અને વિષાદ પણ ભવ્ય !

મંદિર પવિત્ર છે. મંદિરનું બધું જ પવિત્ર છે. મંદિરમાં મૂર્તિ અને પૂજાના થાળ પવિત્ર છે, તો મૂર્તિના અંગ ઉપરથી ઊતરેલું નિર્માલ્ય પણ પવિત્ર છે.... જેને અહોભાવથી તમે આંખે અડાડો છો અને પવિત્રતાનો પાવન સ્પર્શ અનુભવો છો. મંદિરના ઘંટ અને આરતી પવિત્ર છે, તો મંદિરમાંથી નીકળતો કાજો પણ પવિત્ર છે... જેને અહોભાવથી મસ્તકે મૂકતાં ભૌતિક અને આધ્યાત્મિક દળદર ફેડાઈ જાય છે. તેમ પ્રભુ ગૌતમ ભવ્ય છે અને તેમનું બધું જ ભવ્ય છે. પ્રભુ ગૌતમ નામના મંદિરમાંથી નીકળેલા નિર્માલ્યતુલ્ય અહંકાર કે રાગ અને વિષાદ જેવા કચરાને પણ ભવ્યતાની દીક્ષા મળી !

ક્રોધી ચંડકૌશિક ક્રોધથી ધમધમાટ કરતો પ્રભુ પાસે ગયો અને તેના પર પ્રભુની કરુણા ઊતરી અને તે ક્ષમાશીલ બન્યો. અભિમાની ઈન્દ્રભૂતિ અહંકારથી ધમધમાટ કરતા પ્રભુ પાસે ગયા અને તે વિનયમૂર્તિ બની ગયા. પ્રભુએ તેમના પર અનરાધાર કરુણાવૃષ્ટિ કરી. પ્રભુને ઉપાલંભ આપવાનું મન થાય : 'પ્રભુ ! અમે આપની અર્ચના કરીએ છીએ અને આપની સામે ધમધમાટ નથી કરતા એ જ અમારો ગુનો ને ? ધમધમાટ કરનાર પર આપ વરસી પડ્યા અને અર્ચના કરનારની સામુંય જોતા નથી. આમ કેમ ?' પ્રભુ આ પ્રશ્નનો ખૂબ સુંદર પ્રત્યુત્તર વાળે છે: 'કોઈ ધમધમાટ કરે તો તે ધમધમાટને ઓગાળી નાંખવો તે મારે મન રમત વાત છે. હું પ્રસન્ન થાઉં છું - અભિમુખતાથી. ઈન્દ્રભૂતિ મારી અભિમુખ આવ્યા અને ચંડકૌશિક પણ દોડતો દોડતો મારી અભિમુખ આવ્યો.... અને તેથી જ મારી કરુણા તેમના દ્વારા ઝિલાઈ.

જે પ્રભુની અભિમુખ બને છે તેના પર પ્રભુ રીઝે છે. આપણે પ્રભુની અર્ચના ઘણી કરીએ છીએ, પણ પ્રશ્ન એ છે કે પ્રભુ પ્રત્યેની

અભિમુખતા કેટલી ? પ્રભુની પાસે બેસીને મુખ સંસાર તરફ રાખીએ તો અભિમુખતા સંસાર તરફની થઈ, પ્રભુ તરફની ક્યાં રહી ?

અને આપણે તો થોડા જ અભિમુખ થવાનું છે, આપણા અને પ્રભુ વચ્ચેનું અંતર નિવારવાની પ્રભુને એટલી બધી તલપ છે કે '૯૯' ડગલાં પ્રભુ ચાલીને સામે આવે છે. આપણે તો પ્રભુને લેવા માત્ર એક જ ડગલું સામે જવાનું છે.

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણને મળવા પ્રભુએ ઋજુવાલુકાથી અપાપાપુરી સુધીનો લાંબો પંથ કાપ્યો. ઈન્દ્રભૂતિ માત્ર યજ્ઞના વાડાથી સમવસરણ સુધી સામે ગયા અને તેમનો નિસ્તાર થઈ ગયો !

છેક દૂરથી લાંબો પંથ કાપીને પ્રભુ કનકખલ ઉદ્યાન સુધી પધાર્યા. ચંડકૌશિકે પોતાના રાફડાથી પ્રભુના ચરણો સુધીની સાવ નાનકડી મજલ કાપી અને તેનો બેડો પાર થઈ ગયો !

પ્રભુ ક્યારનાય નજીક આવીને આપણી વાટ જુએ છે. આપણે માત્ર થોડાક અભિમુખ થવાની જરૂર છે. પ્રભુ તો અનરાધાર વરસીને ક્યારનાય આપણું ભાજન ભરી દેવા આતુર છે. આપણે તો માત્ર ભાજન સવળું કરવા જેટલી તસ્દી લેવાની છે ! જિનાલયમાંથી નીકળતી વખતે પાછા પગલે નીકળવાનો વિધિ છે. પ્રભુને પૂંઠ ન થાય તે વિવેક તો ખરો જ. ઉપરાંત પ્રભુની પાસેથી નીકળ્યા પછી પણ પ્રભુની અભિમુખતા તૂટવી ન જોઈએ, તે પણ અહીં સૂચિત થાય છે.

ગૌતમસ્વામીના જીવનમાં ત્રણ ઘટના એકસાથે બની. તે પ્રભુને સન્મુખ બન્યા, અહંકારાદિ પરભાવોથી વિમુખ બન્યા અને સ્વમાં ખોવાઈ ગયા. **પ્રભુની અભિમુખતા-પરભાવોથી વિમુખતા અને સ્વની અંતર્મુખતા** - આ ત્રણેય કમળ એકસાથે ખીલી ઊઠ્યાં.

✦ ✦ ✦

માની કું હોય ન મદવત્તા ગુણ,
મદવત્તા તબ કાહેકો માની

-ચિદાનંદજી
સવૈયા

## હે ગૌતમસ્વામી!

વિનયની પાત્રતા
ભલે મારામાં ન દેખાય...
એવો અહંકાર તો શીખવો
જે પ્રભુનાં ચરણો સુધી દોરી જાય!
વૈરાગ્યની ભૂમિકા
ભલે મારામાં ન ઊઘડી હોય...
એવો રાગ તો શિખવાડો
જે પરાભક્તિનો પર્યાય બની રહે!
આનંદનો દરિયો
ભલે મારાથી દૂર રહ્યો....
એવો વિષાદ તો મને ચખાડો

## ❑ ગૌતમ V/S ગોશાળો

પ્રભુ ગૌતમનું જીવન એક જીવંત વિદ્યાપીઠ છે. જ્યાં અધ્યાત્મના કક્કો બારાખડીથી માંડીને બધું આપણને શીખવા મળે છે.

ગૌતમસ્વામી પાસેથી યાચવા જેવું એક કીમતી ઘરેણું એટલે **નિ:સ્પૃહતા**. સ્પૃહાઓનો વિલય થાય છે ત્યારે ગૌતમસ્વામી નામનું તીર્થ ઉદ્ભવ પામે છે. **સ્પૃહાઓનું ખરી પડવું તે ઘટનાનું નામ છે... ગૌતમસ્વામી.** ગૌતમસ્વામીને ૫૦ હજાર શિષ્યો હતા. પરંતુ એક શિષ્યની પણ સ્પૃહા નહોતી. ગૌતમસ્વામી પાસે અનંત લબ્ધિઓ હતી, પણ લબ્ધિઓના પ્રદર્શન યોજવાની લેશમાત્ર સ્પૃહા નહોતી. ગૌતમસ્વામી પાસે અવધિ અને મન:પર્યવ જેવા જ્ઞાન હતા. પરંતુ જ્ઞાની તરીકે પંકાઈ જવાની સ્પૃહા ખરી પડેલી હતી. તેમની પાસે ચૌદ પૂર્વનો વિરાટ ખજાનો હતો. પરંતુ તેની ઉપર માલિકીભાવ ક્યાં હતો? માલિક તો પ્રભુને જ માન્યા... અને પોતે તો જાણે કોષાધ્યક્ષ માત્ર! તેમને પ્રભુના **'શિષ્ય'** હોવાનું ગૌરવ ઘણું હતું. પરંતુ **'પ્રથમ શિષ્ય'** હોવાનો ગર્વ જરાય નહોતો!

જ્યારે આપણાં મનમાંથી એક નાનકડી પણ સ્પૃહા પીગળી જાય,

ત્યારે આનંદિત થવું કે આજે મારા જીવનમાં એક મિનિ ગૌતમ ઘટના ઘટી છે. જ્યારે મનમાં એક નવી સ્પૃહા ઊગે ત્યારે માનવું કે પ્રભુ ગૌતમ અને મારી વચ્ચે આજે અંતર વધ્યું છે.

પ્રભુ ગૌતમનું ઊંચું મૂલ્ય જો અંતરમાં પ્રસ્થાપિત થયેલું હશે, તો તેમનાથી દૂર હટાવનારી સ્પૃહાઓ આપણને નહીં પરવડે.

પ્રભુ ગૌતમ અને ગોશાલકની ઘટનામાં કેટલું સામ્ય લાગે! ઈન્દ્રભૂતિ ગૌતમ પણ સર્વજ્ઞ ન હોવા છતાં પોતાની જાતને સર્વજ્ઞ માનતા હતા તથા પ્રભુની સર્વજ્ઞ તરીકેની ખ્યાતિ તેમને ખટકતી હતી. ગોશાલક પણ સર્વજ્ઞ તરીકે પોતાની જાતનો પરિચય આપતો હતો અને તે રીતે પ્રચાર કરતો હતો. અપાપાપુરીમાં ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રભુ સામે ટકરાયા, શ્રાવસ્તિમાં ગોશાલક પ્રભુ સામે ટકરાયો... ઈન્દ્રભૂતિની ઘટનામાં પણ પ્રભુનો વિજય અને સામે પક્ષે પરાભવ થયો. તો ગોશાલકની ઘટનામાં પણ પ્રભુનો વિજય અને સામે ગોશાલકનો પરાભવ થયો. પ્રભુ સામેના પરાભવથી ઉભયની અસર્વજ્ઞતાનો પર્દાફાશ થયો. પ્રભુની સામેના પરાભવ પછી ઈન્દ્રભૂતિ ગૌતમને પણ સમ્યગ્દર્શન લાધ્યું, તો ગોશાલકને પણ સમ્યગ્દર્શન લાધ્યું!

બન્ને ઘટનામાં ઘણું સામ્ય હોવા છતાં કેટલુંક ઊડીને આંખે વળગે તેવું વૈષમ્ય પણ હતું. ઈન્દ્રભૂતિ સામે પ્રભુએ મધુર વચનનો પ્રયોગ કર્યો. મીઠા શબ્દોથી આવકાર આપ્યો. ગોશાલકને પ્રભુએ કઠોર શબ્દોમાં ઠંઠોર્યો. ગોશાલકને અસર્વજ્ઞ તરીકે જાહેરમાં ખુલ્લો પાડ્યો. ઈન્દ્રભૂતિની અસર્વજ્ઞતાનો ઉપચાર કર્યો. પ્રભુને તો સમ્યગ્દર્શનનો પરિપાક આ બન્ને પ્રકારના મગમાં કરવો હતો. ઈન્દ્રભૂતિ નામના મગ મીઠા પાણીમાં સીઝવ્યા... ગોશાલક એ અલગ આબોહવામાં ઊગેલા મગ હતા, ખારા પાણી વગર સીઝે તેવા નહોતા. પ્રભુએ ખારા પાણીથી સીઝવ્યા.

બહુ મહત્ત્વનું વૈષમ્ય બન્ને ઘટનામાં એ છે કે પ્રભુ સામે પરાભવ પામેલા ઈન્દ્રભૂતિ તે જ ભવમાં કેવલજ્ઞાન અને મોક્ષ પામ્યા. અને ગોશાલક અનંતકાળ સંસારમાં ભમ્યા પછી પામશે !

આ વિષમતાની રહસ્યખોજ કરતાં જણાય છે કે ઈન્દ્રભૂતિ પહેલા પ્રભુ સામે ટકરાયા પણ પછી પ્રભુના શિષ્ય બની ગયા. ગોશાલક પહેલાં પ્રભુનો શિષ્ય રહી ચૂક્યો હતો અને પછી પ્રભુ સામે ટકરાયો. ઈન્દ્રભૂતિનો અપરાધ કદાચ અહંકાર પ્રેરિત ઉચ્છૃંખલતાનો હતો. ગોશાળાનો અપરાધ ગુરુદ્રોહનો હતો.

ઈન્દ્રભૂતિએ પ્રભુની સર્વજ્ઞ તરીકેની પ્રખ્યાતિ સાંભળેલી પરંતુ ગોશાળાને તો પ્રભુની સર્વજ્ઞ તરીકેની પ્રતીતિ હતી. પોતે સર્વજ્ઞ ન હોવા છતાં બન્ને પોતાની જાતને સર્વજ્ઞ તરીકે ઓળખાવતા હતા, પરંતુ બન્ને દ્વારા અપાતી સર્વજ્ઞ તરીકેની ઓળખાણમાં એક પાયાનો મહત્ત્વનો ફરક હતો. ઈન્દ્રભૂતિ પોતાની જાતનો સર્વજ્ઞ તરીકેનો પરિચય આપતો હતો, તેમાં પ્રેરક પરિબળ અભિમાન હતું અને ગોશાળો પોતાની જાતનો સર્વજ્ઞ તરીકેનો પરિચય આપતો હતો, તેમાં પ્રેરક પરિબળ દંભ અને માયા હતાં. ગોશાળો સર્વાંગ કુટિલ હતો. ઈન્દ્રભૂતિ અંદરથી ખૂબ ઋજુ હતા. ઈન્દ્રભૂતિ 'પોતે અસર્વજ્ઞ છે' તે જાણતા હતા. પરંતુ 'પ્રભુ સર્વજ્ઞ છે' તેવી પણ તેમને ખબર નહોતી. જ્યારે 'પ્રભુ સર્વજ્ઞ છે' તે પણ ગોશાળા જાણતો હતો અને 'પોતે અસર્વજ્ઞ છે, તેવું પ્રભુ જાણે છે' તે પણ તેને ખબર હતી અને છતાં પ્રભુ સામે પોતાની સર્વજ્ઞતાનો દાવો લઈને ગયો! કેવી નફ્ફટાઈ!

દંભ જ્યારે નિરાવરણ બને છે ત્યારે તે નફ્ફટાઈનું રૂપ ધારણ કરે છે. દંભ કરતાં આ નફ્ફટાઈ વધુ ખતરનાક છે. દંભ એ ચોરી જેવું પાપ છે પણ નફ્ફટાઈ તો સીધી લૂંટફાટ છે. ઈન્દ્રભૂતિએ સર્વજ્ઞ તરીકેના ફાંફાં

ભલે માર્યા, પરંતુ 'પોતે સર્વજ્ઞ નથી' તેવો પોતાની જાત સાથે તો તેમનો એકરાર હતો જ. પોતાની જાત સાથેની આ પ્રામાણિકતા એ જ પ્રભુ ગૌતમની પાકટ બનેલી યોગ્યતા હતી. જ્યારે કોઈ પોતાની જાત સાથે પણ ઠગાઈ કરે છે, ત્યારે સમજવું કે દંભનું કેન્સર ફોર્થ, ફાઈનલ અને અસાધ્યપ્રાયઃ કક્ષામાં છે. ગોશાળાનો દંભ ફૉર્થ સ્ટેજના કેન્સર જેવો હતો.

ગૌતમસ્વામી પણ પ્રભુના શિષ્ય અને ગોશાલક પણ પ્રભુનો શિષ્ય... પણ બન્નેના શિષ્યત્વમાં કેટલો મોટો ફરક! ગોશાળા પાસે આંચકી લીધેલું શિષ્યત્વ હતું. ગૌતમ પાસે વિધિપૂર્વક પ્રદત્ત થયેલું શિષ્યત્વ હતું. પ્રભુના શાસનમાં ગુરુદત્ત અને ગુરુગમનો મહિમા ઘણો મોટો છે. ગુરુ દ્વારા નહિ અપાયેલું શિષ્યત્વ, સાધના કે શ્રુત ફૂટી નીકળવાની શક્યતા ઘણી !

કેવલજ્ઞાન પહેલા તીર્થંકર પરમાત્માને શિષ્ય ન હોય, અને કેવલજ્ઞાન કલ્યાણકના દિવસે જ શિષ્ય ન થાય તે બને નહિ. આશ્ચર્યો સર્જાયા પ્રભુ વીરના જીવનમાં : **કેવલજ્ઞાન પૂર્વે ગોશાળો શિષ્ય તરીકે રહ્યો અને પ્રથમ ગણધર ગૌતમ પ્રભુના શિષ્ય બન્યા પણ એક દિવસ મોડા.** જ્યારે ન થવો જોઈએ ત્યારે થઈ પડેલો શિષ્ય એટલે ગોશાળો.

ઈન્દ્રભૂતિ ગૌતમમાં ઊંચી પાત્રતા હતી. પરંતુ પ્રભુ ન મળ્યા ત્યાં સુધી અહંકારે થોડો ઉપદ્રવ કર્યો. ગોશાળાને પ્રભુ મળી ગયા હતા પણ પાત્રતા ક્યાં હતી ? પ્રભુએ ત્રિપદી આપી, તો તેમાંથી ગૌતમસ્વામીએ દ્વાદશાંગીનું સર્જન કર્યું. ગોશાલકને પ્રભુએ તેજોલેશ્યાની વિદ્યા શિખવાડી, તેનાથી તેણે પ્રભુને જ મિટાવી દેવાની દ્રોહચેષ્ટા કરી !

ગૌતમનો વાસ પ્રભુના ચરણે હતો... ગોશાળો માથે ચડી બેઠેલો શિષ્ય હતો. ગોશાળો સાધનાકાળમાં પ્રભુને માથે પડ્યો અને પછી માથે

ચડ્યો !

છેલ્લે ગોશાળાએ પોતાના ભક્તગણ સમક્ષ ખુલાસો કર્યો કે 'હું ખરો સર્વજ્ઞ હતો જ નહિ. પ્રભુ જ ખરા સર્વજ્ઞ છે. મેં તમને બધાને ઠગ્યા છે. સર્વજ્ઞ તરીકેનું તો મેં માત્ર દંભનાટક ખેલેલું હતું. દંભ અને દ્રોહનાં બે મહાપાપ આચરનાર હું મહાપાપી છું.

જોવાની વાત તો એ છે કે આવો ખુલાસો પોતે જાતે કર્યો, છતાં તેના ભક્તોએ અંતરથી તે ખુલાસાનો સ્વીકાર ન કર્યો. ગોશાળો મૃત્યુ પામ્યો તે પછી પણ 'તે સર્વજ્ઞ હતો' તેવા ભ્રમમાં તે રાચતા રહ્યા.

હવે ગૌતમનો કિસ્સો તપાસો. સર્વજ્ઞ પ્રભુ સામે ઈન્દ્રભૂતિ પરાભવ પામ્યા પછી પોતાના અનુયાયીઓ સમક્ષ કોઈ ખુલાસો કરવા ગયા નથી. 'હું સર્વજ્ઞ નહોતો... પ્રભુ જ ખરા સર્વજ્ઞ છે.' આવો ખુલાસો ન કરવા છતાં ઈન્દ્રભૂતિ ગૌતમના બધા અનુયાયીઓ પ્રભુના અનુયાયી બની ગયા. પ્રભુ સામે પરાભવ પામ્યા પછી ઈન્દ્રભૂતિ ગૌતમે પ્રભુના ચરણે કરેલું **'સર્વસ્વનું સમર્પણ'** એ જ તેમનો જાહેર ખુલાસો હતો.

ગોશાળો આપણને નખશિખ અપાત્ર લાગે. પણ આખરે તેનેય પ્રભુ ફળ્યા. પાછી ફરેલી તેજોલેશ્યાના દાહમાં જાણે મિથ્યાત્વ મોહનીય એક વાર તો બળી ગયું. **ગોશાળાની તેજોલેશ્યા અનેકને બાળનારી બની... પરંતુ તેને પોતાને મિથ્યાત્વના દાહથી ઠારનારી પુરવાર થઈ ! ભગવાને શીખવેલી તેજોલેશ્યા હતી ને !**

✦ ✦ ✦

ગર્વ કરી નર ગાજતાં કરતાં વિવિધ તોફાન
માથે મેરુ ઉપાડતાં પહોંચ્યા તે શ્મશાન.
મરણ ન છૂટે પ્રાણીયા

-ધર્મરત્ન વિજય

**હે ગૌતમસ્વામી!**

આપની ઉપાસના
૫૦ હજાર મુનિવરોને
કેવલજ્ઞાન પ્રાપક સર્વોત્તમભાવની
સ્પર્શના કરાવનારી બની.
અત્યારે
ક્ષપક શ્રેણીના એ ભાવોની સ્પર્શના
અશક્ય છે.
પરંતુ,
વર્તમાનમાં સંભવિત સર્વોચ્ચભાવની
સ્પર્શના તો
મને જરૂર થાય
એટલી કરુણા તો કરજો.



# ❐ જીવંત સાધનાનું મહાકાવ્ય

પ્રભુ ગૌતમનું ચરિત્ર સમર્પણની સાધનાનું જીવંત મહાકાવ્ય છે... જેની છંદરચના, પદલાલિત્ય, શબ્દસમૃદ્ધિ, કલ્પનાવૈભવ અને અલંકારનો ખજાનો આંખોને આંજી દે તેવો છે. **સાધનાને સમર્પિત થઈ જવું હજી સરળ છે; સમર્પણની સાધના અત્યંત દુષ્કર છે.** કુલવાલક સાધનાને સમર્પિત થયા અને તેનાથી સિદ્ધિઓ પણ મેળવી, પણ ગુરુને સમર્પિત ન થયા તો કુશિષ્ય તરીકે કુખ્યાત થયા. પ્રભુ ગૌતમે સમર્પણની સાધના કરી, તો તેમને અકલ્પ્ય સિદ્ધિઓ મળી અને પરમ સુશિષ્ય તરીકે પ્રખ્યાત થયા.

આનંદ શ્રાવકના પ્રસંગમાં ગૌતમ પ્રભુ આપણને કેટલા ગ્રેટ લાગે છે! કેટલા મહાન હતા, છતાંય એક શ્રાવકના આંગણે 'મિચ્છા મિ દુક્કડં' માંગવા જવામાં તેમને જરાય નાનપ ન લાગી. આપણે તેમની આ લઘુતાની મહાનતા પર ઓવારી જઈએ છીએ. પણ ગૌતમ પ્રભુને પૂછો તો તે કહેશે : 'આમાં મેં શું પરાક્રમ કર્યું ? આ તો સહજ વાત હતી.'

આનંદ શ્રાવકના આંગણે 'મિચ્છા મિ દુક્કડં' માંગવા જવા માટે તેમણે મનને સમજાવવાની કોઈ પ્રક્રિયામાં ઊતરવું નહોતું પડ્યું. મન હતું જ નહિ, કોને સમજાવે ? તેમના માટે આ સહજ ઘટના હતી, કારણ કે

જ્યાં મોટાઈનો ભાર હોય ત્યાં જ આવા પ્રસંગે નાનપની લાગણી પેદા થવાનો સંભવ રહે. મોટાઈનો ભાર અને મોટાઈનો ભાવ જ જ્યાં ખરી પડ્યો છે, ત્યાં નાનપને કોઈ અવકાશ જ ક્યાં છે ? **માનકષાય ગજબનો છે, સન્માનની સ્થિતિમાં તે પાગલ બનાવી દે અને અપમાનની સ્થિતિમાં ઘાયલ બનાવી દે.** એક માન ખરી પડે એટલે સાધના કેટલી સરળ બની જાય !

માન-કષાયચોકડીનો ગૅન્ગ લીડર છે. માનહાનિ થતી લાગે ત્યાં ઝટ ક્રોધને આગળ કરવો પડે છે. લોભકષાયના મૂળમાં પણ માનની ભૂખ જ બેઠેલી છે ને ! કરોડ રૂપિયાના લોભની ઝોળી ભરાય તેના કરતાં પાંચ કરોડ રૂપિયાના લોભની ઝોળી ભરાવામાં વધુ માન મળે. માનસંજ્ઞાના ક્યારામાં માનવી લોભસંજ્ઞાના ખાતરપાણી સીંચતો રહે છે અને માયા પણ માનની બહેન જ છે ને ! ભાઈને પરણાવવા તે સંપત્તિ, પ્રસિદ્ધિ, કીર્તિ વગેરે રૂપાળી કન્યાઓનાં અપહરણ કરતી રહે છે ! પ્રભુ ગૌતમ ક્રોધી નહોતા, સૌમ્ય હતા. માયાવી નહોતા, સરળ હતા અને લોભી નહોતા, નિર્મમ હતા... કારણ કે પ્રભુ ગૌતમ 'માની' નહોતા, વિનમ્ર હતા !

ગૌતમપદની આરાધના એ કષાય-નાશની આરાધના છે. કષાય એ મોટામાં મોટો અરિષ્ટ અને અનિષ્ટ છે.. **सर्वारिष्टप्रणाशाय** એ સાધનાનું સૂત્ર છે. '**सर्वाभीष्टार्थदायिने**' એ સિદ્ધિનું કે ફલશ્રુતિનું સૂત્ર છે. અને '**सर्वलब्धिनिधानाय**' આનુષંગિક ફળનું સૂચક સૂત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો **सर्वारिष्टप्रणाशाय** એ Process Formula છે. **सर्वाभीष्टार्थदायिने** એ Productનું પરિચાયક પદ છે. **सर्वलब्धिनिधानाय**

એ Bye Productનું પરિચાયક પદ છે.

આપણી નજર બાય પ્રોડક્ટ પર કદાચ વધુ ઠરતી હશે, પણ 'પ્રોડક્ટ' વગર 'બાયપ્રોડક્ટ' ક્યાંથી હોય? રૂંની અવગણના કરીને કપાસિયા ખાતર કોણ જિનિંગ ફેક્ટરી ખોલે?

**સાધના એ Process છે. શુદ્ધિ એ Product છે. પુણ્ય એ Bye-Product છે.** સાધક તો સાધનાથી જ કૃતાર્થતા અનુભવે છે. પ્રોડક્ટ અને બાયપ્રોડક્ટ તો તેને સહજ સંપ્રાપ્ત થાય છે. એટલે આમ જોઈએ તો **सर्वारिष्टप्रणाशाय** એ એક જ પર્યાપ્ત છે. આપણે પ્રભુ ગૌતમ જેવું આલંબન પામી સર્વારિષ્ટના નાશની સાધનામાં વેગ લાવીએ.

હમણાં એક પ્રવચનસભામાં પ્રશ્ન પૂછ્યો : 'ગૌતમની વિવિધ લબ્ધિઓમાંથી તમારે એકની પસંદગી કરવાની હોય તો કઈ લબ્ધિ પસંદ કરો ?' સભામાંથી જવાબ મળ્યો : 'વિનયની લબ્ધિ.'

મેં બીજો પ્રશ્ન પૂછ્યો : ''ચમત્કૃતિપૂર્ણ બીજી બધી લબ્ધિઓ છોડીને વિનયની લબ્ધિ પસંદ કરવાનું કાંઈ કારણ ?'

એક ભાઈએ નિખાલસતાથી જવાબ આપ્યો : 'વિનયની લબ્ધિ આવે તો તેનાથી બીજી બધી લબ્ધિઓ ખેંચાઈ આવે ને ?'

આમ તો વિનય એ સાધના છે, લબ્ધિ નથી. પણ, ગૌતમસ્વામીના કિસ્સામાં તેમનો વિનય જાણે સાધનાસ્વરૂપ નહિ પણ, લબ્ધિસ્વરૂપ હતો. **જે કરવી પડે તે સાધના અને થઈ જાય તે લબ્ધિ ! પ્રભુ ગૌતમને વિનય આચરવો નહોતો પડતો, આચરાઈ જતો હતો.**

પેલા ભાઈનો જવાબ હતો : 'અમારે વિનયલબ્ધિ એટલા માટે જોઈએ કે તેનાથી બધી લબ્ધિઓ ખેચાઈ આવે.

મને મનમાં થયું : 'વિનય એ તો પારસમણિ છે. જેનો સ્પર્શ પામતાની સાથે લોહખંડ સુવર્ણ બને છે. વિનયગુણનો સ્પર્શ થતાં જે કાંઈ

મળે તે બધું લબ્ધિસ્વરૂપ બની જાય છે. આવા પારસમણિતુલ્ય વિનયને લબ્ધિઓ રૂપી કીલિકાઓને ખેંચનારા લોહચુંબકતુલ્ય ગણવો એ તો વિનયગુણનું અવમૂલ્યન છે.

પ્રભુ ગૌતમનાં ચરિત્રજલમાં જ્યારે ડૂબકી મારું છું, ત્યારે પ્રભુ ગૌતમ નખશિખ બાળક સ્વરૂપ મને દેખાયા કરે છે. આમ તો શાસ્ત્રપ્રદર્શિત બાલ, મધ્યમ અને બુધ એ જીવોના ત્રણ પ્રકારમાંથી તેઓ બુધ કક્ષાના હતા, છતાંય બાલ હતા.

બાળકની ત્રણ આગવી વિશેષતાઓથી હું હંમેશાં ખૂબ પ્રભાવિત છું : નિર્દંભતા, નિર્ગ્રન્થતા અને નિશ્ચિંતતા! બાળકને દંભ કરતાં ન આવડે. દંભ ઉપર તો મોટેરાઓની ઈજારાશાહી કહેવાય. મનમાં જુદું અને વચન-વર્તનમાં જુદું એવું બાળકમાં જોવા ન મળે. બાળકના વિચાર, ઉચ્ચાર અને આચાર ત્રણેય એક સીધી લીટીમાં હોય. હું જે બોલીશ કે કરીશ, તેની છાપ બીજા ઉપર શું પડશે ? તેવું વિચારવાની બારી જ હજુ બાળકમાં ખૂલેલી નથી હોતી અને આ બારી ખૂલે ત્યારે તે બારી વાટે જ બાળપણ વિદાય લે છે. બાળકને નાગાપૂગા ફરવામાં શરમ નથી નડતી. તેને પોતે જેવો છે, તેવો દેખાવામાં જરાય લજ્જાનો અનુભવ નથી થતો. તેથી તેને દંભનાં આવરણ ઓઢવાં પડતાં નથી. બાળકની નગ્નતા નિર્લજ્જતાના ઘરની નથી, નિર્દોષતાના ઘરની છે. દંભની ગેરહાજરીને કારણે તેને બધું વિચારપૂર્વક ગોઠવી ગોઠવીને બોલવું પડતું નથી.

સાધનાના ક્ષેત્રમાં દંભ એ કેટલો મોટો વિક્ષેપ છે! દંભની હાજરીમાં સાધના સાધના રહે છે જ ક્યાં ? અધ્યાત્મસારના દંભત્યાગ અધિકારમાં દંભદોષની દુષ્ટતાનું ધ્રુજાવી દે તેવું વર્ણન થયેલું છે. દંભ સહિતની સાધનાને લોખંડની નાવમાં દરિયો તરવા જેવી આત્મઘાતક ચેષ્ટા ત્યાં ગણાવવામાં આવી છે.

જ્યાંથી દંભને સર્વથા નગરનિકાલ મળેલો છે, તેવું એક

જીવનનગર એટલે પ્રભુ ગૌતમ ! પ્રભુ ગૌતમ પાસેથી માંગવા જેવું કેટલું બધું છે ! મૂંઝવણ થઈ જાય... વિનમ્રતા માંગુ ? સમર્પણભાવ માંગું ? નિ:સ્પૃહતા અને નિર્લેપતા માંગુ ? કે તેમની પાસે રહેલી બાળક જેવી પારદર્શકતા માંગુ ?

બાળક નિર્દંભ હોય, તેમ નિર્ગ્રન્થ પણ હોય. બાળક કોઈ પણ બાબતની ક્યારેય ગાંઠ ન વાળે. તેં ગઈકાલે રમતમાં મારી સાથે અંચાઈ કરેલી, માટે આજે હું તારી સાથે નહિ રમું. આવું બોલતા તમે કોઈ શિશુને સાંભળ્યો છે ? માત્ર ૧૫ મિનિટ પહેલાં રમતાં રમતાં જેની સાથે ઝઘડીને પોતે છૂટો પડ્યો છે, તેની જ સાથે સોળમી મિનિટે પ્રેમથી રમતો તે જોવા મળે. તેને યાદ જ ન હોય કે પંદર મિનિટ પહેલાં કાંઈક બન્યું હતું. કહેવાય છે કે બાળકોની સ્મરણશક્તિ તીવ્ર હોય છે. તેમની વિસ્મરણશક્તિ પણ એટલી જ તીવ્ર હોય છે, જે નિર્ગ્રન્થતાના ઘરની છે.

ગૌતમ પ્રભુ સર્વાંગનિર્ગ્રન્થ હતા. પ્રભુ ગૌતમે પ્રભુના ચરણ એવા પકડ્યા હતા કે કોઈ ગાંઠ પકડવાની તેમની પાસે જોગવાઈ જ ક્યાં હતી ? પ્રત્યેક પ્રસંગમાં પ્રભુ ગૌતમની નિર્ગ્રન્થતા મહોરી ઉઠેલી દેખાય છે.

બાળકની ત્રીજી વિશેષતા - નિશ્ચિંતતા. ઘરમાં આર્થિક કટોકટી હોય. મોંઘવારી ખૂબ વધી હોય... ઘરમાં કોઈ બીમાર હોય કે ઘરમાં કદાચ કોઈનું અવસાન થયું હોય, બાળક ક્યારેય ચિંતાતુર હોતો નથી. ચિંતા સ્પર્શી ન શકે તેવું બખ્તર એટલે શૈશવ !

પ્રભુ ગૌતમ પણ કેવા નિશ્ચિંત હતા ! ક્યારેક ક્યારેક કેવલજ્ઞાનમાં થતા વિલંબને કારણે ચિંતા ડોકાતી લાગે, પણ તેય આખરે નચિંત બનવાની જ ચિંતા હતી ને !

**નિર્દંભતા, નિર્ગ્રન્થતા અને નિશ્ચિંતતારૂપી ત્રણ પુણ્યસલિલાઓના સંગમતીરે રચાયેલું તીર્થ એટલે પ્રભુ ગૌતમ !**

✦✦✦

આતમસાખે ધર્મ જે તિહાં જનનું શું કામ ?
જન-મન-રંજન-ધર્મનું મૂલ ન એક બદામ

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.
શ્રી યતિધર્મ-સંયમબત્રીશી

હે ગૌતમસ્વામી,
આપની ચરિત્ર-ગંગામાં ડૂબકી મારું છું
ત્યારે હું રોમાંચિત થઈ જાઉં છું.
સ્વામી !
આપને ઝૂઝતાંય આવડ્યું,
ઝૂકતાંય આવડ્યું
અને, ઝૂરતાંય આવડ્યું.
આપ ઝૂઝ્યા તો એવા ઝૂઝ્યા કે,
પ્રભુના ચરણોનું દિવ્ય સામ્રાજ્ય સાંપડ્યું !
આપ ઝૂક્યા તો એવા ઝૂક્યા કે,
જગત આખું આપના ચરણોમાં ઝૂકી રહ્યું !
અને, આપ ઝૂર્યા તો એવા ઝૂર્યા કે,
ક્યારેય ઝૂરવું પડે તેવું
કોઈ પ્રયોજન જ ઊભું ન રહ્યું !

# □ અહો ઐશ્વર્યમ્ !

એક નાનકડું સાપોલિયું પણ કાતિલ જીવલેણ સર્પદંશ દઈને ઘાતક નીવડી શકે. સાપોલિયું કે સાપ નહિ પણ અજગર ! અને તેય એક નહિ પણ આઠ આઠ ! અજગરના આઠ રાફડાથી ઘેરાયેલી વ્યક્તિ સાવ Safe and Sound હોય ત્યારે આપણને નવાઈ લાગે. કારણ એ હતું કે તે અજગરોના મુખમાંથી ઝેરની કોથળી જ કાઢી લેવામાં આવેલી હતી.

આઠ આતંકવાદીઓથી ઘેરાયેલા હતા ગૌતમસ્વામી. પરંતુ Black Cat કમાન્ડોનું જાણે તેમને સુરક્ષા-કવચ મળેલું હતું. આ આઠ અજગર અથવા આઠ ત્રાસવાદી એટલે આઠ મદસ્થાન. જેની મદસ્થાન તરીકે શાસ્ત્રોમાં ઓળખાણ આપવામાં આવી છે, તે આઠેય પ્રકારના પુણ્યવૈભવનું સ્વામિત્વ અનુભવતા હતા ગૌતમપ્રભુ. આમાંના કોઈ એક પ્રકારના પુણ્યવૈભવને મેળવવા પણ સામાન્ય માનવી વલખાં મારતો હોય છે અને તેમાં, પુણ્યસંયોગે થોડી સફળતા મળી જાય તો રુઆબનો કોઈ પાર ન હોય અને પ્રભુ ગૌતમનાં ચરણોમાં આ અષ્ટવિધ સમૃદ્ધિનો અસીમ વૈભવ આળોટતો હતો અને તેઓ તો તેનાથી સર્વથા પર હતા.

જાતિ બ્રાહ્મણની હતા. વર્ણવ્યવસ્થામાં બ્રાહ્મણનો ક્રમ પ્રથમ આવે. ધાર્યું હોત તો આ બ્રાહ્મણત્વને તેઓ બીજાને ધૂત્કારવાનો અને

તિરસ્કારવાનો કાયદેસરનો પરવાનો માની શક્યા હોત, પરંતુ જેણે જાતનું જ વિલોપન કરી નાખ્યું હતું, તેણે જાતિ તો ક્યાંથી ઊભી રાખી હોય ? **જાત અને જાતિથી પર છતાં જાતિવંત એટલે પ્રભુ ગૌતમ !**

બીજું મદસ્થાન કુળનું છે. કુળ ઊંચું હ ય તો કોના ખભા ઊંચા ન થાય ? સંસારી અવસ્થામાં ઉચ્ચ ગૌત્રીય વસુભૂતિ બ્રાહ્મણનું કુળ હતું. દીક્ષા અંગીકાર કરીને કુળ અને કુટુંબના સંબંધનું પંચનામું કરી નાખ્યું. જોકે, પૂર્વની તેવા પ્રકારની પરંપરાને કારણે ગૃહસ્થાવસ્થાના ગૌતમ ગોત્રની ઓળખાણ તો ઊભી જ રહી. એટલી હદે તે ઓળખાણ ઊભી રહી કે ગોત્રનું નામ જ તેમનું મુખ્ય પરિચાયક બની ગયું.

વળી, હવે તો તે પ્રભુ વીરના વંશજ બન્યા. વીરના વરિષ્ઠ કુળના જ્યેષ્ઠ વંશજ બન્યા. **વીરના વરિષ્ઠ કુળના જ્યેષ્ઠ સંતાન હતા છતાં કુળગર્વનો લેશમાત્ર સ્પર્શ ક્યાં હતો ? હા, પ્રભુ વીરના દાસ તરીકેનું ગૌરવ ભારોભાર હતું.** 'પ્રભુ વીર જેવા મને નાથ મળ્યા ! હું તેમનો ચરણકિંકર ! આ રંકને આવું સેવા સામ્રાજ્ય સાપડ્યું ! ન્યાલ થઈ ગયો હું, માલામાલ થઈ ગયો હું.' ત્રિલોકપૂજ્યની પૂજા મળ્યાનું આવું ગૌરવ પ્રભુ ગૌતમની રગરગમાં હતું. આવું ગૌરવ ક્ષાયોપશમિક ભાવનું ફરજંદ છે અને બીજાને હડફેટમાં લેતો કે તિરસ્કૃત કરતો પેલો ગર્વ તો ઔદયિકભાવ હોવાથી સર્વથા વર્જ્ય છે. ગૌરવના લેબાશમાં પાછો ગર્વ ઘૂસી ન જાય તેનીય કેટલી સાવધાની રાખવી પડે ! **ગૌરવ અને ગર્વ વચ્ચેની ભેદરેખા અત્યંત નાજુક છે, પરંતુ પ્રભુ ગૌતમે તે નાજુક ભેદરેખાનો ભંગ ક્યારેય થવા ન દીધો.** તેમનામાં નખશિખ પ્રભુ વીરના દાસત્વનું ગૌરવ ઝળહળતું હતું, પણ ગર્વની લાગણીનો એક કાદવ-છાંટણો પણ ત્યાં સ્પર્શ્યો નહોતો.

ત્રીજું મદસ્થાન છે રૂપ! ઝળહળતું રૂપ ઐશ્વર્ય હતું. દેવકુમારના તેજને ઝાંખું પાડે તેવી રૂપકાન્તિ હતી. **समचउरंससंठाणसंठिए, वज्जरिसह नाराचसंघयणे, कणयपुलयनिहसपम्हगोरे** । [અર્થ : સમચતુરસ્ત્ર સંસ્થાનને તથા વજ્રઋષભનારાચ સંઘયણને ધારણ કરનારા તથા કસોટીના પથ્થર ઉપર જાતિવંત સુવર્ણને ઘસવામાં આવે તો તેના જેવા ગૌરવર્ણવાળા] આવો તો જેનો પરિચય છે, તેનો રૂપવૈભવ કેવો અદ્ભુત હશે! મહા માંડલિકરાજા કરતાં અનંતગુણ-રૂપ બલદેવનું, બલદેવ કરતાં અનંતગુણ-રૂપ વાસુદેવનું. ત્યાર બાદ ચક્રવર્તી, વ્યન્તરદેવ, જ્યોતિષ્ક દેવ, ભવનપતિદેવ વગેરેનું ઉત્તરોત્તર અનંતગુણ, તેનાં કરતાં એકથી બાર દેવલોકનાં દેવોનું રૂપ ઉત્તરોત્તર અનંતગુણ, બારમા દેવલોકના દેવ કરતાં ગ્રૈવેયક દેવનું રૂપ અનંતગુણ. તેના કરતાં અનુત્તરદેવનું રૂપ અનંતગુણ. અનુત્તરદેવ કરતા પણ ગણધર ભગવંતનું રૂપ અનંતગુણ. કેવું મોહક રૂપ હશે, સ્વામી ગૌતમનું! પરંતુ ક્ષયોપશમભાવના જ્ઞાનાદિ ગુણો ઉપર પણ ગર્વની લકીર ન ફરકાવનારા આ ફકીર, ઔદયિકભાવના ચર્મરુપ ઉપર ગર્વ ન કરે, તેમાં જરાય આશ્ચર્ય નથી. **રૂપ અને પરુમાં કાંઈ ફરક નહીં દેખાનારા આ મહાયોગીને મદમાં કાંઈ દમ ન લાગ્યો.** તેથી મદસ્થાનોનું ઐશ્વર્ય અપરંપાર હોવા છતાં સ્વયં તેનાથી નિર્લેપ અને નિરાળા રહ્યા.

અતુલબલી હતા ગૌતમ પ્રભુ! છતાં નથી કોઈને બાઝ્યા કે નથી કોઈ સાથે બાઝ્યા! રાગદ્વેષને ખાંડવા બેસેલા છે. તેને વળી બેમાંથી એકેય પ્રકારનું બાઝવાનું હોય જ ક્યાંથી? અનુત્તરદેવ કરતાં પણ બલિષ્ઠ હતા પણ કોઈ હોંકારા - પડકારા તેમણે ક્યારેય કર્યા નથી.

ખાલી બંદૂકે પણ બીજાને ડરાવનારાઓનો અહીં તોટો નથી.

બૉમ્બ અને બંદૂકની પાશવી તાકાતો ઉપર માનવી આખો ને આખો ફૂટી મરે છે. પ્રભુ ગૌતમ એક એવું વ્યક્તિત્વ છે, જેણે અતુલ બળથી કોઈને ડામ્યા તો નથી, ડરાવ્યા પણ નથી અને તે બળ ઉપર મુસ્તાક બનીને કોઈને લલકાર્યા પણ નથી. અરે! હાથમાં મસલનો ગોટલો બતાવીને કોઈને પોતાના બળનો ઈશારો પણ આપ્યો નથી!

પ્રભુ ગૌતમ! વીર્યાન્તરાય કર્મના પ્રબળ ક્ષયોપશમથી તથા સંઘયણનામકર્મ વગેરેના ઉદયથી આપને આ અતુલ બળ મળ્યું. પરંતુ બળને ગોપવી રાખવાનું કે બળના ફાંકા નહિ મારવાનું બળ આપની પાસે ક્યાંથી આવ્યું? પ્રભુ ગૌતમનો સઘળો જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષયોપશમ તથા નામકર્માદિનો ઉદય મોહનીયકર્મના ક્ષયોપશમથી અનુવિદ્ધ (યુક્ત) હતો.

પાંચમું મદસ્થાન છે - શ્રુત! ત્રિપદીમાંથી દ્વાદશાંગીનું સર્જન કરનારા એ શ્રુતસર્જક હતા. ત્રિપદીના નાનકડા બીજમાંથી પુષ્કળ શ્રુતરાશિની નિષ્પત્તિ કરનાર એ શ્રુતકૃષક હતા. અંતઃમુહૂર્તમાં ચૌદ પૂર્વનો સ્વાધ્યાય કરનાર એ પૂર્વધર મહર્ષિ હતા. સર્વાક્ષર-સન્નિપાતિ જેવી વિશિષ્ટ લબ્ધિઓના ધારક હતા.

જનમાનસની સામાન્યથી એ ખાસિયત રહી છે કે, માણસ હંમેશાં પોતાનાં અજ્ઞાનને છુપાવતાં છુપાવતાં જ્ઞાની અને પંડિત હોવાનો ડોળ અને દંભ કરતો રહે છે. માણસ પાંડિત્યને પ્રદર્શનની ચીજ બનાવતો આવ્યો છે. ત્યારે પ્રભુ ગૌતમ એક એવી વિભૂતિ છે, જે પરમ જ્ઞાની હોવા છતાં સાવ બાળ અજ્ઞની જેમ પ્રભુના ચરણોમાં બેસે છે અને બે હાથની અંજલિ જોડી નત મસ્તકે પ્રભુની કૃપાધારા અને વાગ્ધારાને ઝીલે છે અને નીતરતી જિજ્ઞાસાથી પ્રભુને પ્રશ્ન પૂછે છે. આપણો તો પ્રશ્ન પણ ઘણી વાર જિજ્ઞાસાના પેટમાંથી નહિ, પણ અહંકારના ઉદરમાંથી પ્રસવેલો હોય છે.

ભર સભામાં પ્રવચનકારને એક ધારદાર સવાલ પૂછીને, પછી બે આંખ અને બે કાનને જવાબ ઝીલવા માટે એકાકાર કરવાને બદલે આજુબાજુમાં બેઠેલી વ્યક્તિઓના ચહેરા ઉપર પોતે પૂછેલા પ્રશ્નથી પ્રસરેલી પ્રતિક્રિયાઓ નિહાળવા આંખો Busy બની જતી હોય છે અને બે કાન, પ્રશંસાના ખાલી ફોરાં વરસે તોય ચાતકની જેમ તેને ઢીંચી લેવાની આતુરતા સેવતા હોય છે. સામાન્ય માણસની આ મનઃસ્થિતિ સામે પ્રભુ ગૌતમની હાઈટ કેટલી લાગે !

છઠ્ઠું મદસ્થાન છે તપ. આપણી અવળચંડાઈ તો જુઓ, તારક સાધનાઓને પણ આપણે દૂષણોથી દૂષિત કરી, શલ્યોથી સંયુક્ત કરી અને ગર્વના આફરે ચડી કર્મક્ષયની એ સાધનાઓને કર્મબંધનું સાધન બનાવી દેતા હોઈએ છીએ. તપશ્ચર્યા એ કર્મક્ષયની અમોઘ સાધના છે. ઘણી વાર આત્મપ્રશંસાનો એરુ તેને આભડી જતો હોય છે, તો ક્યારેક આશંસા દોષથી તે સાધના મલિન બની જતી હોય છે અને ક્યારેક તે લાંઘણનો પર્યાય બની જતી હોય છે. છઠ્ઠને પારણે છઠ્ઠની તપશ્ચર્યા કરનારા અને બાહ્ય અભ્યંતર સર્વ પ્રકારના તપથી વિભૂષિત આ વિભૂતિને તપશ્ચર્યાનો મદ જરાય નહોતો. એટલે તો અન્ય કોઈ તપસ્વીને નીરખીને અહોભાવથી ઝૂકી પડતા. ધન્ના અણગારની તપશ્ચર્યા અને પરિણતિના વીર મુખે વખાણ સાંભળીને કેવા ઓવારી ગયા હતા !

તપશ્ચર્યા એવો સાધનાયોગ છે, જેની ઉપર ચારેય કષાય સતત ટાંપીને બેઠેલા દેખાય. તપથી ધાતુ તપતાં અંદર જો ક્રોધ-કષાયની ગંદકી ભરેલી હોય તો તે ગટરનું ઢાંકણું તપશ્ચર્યામાં ઘણી વાર ખૂલી જતું હોય છે અને તે અશુચિની બદબૂથી તપશ્ચર્યા ગંધાઈ ઊઠતી હોય છે. અંદરમાં પડેલા ક્રોધનો પરિચય આપવા બદલ તપનો આભાર માનવાને બદલે કેટલાક તપને ક્રોધનું કારણ ગણી તપને ખોટું વગોવતા હોય છે.

તપસ્વીએ અહંકારથી પણ ખૂબ સાવધ રહેવું પડે છે. તે સાવધાની ન હોવાથી કેટલાક તપસ્વી તપના ઘમંડથી અન્યનો તિરસ્કાર કે નિર્ભર્ત્સના કરતા જોવા મળે છે. તેવાને માટે તપશ્ચર્યા એ બીજાની ખીંસના કરવા માટેનો લીગલ રાઈટ બની જતી હોય છે. તપના ગર્વમાં અહંકાર બચી જાય છે અને તપનું તો પંચનામું જ થઈ જાય છે.

દેખાવમાં તપ અને માયાશલ્યને સારી સાઠગાંઠ હોય છે. અંતરની કપટવૃત્તિ ક્યારેક તપશ્ચર્યા જેવા પવિત્રતમ યોગનો પણ ભરડો લઈ લે છે. આવું બને ત્યારે સંસારક્ષયની સાધના સંસારવૃદ્ધિનું કારણ બની જતી હોય છે. માનસિક સ્તરે થયેલા પાપનો ક્ષય કરવા લક્ષ્મણા સાધ્વીજીએ ઘોર તપશ્ચર્યા કરી પણ મન માયાશલ્યથી દૂષિત રાખ્યું તો ઘોર તપ કરવા છતાંય દીર્ઘ સંસાર વધ્યો. બોલો, માયા કેવી મહામાયા છે ! એ માયાની ઠગાઈથી બચવાનું ધારીએ એટલું સહેલું તો નથી જ.

તો, નિદાનશલ્ય કે આશંસાદોષથી લોભ તપયોગનું વશીકરણ કરે છે, ત્યારે મૃત્યુંજય જેવી ઘોર તપસાધના પણ લોભપિશાચના હાથનું એક રમકડું બની જાય છે. લોભકષાયગ્રસ્ત આદમી તપશ્ચર્યા જેવા અધ્યાત્મયોગનું પણ Commercialisation કરી નાંખે છે !

પ્રભુ ગૌતમ તપસ્વી હતા અને નિષ્કષાય તપસ્વી હતા.

સાતમું મદસ્થાન છે : લાભ. સર્વવિરતિ અંગીકાર કરીને તુચ્છ કૂકા ભલે છોડ્યા, ખાનપાન તો ઊભાં રાખ્યાં છે ને ! ભિક્ષામાં રોજ ઘેબર અને ઘારી; ખીર અને ખાજાં કે મોદક અને મિષ્ટાન્નની વિનંતિઓ થાય. જેમ ખાનપાન પ્રચુર મળે તેમ માનપાન પણ પ્રચુર મળે, પદ મળે, પ્રતિષ્ઠા મળે, પ્રભાવસંપન્નતા મળે, શિષ્યોની સંપદા મળે અને આવશ્યક તમામ ઉપધિ મળે **लाहा लोहो पवड्ढइ** । - એ ન્યાયે જેમ લાભ વધે તેમ લોભ વધવાની ઘણી શક્યતા છે અને મનગમતું ઝટ મળે ત્યારે અહંકારનો

આફરો ચડવાની પણ પૂરી શક્યતા છે. **'મિષ્ટાન્ન - પાનામ્બર - પૂર્ણકામા'** એવો તો જેમના નામનો મહિમા છે, તેમનો ખુદનો પ્રભાવ તો કેવો હોય! આવશ્યક પદાર્થનો અવશ્ય લાભ થાય તે માટે સહુ મુનિવરો તેમના નામનું મંગલ કરીને ભિક્ષા માટે પ્રયાણ આદરે છે. પ્રભુ ગૌતમને ખુદને તો લાભની શી કમીના હોય? પરંતુ તેના અભિમાનનો ક્યારેય પડછાયો પણ તેમના પર પડ્યો નહિ. હે ગૌતમસ્વામી! આધાકર્માદિ ઉદ્‌ગમદોષોથી આપની ભિક્ષા સર્વથા દોષરહિત હોય તે તો બરાબર છે, પરંતુ માનપિંડ જેવા ઉત્પાદનના દોષોથી આપ કેવી રીતે બચી શક્યા? સમજાતું નથી.

અષ્ટાપદ ઊતરતા તાજા દીક્ષિત બનેલા તાપસોનાં પારણાં માટે જ્યારે ક્ષીરની આવશ્યકતા હતી, ત્યારે તે અષ્ટાપદની તળેટીમાં પણ ક્ષીરનો સહજ લાભ થઈ ગયો! લાભલબ્ધિની જોઈ લો કમાલ! ઘરમાં પરણીને આણેલી પત્ની, જેનો પોતે પોતાને સ્વામી માને છે, તેની પાસેથી પણ મનગમતી કે માંગેલી વાનગી સદા મળતી નથી અને છતાં માણસ ગુમાનમાં ફુલાઈને ફાંકડો થઈ ફરે છે. ત્યારે આ પ્રભુ ગૌતમ ઈચ્છાસિદ્ધ છે, જ્યારે જેની આવશ્યકતા હોય તે મળી જાય. સામે મેવા-મિષ્ટાન્નનાં થાળ ભરીને ભિક્ષા લેવા આગ્રહ કરનારાઓનો તોટો ન હોય... છતાં અહંકારની ફૂંક પણ તેમને અડતી નથી. અજબગજબના છે પ્રભુ ગૌતમ! ભિક્ષાએ નીકળે ત્યારે ભિક્ષાની સાથે ચેલા પણ રળી લાવે તેવી તો અનુપમ તેમની લાભલબ્ધિ હતી.

અને ઐશ્વર્ય તો અપરંપાર હતું! **ચરમ તીર્થપતિના પ્રથમ ગણધર તરીકેનું પદ-ઐશ્વર્ય! ચાર ચાર જ્ઞાનનું જ્ઞાન - ઐશ્વર્ય! જેને દીક્ષા આપે તેને અવશ્ય કેવલજ્ઞાન મળે તેવું અલૌકિક અને**

**અદ્વિતીય પ્રભાવ-ઐશ્વર્ય! ચમત્કૃતિપૂર્ણ અપાર લબ્ધિઓનું વિશિષ્ટ લબ્ધિ-ઐશ્વર્ય! અસાધારણ કક્ષાના અઢળક ગુણોનું ગુણ - ઐશ્વર્ય! દેવેન્દ્રોને પણ ઝાંખા પાડે તેવું અનુપમ રૂપ - ઐશ્વર્ય! બૃહસ્પતિને ક્યાંય ચડી જાય તેવું વિદ્યા - ઐશ્વર્ય! નામમાત્રથી કામ સીઝે તેવું પ્રસાદ - ઐશ્વર્ય! અરિહંતવત્ ઉપદેશ આપી શકે તેવું વિશિષ્ટ ઉપદેશ - ઐશ્વર્ય! ઐશ્વર્ય જ ઐશ્વર્ય! ઐશ્વર્યનું બીજું નામ એટલે પ્રભુ ગૌતમ! પ્રભુ ગૌતમનું સરનામું લખવું હોય તો લખી શકાય - સર્વતોમુખી ઐશ્વર્યની ટોચે.**

અને તે છતાં, તે સઘળાંય ઐશ્વર્યથી સ્વયં સાવ નિર્લેપ! મદ તો નહોતો, આ ઐશ્વર્યમાં કોઈ મધસ્વાદ પણ તે અનુભવતા નહોતા. તેમને મન આ બધાં ઐશ્વર્ય કોઈ વિસાતમાં નહોતાં. પ્રભુ વીરના ચરણકિંકરનું પદ ૬૪ ઈન્દ્રોના પૂજ્યત્વ પદ કરતાંય તેમને મન ચડિયાતું પદ હતું. તેના થકી તે કૃતાર્થ અને કૃતકૃત્ય હતા. દાસત્વના એ આનંદ આગળ અન્યત્ર અસુલભ એવા પણ એ સ્વામિત્વની કોઈ નોંધ પણ લેવાતી નહોતી.

જેનો જ્ઞાનીઓએ મદસ્થાન તરીકે પરિચય આપ્યો છે, તે આ જાતિ વગેરે આઠેય બાબતમાં પ્રભુ ગૌતમ અસીમના સીમાડે પહોંચેલા હતા અને છતાંય લેશમાત્ર મદનો ઓછાયો પણ નહોતો! સામાન્ય થોડી વિશેષતા મળતા માનવી દેવની જેમ જમીનથી ચાર આંગળ અધ્ધર ચાલતો થઈ જાય, ઊંટની જેમ ખભા ઉલાળતો થઈ જાય, હાથીની જેમ નાકનું ટોચકું ફુલાવતો થઈ જાય અને તેની છાતી પદની થઈ જાય તેવી એક નહિ પણ આઠેઆઠ બાબતની પ્રકર્ષપ્રાપ્ત વિશેષતા છતાં ગૌતમ સ્થિતપ્રજ્ઞતાની સપાટીને જરાય ઓળંગતા નથી. તે તો માને છે કે આ આઠેય પ્રકારનો વૈભવ એ પુણ્યોદયની રાસલીલા છે અને કાં તો

ક્ષયોપશમભાવનું કામચલાઉ આ રસમાધુર્ય છે. **ઔદયિક કે ક્ષાયોપશમિક ભાવની ભેટ ઉપર ફુલાવાનું શું! પુણ્યના વીજપ્રવાહનો સપ્લાય ઓછો થવાની સાથે રૂપ, ઐશ્વર્ય આદિ બધી ઝાકઝમાળ ઓલવાઈ જવાની.** તે પુણ્યદત્ત ઉધાર કે ઉછીના માલ ઉપર ઘમંડ કર્યો તો તે ઝાકઝમાળ ડિમ થતાંની સાથે તે ઘમંડનો પાપડ પણ હવાઈ જવાનો. પારકા માલ ઉપર ઘમંડનાં ઘી-કેળાં ન શોભે. ભંગુર ભવ્યતા ઉપર અહંનો કેફ એ નરી મૂર્ખતા છે. દેવેન્દ્રપ્રશસ્ત દેહરૂપ પર સનતચક્રીનો મદ કેફ કેટલો ટક્યો? એક મૃદ્‌પિંડના ક્ષણિક સૌંદર્યની ઘમંડની મશાલથી આરતી ઉતારનારી ગણિકા વાસવદત્તા અસાધ્ય રોગનો ભોગ બની અને નશ્વર રુપ કરમાયું, ત્યારે તે કરમાયેલી દેહલતામાં ઘમંડની કબર રચાયેલી હતી. સત્તાના સિંહાસને ચડીને પોતાની હાકથી ધરતીને ધ્રુજાવનારાને છૂપે વેષે નિબિડ જંગલમાં ભૂંડે હાલે રખડવાના વારા આવ્યા છે. શ્રીમંતાઈના કેફમાં એક વાર ચકચૂર બનેલા વૈભવપતિઓનું પુણ્ય પરવારી જતાં હાથમાં ચપણિયું લઈને ઘેર ઘેર ભીખ માંગવાના ધંધા કરવા પડ્યા છે. વર્ષો સુધી પી. એમ.ની પોસ્ટ પર રહી ભારત જેવા વિશાળ દેશ ઉપર રાજ કરનાર ઈન્દિરાબહેન ગાંધીને પુણ્યલીલા પાંગળી બનતાં તિહાર જેલના સળિયા પાછળ ધકેલાવું પડ્યું છે. અમેરિકા જેવી વિશ્વસત્તાને હંફાવનારા સદ્દામ હુસૈનને અંધારી ગુફાઓમાં સંતાઈને દિવસોના દિવસો પસાર કરવા પડ્યા છે અને છેવટે ફાંસીના માંચડે લટકવું પડ્યું છે. પુણ્ય જેવો દગાબાજ આ દુનિયામાં બીજો કોઈ નથી અને છતાં તેના ભરોસે અહંની અટારીએ ચડીને માણસ ઠેકડા મારતો હોય છે.

અને ક્ષયોપશમભાવના શ્રુત કે જ્ઞાન આદિ ગુણો ઉપર પણ ગુમાન

કેમ કરાય ? આવરણ ચડતાંની સાથે તે દીપ્તિને ઢંકાતાં વાર કેટલી ? ચૌદ પૂર્વધર મહર્ષિ પણ જ્યારે નિગોદમાં પટકાય છે ત્યારે અક્ષરના અનંતમા ભાગ જેટલો જ નામમાત્રનો જ્ઞાનપ્રકાશ તેમની પાસે બચે છે.

વિનાશી વૈભવ ઉપર વટ વ્યર્થ છે. ક્ષણભંગુર સંપદા ઉપર ઊછળકૂદ ન શોભે. મામૂલી અને તકલાદી માલ ઉપર તુમાખીના તાગડધિન્ના અજ્ઞ અને ઉછાંછળો માણસ જ કરે. **પ્રભુ ગૌતમ તો ધૈર્યથી ધબકતું અને ઘેરાયેલું વ્યક્તિત્વ. સાગરને શરમાવે તેવા ગાંભીર્યનો દરિયો. પાકટ, પીઢ અને ઠરેલ વ્યક્તિત્વ.**

રહેવાયું નહિ અને પ્રભુ ગૌતમને પુછાઈ ગયું : 'પ્રભુ ! કાંઈ નથી છતાં ઠસ્સો મારીએ છીએ કે, '**हम किसीसें कम नहि।**' અને આટલું બધું આપની પાસે હતું. અમારા જેવાની દૃષ્ટિએ આપ અભિમાન કરવાના ખરા હક્કદાર હતા. છતાં જરાય ગર્વની લાગણી આપને કેમ ન થઈ ? બિચ્ચારી આઠ આઠ વિપુલ સંપદાઓને પણ નિરાશા અને નિષ્ફળતાનો અહેસાસ કે અફસોસ રહી ગયો હશે કે અમારી કાંઈ ક્રેડિટ ન કરી ! જરાય ગર્વ આપને કેમ ન થયો ?

વાત્સલ્ય નીતરતી વાણીથી પ્રત્યુત્તર વાળતાં પ્રભુ ગૌતમ મને કહી રહ્યા છે : 'વત્સ, એ સંપદાઓ પર ગર્વ કેવી રીતે કરું ? એ મારી હતી જ ક્યાં ? એ તો પ્રભુકૃપાની નીપજ હતી. તેના ઉપર મારાથી માલિકીભાવ કેવી રીતે કરાય ? હું જ જ્યાં પ્રભુનો છું ત્યાં મારું શું હોય ? **दासेन मे खरः क्रीतः दासोऽपि मे खरोऽपि मे ।** (મારા દાસે ગધેડો ખરીદ્યો દાસ પણ મારો ગધેડો પણ મારો) એ ન્યાયે હું પણ પ્રભુનો અને મારું જે કાંઈ છે તે પણ પ્રભુનું. તેનો યશ મારાથી કેમ લેવાય ?

મેં થોડું ડહાપણ ડહોળ્યું : 'ભલે આ વિપુલ સમૃદ્ધિ પ્રભુકૃપાથી મળી. પણ પ્રભુની કૃપા તો આપની ભક્તિ અને યોગ્યતા થકી જ સંપ્રાપ્ત

થઈ છે ને ? એટલે, આખરે માલિકીહક્ક તો આપનો જ આવ્યો ને ?

અને ત્યારે સ્વામી પ્રેમથી મારા માથા ઉપર ટપલી મારતાં જાણે મને કહી રહ્યા છે : 'અને, એ ભક્તિ તથા યોગ્યતાનું પ્રાગટ્ય મારામાં કેવી રીતે થયું ? પ્રભુની કૃપા વિના એક સામાન્ય શુભ ભાવ પણ સ્પર્શે નહિ, તો વિશિષ્ટ ભક્તિભાવ કે ઊંચી યોગ્યતા પ્રભુની કૃપા વગર ક્યાંથી સીઝે ? હવે બોલ, આ લબ્ધિ કે સિદ્ધિઓ ઉપર માલિકીહક્ક પ્રભુનો કહેવાય કે મારો ?

મને કલિકાલ સર્વજ્ઞના ઉદ્‌ગાર યાદ આવી ગયા : **मत्प्रसत्तेस्त्वत्प्रसादादियं पुनः ।**

'મારી ભક્તિથી તારી કૃપા, પણ તારી કૃપા થકી તો મારામાં ભક્તિના ભાવ પ્રગટે છે !

પરાયા માલ અપના કરીને અથવા પારકો માલ પોતાનો છે, તેવા ભ્રમમાં બીજાને રાખીને મફતિયા યશ અને ફોગટની પ્રશંસાના હારતોરા પહેરવા મસ્તક ઝુકાવીને ઊભેલા માનવોની જંગી કતાર એક બાજુ નજરે ચડે છે, તો બીજી બાજુ હક્કના યશ અને માનપાનનીય એક ફૂલપાંખડી પણ મસ્તકે ચડી ન જાય તે માટે આઘા અને અળગા રહેતા પ્રભુ ગૌતમ ! નિરહંકારિતાનાં હજુ ઘણી જગ્યાએ દર્શન થાય પણ આવી ટોચની પ્રશંસા-ભીરુતા તો ગૌતમ જેવા વિરલ વ્યક્તિત્વમાં જ નિખરી શકે.

પોતાનું આ લખલૂટ ઐશ્વર્ય પ્રભુ ગૌતમના દૃષ્ટિપથમાં આવતું નહોતું કારણ કે તેમની દૃષ્ટિ તો મંડાયેલી હતી પ્રભુ વીરના અનંત ગુણસામ્રાજ્ય ઉપર. અષ્ટપ્રાતિહાર્ય અને ૩૪ અતિશયનાં અનંત ઐશ્વર્ય જેમની નજર સમક્ષ અને હૃદય સમક્ષ સદા તરવરતા હોય તે પ્રભુ ગૌતમ પોતાના વિશિષ્ટ ઐશ્વર્ય ઉપર મૂછો ક્યાંથી મરડે ? તે તો માનતા હતા કે **હું જો ગૌરીશંકરનું શિખર છું, તો પ્રભુ વીર એવરેસ્ટના શિખરે**

**વિરાજે છે.** એક નાનકડી વિશેષતા ઉપર અહંના કસુંબા ઘોળતી વખતે આપણી નજર ઉપરની અટારીએ કેમ નહિ પહોંચતી હોય, જ્યાં આપણાથી ચાર ચાંદ ચડી જાય તેવા વિરલાઓનાં વૃંદ અગણિત સંખ્યામાં ખડા છે ? સહેજ નજર ત્યાં દોડાવીએ તો આપણા અહંકારની ઈમારત કડડભૂસ થઈને તૂટી પડે. આપણે જો શેર છીએ તો સવા શેર, દોઢ શેર, પોણા બશેર, અઢી શેર, ત્રણ શેર અને ઊઠ શેરનો દુનિયામાં તોટો નથી.

અનંત ઐશ્વર્ય કે શાશ્વત આંતરઋદ્ધિ છતાં પ્રભુ વીતરાગ છે અને હું તેની સામે સાવ મામૂલી ગણાતી સિદ્ધિઓ પર મુસ્તાક બનું ? પ્રભુ ગૌતમનું આ ગણિત આપણે ક્યારે ઘૂંટીશું ? પેંડો ખાઈને ચા પીઓ ત્યારે ખબર પડે કે જે ચાની મીઠાશને તોડી નાંખે તેવાં પરિબળો દુનિયામાં ચિક્કાર છે, તે ચાએ કઈ વાત ઉપર ગુમાન કરવાનું ? તે ચા ઉપર ચકચૂર શું બનવાનું ? અક્કડ તાડમાંથી માખણ જેવા મુલાયમ આપણે ક્યારે બનીશું ? વિનશ્વર વૈભવ ઉપર આટલું ઘેન ? નાશવંત નઝારા ઉપર આ નશો ? જેને સડન, પડન અને વિધ્વંસનનો અભિશાપ વરેલો છે, તે તકલાદી તૂટીફૂટી ખાટલી ઉપર તુમાખી કેવી રીતે કરાય ? આ સંસારમાં એક વિનાશિતા સિવાય બીજું શાશ્વત છે શું ? પ્રભુ ગૌતમને તો જાણે પ્રભુ વીરની માત્ર એક સર્વજ્ઞતા આગળેય બધું ફિક્કુંફસ લાગે છે. અને **ત્રણ સાંધતાં તેર તૂટે એવા ચીંથરેહાલ લૂગડા ઉપર આપણો અહં આકાશને આંબતો હોય, તો પ્રભુ ગૌતમના નામમંત્રની આરાધના હવે ઑક્સિજનના સિલિન્ડરની જેમ આપણે સતત ગળે વળગાડી રાખવા જેવી છે.**

✦ ✦ ✦

જે નિજ ગુણ-સ્તુતિ સાંભલિ, શિર નીચું ધરે રે,
તસ ગુણ જાયે ઊંચા, સુરવરને ઘરે રે.........૧
જે નિજ ગુણ મુખ બોલે, ઊંચી કરી કંધરા રે,
તસ ગુણ નીચા પેસે, બેસે તલે ધરા રે........૨

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.
સમુદ્ર-વહાણ સંવાદ

## હે ગૌતમસ્વામી!

આપ
આનંદ-શ્રાવકને મિચ્છા મિ દુક્કડં દેવા ગયા
હાલિકને પ્રતિબોધ કરવા ગયા,
કે દેવશર્માને બૂઝવવા ગયા.........
તેવા કોઈ પણ પ્રસંગે
પ્રથમ ગણધર, મહાજ્ઞાની કે ૫૦ હજાર કેવલીના ગુરુ
તરીકેનું આપનું સ્ટેટસ
આપને કાંઈ નડ્યું નહીં.
અમારા સ્ટેટસમાં કાંઈ દમ નથી.
અને, છતાંય
ડગલે ને પગલે કેટલીયે બાબતોમાં
અમારું સ્ટેટસ અમને નડે છે.
અમારું આ સ્ટેટસનું નડતર દૂર થાય
તેવી કરુણા કરજો.

## ❑ Thanks Ego !

એક shoe companyની જાહેરાતમાં સ્લોગન મૂકેલું હતું : "Bottoms for the Toppers" જેની Bottom ઊંચી તેની Top ઊંચી. ગૌતમ મહાન (Top) હતા, કારણ કે તેમની વિનમ્રતા (Bottom) ખૂબ ઉંચી હતી. તેમની લઘુતાની ઊંચાઈ માપી મપાય તેવી નહોતી. પ્રભુ ગૌતમને જાણ્યા પછી કહેવાનું મન થાય - Toppers are always at the Bottom. અંગ્રેજીમાં એક સરસ વાક્ય છે : If you wish to reach at the top begin at the bottom.

પ્રભુ ગૌતમ એટલે આઈસબર્ગ પર્સનાલિટી. તમે બહુ મથો તો કદાચ તેની ઉપરની થોડી ટોચ જાણી શકો, તળિયું તો હાથમાં આવે જ નહિ. તેમના જીવનમાં તમે ગમે તેટલા ઊંડા ઊતરી રહસ્યખોજ ચાલુ રાખો તે ખોજ સદા અધૂરી રહેવા જ સર્જાયેલી છે.

ક્યાં ગર્વિષ્ઠ ઈન્દ્રભૂતિ અને ક્યાં વિનમ્ર ગૌતમ ! મનમાં ઘોળાતી આત્મવિષયક શંકાનો એક પ્રશ્ન કોઈને પૂછવામાં જેમને પોતાના અહંની ઈમારતને ગોબો પડી જવાનો ડર લાગતો હતો, તે જ વ્યક્તિ અજ્ઞ શિશુ બનીને પ્રભુ વીરની સામે ૩૬ હજાર પ્રશ્નોની હારમાળા રચે છે. અહો આશ્ચર્યમ્ ! જે ૧૨-૧૨ વર્ષ ગણિકાના મોહપાશમાં બંધાયેલા રહ્યા હતા

તે જ સ્થૂલિભદ્ર મુનિ તે જ ગણિકાના આવાસમાં નખશિખ નિર્મોહી ચાતુર્માસ ગાળી આવ્યા, ત્યારે ગુરુદેવે 'દુષ્કર દુષ્કર' કહીને તેમને નવાજ્યા. એક પ્રશ્ન પૂછવામાં પણ જેમને પોતાના અહંકારની ઈમારત સામે જોખમ જણાતું હતું, તેવી ઘમંડી વ્યક્તિ બાળસહજ જિજ્ઞાસાથી હજારો પ્રશ્નોની શૃંખલા રચે ત્યારે 'દુષ્કર દુષ્કર'ની જેમ 'કમાલ કમાલ' કહીને તે વિનમ્રતાનાં ઓવારણાં લેવાનું મન થાય. **તોતિંગ અહંકારને મુલાયમ વિનયમાં કન્વર્ટ કરનાર પ્રભુ વીરની દક્ષતાને સો સો સલામ!**

પ્રભુ વીરનું તો જાણે દોષવાનને ગુણવાનમાં કન્વર્ટ કરવાનું મિશન જ ચાલતું હતું. ગર્વિષ્ઠ ઈન્દ્રભૂતિ, ઘાતકી અર્જુન માળી અને ક્રોધી ચંડકૌશિક જેવા કૈંક આત્માઓ પ્રભુ વીરના આ કન્વર્ઝન પ્રોગ્રામનો ટારગેટ બન્યા. **'ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ' 'ગણધર ગૌતમ' બન્યા, તે એક બ્રાહ્મણનું એક જૈન તરીકેનું કન્વર્ઝન નહોતું, પરંતુ એક અહંકારી પંડિતનું એક વિનમ્ર શ્રમણમાં કન્વર્ઝન હતું.**

વિચારતા ક્યારેક લાગે કે : સારું થયું, ઈન્દ્રભૂતિ વગેરે અગિયારેય બ્રાહ્મણો અહંકારી હતા. ઈન્દ્રભૂતિને આત્મવિષયક શંકા હતી, તો અન્ય દરેકને કોઈ અલગ બાબતની જ શંકા હતી. કોઈને કર્મવિષયક, કોઈને સ્વર્ગવિષયક, કોઈને નરકવિષયક તો કોઈને મોક્ષવિષયક. જો પોતાના પાંડિત્યનો આફરો ન હોત તો આ દરેક પોતાની શંકાનું બીજા અન્ય પંડિત બ્રાહ્મણ દ્વારા નિરાકરણ કરી શકત. અગિયારેય બ્રાહ્મણોએ પરસ્પર એકબીજાની શંકાનું નિરાકરણ કરી નાખ્યું હોત. અહંકારને કારણે તેમ ન થયું અને અંદરની શંકા અંદર જ રહી ગઈ. તે મનોગત શંકા સર્વજ્ઞ પ્રભુએ જાણી ને તે શંકાનું નિર્મૂલન કરી બતાવ્યું, ત્યારે પ્રભુ શાસનને આ

ગણધરોની ભેટ મળી! **Thanks Ego !** સો સો સલામ ઈન્દ્રભૂતિના અહંકારને! 'અહંકારોડપિ બોધાય' તે તો પ્રભુ ગૌતમના માટે, આપણા માટે તો અહંકારોડપિ લાભાય! ઈન્દ્રભૂતિએ અહંકારથી શંકાને સંઘરી રાખી તો આવા અપ્રતિમ બુદ્ધપુરુષ આપણને એક ઉપાસ્ય તત્ત્વ તરીકે સાંપડ્યા.

શ્રી ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામી અને વીરપ્રભુના પ્રશ્નોત્તરની શૈલી નિહાળતા આ ગુરુશિષ્યનો સંબંધ કઈ ઊંચાઈએ હશે, તેનો કાંઈક અંદાજ આવે. પોતાની હોશિયારીનું પ્રદર્શન કરવા માટે એ પ્રશ્નોની શ્રેણી નહોતી રચાઈ. અહંકારના પોષણની ભોજનશાળામાં એક નવી વાનગીનો ઉમેરો થયો હોય, તે રીતે ગૌતમ પ્રભુએ ક્યારેય એ ઉત્તરોને ઝીલ્યા નથી. નવી વાત સાંભળ્યા પછી રુગ્ણ વ્યક્તિત્વને અહંકારના ઍટૅક આવે, પ્રભુ ગૌતમને તો વિસ્મયના ઍટૅક આવતા હતા.

રવિવારીય શિબિરમાં ક્યારેક 'માતાપિતા પ્રત્યેના સંતાનોના કર્તવ્ય'નો વિષય ઊંચકાયો હોય, ત્યારે સભામાં બેઠેલા કોઈ પિતાજીની આંખ બાજુમાં બેઠેલા દીકરાને ઈશારો કરીને જાણે કહેતી હોય છે : 'સાંભળ, સાંભળ તારે ખાસ સાંભળવા જેવું છે.

બીજા કોઈ રવિવારે 'માતાપિતાની સંતાનો પ્રત્યેની ફરજ'નો વિષય ચચ્યો હોય, ત્યારે તે સભામાં તે જ બે વ્યક્તિ વચ્ચે એ જ નયનાભિનયનાં દશ્યનું રિ-કેપ થતું હોય છે. માત્ર રોલ ઈન્ટરચેઈન્જ થઈ ગયો હોય છે. પ્રવચનસભામાં પ્રવચનકારના મુખેથી ઊછળતી પાઘડીઓ અને ટોપીઓ કેટલાક વીણી લેતા હોય છે અને જેને જેને બંધબેસતી લાગે તેના માથે ઓઢાડી દેતા હોય છે. પ્રવચન ચાલતું હોય ત્યારે ઘણાખરા શ્રોતોઓનાં મગજમાં પ્રવચનની સમાન્તર બંધબેસતાં મસ્તકની ખોજ પણ ચાલુ હોય છે. પ્રભુ ગૌતમ તો એવા શ્રોતા છે, જે

પ્રભુના મુખમાંથી નીસરતા પ્રત્યેક વચનને એવી કૂંચી સમજીને ગ્રહણ કરે છે કે જેનાથી પોતાના જીવનનું કોઈ ને કોઈ તાળું ખૂલી જતું હોય. પ્રભુ ગૌતમ જેવું શ્રોતૃત્વ પણ મારામાં ક્યારે પ્રગટશે?

કાંઈક નવું જાણવા મળે તેને બીજાને આંજી દેવા માટેની ટૉર્ચબેટરી તરીકે આપણે તેને સંઘરી લેતા હોઈએ છીએ. જ્યારે પ્રભુ ગૌતમ માટે તો જાણવાનું નવું કાંઈ નહોતું તે છતાં પ્રભુની દેશના કે પ્રભુના ઉત્તરો જાણીને ખુદ અંજાઈ જાય છે અને તે અંજાઈ જવાથી જ તે કૃતકૃત્યતા અનુભવે છે. **અન્યના ગુણ-વૈભવથી, પ્રભુનાં વચનોથી કે ઉત્તમ વિચારોથી અંજાઈ જવાનો સાત્ત્વિક આનંદ, પોતાની પ્રતિભાથી માત્ર પોતાની બડાઈ ખાતર બીજાને આંજી દેવાના તુચ્છ અને તામસી આનંદ કરતાં, કાંઈગણો ચડિયાતો છે.**

✦✦✦

શૈલ સ્તંભ જીમ સદા રહે, વંકો વયરી અભિમાન
નમાવ્યો નમે નહિ રે, દૂરે તસં ધર્મ ધ્યાન

-વિશુદ્ધ વિજય
તેર કાઠિયાની સજ્ઝાય

## હે ગૌતમસ્વામી!

અહંકારે આપને પ્રભુનો ભેટો કરાવ્યો,
રાગે આપને પ્રભુ સાથે પ્રીત જોડી આપી,
વિષાદે આપને કૈવલ્યની ભેટ ધરી...
દોષો પણ આપને ફળ્યા
અને, મને તો ગુણો પણ ક્યાં પૂરા ફળે છે ?
આશંસા, અપેક્ષા, આત્મશ્લાઘા આદિ
શલ્યો અને અશુદ્ધિઓથી
મારા યત્કિંચિત્ ગુણો પણ ખરડાયેલા છે !
આપને દોષો પણ ફળ્યા
મને ગુણો તો ફળે...
તેવી કૃપાવર્ષા કરો.

# ❑ અંધત્વનો ઉપચાર

પ્રભુ ગૌતમ પાસે ઘણું હતું, તે તેમની વિશેષતા નહોતી, જે હતું તે પચેલું અને પરિણત હતું, તે તેમની મોટી ખાસિયત હતી. અજીર્ણ બહુ મોટો રોગ છે. **सर्वे रोगाः अजीर्णप्रभवाः ।** રૂપ, બળ, ધન, જ્ઞાન, તપ વગેરે શક્તિઓ પુણ્યોદયથી કે ક્ષયોપશમના પ્રભાવે મળી તો જાય, પરંતુ મળ્યા પછી તેનું પાચન થવું જોઈએ. જો તે શક્તિઓ પચે નહિ તો ફૂટી નીકળે. કોઈ પણ શક્તિનો અપચો અનેક ઉપાધિઓ ઊભી કરે.

સામાન્ય રીતે આરોગ્યના વિષયમાં માણસ ભોજન સંબંધી ત્રણમાંથી એક પણ તકલીફ ચલાવી લેવા તૈયાર નથી. પહેલી તકલીફ ભૂખ ન લાગવાની. ભૂખ ન લાગે તો તરત તે ડૉક્ટર પાસે જઈને ફરિયાદ કરે છે અને ઉપચાર કરાવે છે. ભૂખ લાગે પણ રુચિ ન થાય તોપણ તે અકળાય છે. ભૂખ ખૂબ લાગે પણ ભોજનની વાનગી આંખ સામે આવતાંની સાથે ઊબકા આવે. આ તકલીફ પણ તેને પીડે છે. તરત અરુચિના દોષનો તે ઉપચાર કરે છે. ત્રીજી તકલીફ છે; અપચાની. ભૂખ લાગે, રુચિ પણ થાય અને તેથી ભોજન આરોગી પણ શકે, પરંતુ ખાધેલું પચે નહિ. જે ખાય તેનું અજીર્ણ થાય. આ તકલીફથી માણસ હેરાન હેરાન થઈ જાય છે. પાચનની ફાકીઓ અને ડાયજેસ્ટીવ પીલ્સ ખાઈને ખાધેલું

પચાવવા મથે છે.

ભોજનની જેમ શક્તિઓ અને ગુણો પચાવવા પણ ખૂબ અઘરા છે. હોજરીની ક્ષમતા કરતાં વધારે કે ભારે ખોરાક વપરાઈ જાય તો અજીર્ણ થઈ જાય છે, તેમ પોતાની યોગ્યતા અને પાત્રતા કરતાં વધારે શક્તિ કે ગુણ આવી જાય તો તે પચાવવાનું કાર્ય ભારે થઈ જાય છે.

પ્રભુના શાસનમાં પ્રાપ્તિ કે પ્રદાનનો જેટલો મહિમા છે, તેના કરતાં પાત્રતાનો મહિમા વિશેષ છે. પદ, સત્તા, મંત્ર, વિદ્યા, શ્રુત વગેરે જો અપાત્રના હાથમાં જઈ ચડે તો ભારે નુકસાન નોતરે. પ્રભુ વીરને વૈશાખ સુદ-૧૦ના દિને કેવલજ્ઞાન થયું અને તે દિવસે પાત્ર જીવોનો યોગ ન થયો, તો શાસન સ્થાપના મુલતવી રહી. વૈશાખ સુદ-૧૧ના દિવસે ઈન્દ્રભૂતિ વગેરે સુયોગ્ય જીવોનો યોગ થતાં શાસન સ્થાપના થઈ. કેવલજ્ઞાનના દિવસે જ શાસન સ્થાપના થાય તે અનાદિસિદ્ધ લોકવ્યવસ્થાનો ભંગ થયો. એક અચ્છેરું થઈ ગયું. પાત્ર જીવો ન મળવાથી કેવલજ્ઞાનના દિવસે શાસનસ્થાપના ન થાય તેવું અચ્છેરું બની શકે, પરંતુ પાત્ર જીવો ન મળવાથી અપાત્રને ગણધર બનાવી કોઈ તીર્થંકર પરમાત્મા કેવલજ્ઞાનના દિવસે જ શાસનની સ્થાપના કરવાની અનાદિસિદ્ધ પ્રણાલિકાને વળગી રહે તેવું અચ્છેરું તો કદાપિ ન બને.

પ્રભવસ્વામીને સ્વગચ્છમાં, શ્રમણસંઘમાં કે સકલ જૈન સંઘમાં પોતાની પાટને વિભૂષિત કરે તેવી પાત્રતાવાળો કોઈ જીવ ન દેખાયો, તો અન્યત્ર દૃષ્ટિ દોડાવી અને શય્યંભવ બ્રાહ્મણને શોધી કાઢ્યા, પરંતુ વિશિષ્ટ યોગ્યને જ પાટે બેસાડ્યા.

પૂર્વના જ્ઞાનનો વિચ્છેદ થવાના નુકસાન કરતાં અયોગ્યને શ્રુતાધિકાર આપવાનું નુકસાન શ્રી ભદ્રબાહુસ્વામીએ મોટું જાણ્યું. પ્રાપ્ત શ્રુતના અજીર્ણથી રુગ્ણ બનેલ કામવિજેતા સ્થૂલિભદ્રજીને છેલ્લા ચાર

પૂર્વના અર્થ ન ભણાવ્યા, તે ન જ ભણાવ્યા.

**अजीर्णे भोजनत्यागः ।** અજીર્ણ થયા પછી તે મટે નહિ ત્યાં સુધી તમે ખાવાની યોગ્યતા ગુમાવી દીધી છે.

અજીર્ણનાં લક્ષણો છે : આફરો ચડે, ગંદા ઓડકાર આવે, પેટમાં ચૂંક આવે, અરુચિ થાય, શરીરમાં વિકૃતિ પેદા થાય.

પ્રાપ્ત શક્તિ પચે નહિ, તેને ઘમંડનો આફરો ચડે.

અજીર્ણ થવાથી મુખમાંથી ગંદા ઓડકાર નીકળે. જેને શક્તિનું અજીર્ણ થયું હોય, તેના મુખમાંથી આપબડાઈ અને આત્મશ્લાઘાના ગંદા ઓડકાર નીકળ્યા જ કરે. અજીર્ણગ્રસ્તને પોતાની હોશિયારી હાઈલાઈટ કર્યા વગર ચેન ન પડે.

અજીર્ણ થયું હોય તેને પેટમાં ચૂંક આવે, તેમ જેને શક્તિનું અજીર્ણ થયું હોય તેને બીજાનો ઉત્કર્ષ નિહાળીને પેટમાં પીડા ઊપડે. અન્યના ઉત્કર્ષને તે સહન ન કરી શકે.

અજીર્ણમાં ભોજન રુચે નહિ. શક્તિનું અજીર્ણ થતાં અન્ય જીવો પ્રત્યે તિરસ્કાર અને ફિટકાર પેદા થાય. બધાને હડહડ કરવાનું મન થાય. **રુઆબનો રુઆબ કાંઈ અનેરો હોય છે.**

અજીર્ણ થતાં શરીરમાં વિકારો પેદા થાય. શક્તિનું અજીર્ણ થતાં, વાણી અને વર્તન વિકૃત બને. શબ્દના ટોન અને વૉલ્યૂમ ફરી જાય.

**પણ પ્રભુ ગૌતમ તો પરિણત મહામુનિ હતા. લબ્ધિઓનો મહાવૈભવ અને પુણ્યનું મહાસામ્રાજ્ય તે પચાવીને બેઠેલા હતા.** આત્મશ્લાઘાની વાત તો દૂર રહી, અન્ય દ્વારા સ્વયંભૂ થતી શ્લાઘાથી પણ તે વેગળા અને અળગા રહેતા. આ કોઈ અનોખી, નિરાળી અને અનેરી વિભૂતિ હતી, જેની ગરિમા અસીમ હતી પરંતુ ગર્વ જરાય નહોતો. પરિણત શક્તિઓ તેજ અને ઓજ રૂપે તેમના સકલ અસ્તિત્વમાં એક રસ

થયેલી જણાતી હતી. અહં પોષી શકાય તેવા અઢળક વૈભવથી પરિવરેલા ગૌતમ પ્રભુ અહંકારશૂન્ય છે. માનકષાયને આવી ચમચમતી તમાચ ભાગ્યે જ પડતી હશે. અહં અને મમના કોચલામાં કેદ થયેલા ઈન્દ્રભૂતિ, ગૌતમસ્વામી તરીકે રૂના પૂમડા જેવા લઘુ બનીને અધ્યાત્મના ઉચ્ચ ગગનમાં ઉડ્ડયન કરવા લાગ્યા. જ્ઞાનસારનો શ્લોક હોઠે રમી રહ્યો છે:

**अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ।।४।१**

અહં અને મમના મન્ત્રપ્રયોગ દ્વારા મોહરાજાએ જગતના જીવોને અંધ બનાવ્યા છે. સામાન્યથી મેલી વિદ્યાનો પ્રયોગ કરનાર વ્યક્તિ મંત્ર પોતે ભણે અને તેની અસર બીજા પર થાય. મોહરાજાએ તો મન્ત્ર ભણવાની તસ્દી પણ પોતાના માથે ન રાખી. તેણે જીવોને જ આ મન્ત્ર પઢાવી દીધો. ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પણ જોરશોરથી આ મન્ત્ર રટી રહ્યા હતા. 'હું પંડિત શિરોમણિ! મારું જ્ઞાન! મારી પ્રતિષ્ઠા! મારી કીર્તિ! મારો શિષ્યગણ!' અને આ મન્ત્રના સતત જાપથી અંધાપો તેમનેય લાગુ પડ્યો.

અંધ વ્યક્તિ મૂંઝાય અને અકળાય. પોતાની આત્મવિષયક શંકા નહોતી પ્રગટ કરી શકાતી કે નહોતું તેનું કોઈ સમાધાન મળતું. ખૂબ મૂંઝારો હતો, પણ તે ભોગવ્યા વિના છૂટકો નહોતો. અંધત્વની એ લાચારી હતી.

અંધનું બીજું દુઃખ એ કે એ ભૂલો પડે. ઈન્દ્રભૂતિ મિથ્યાજ્ઞાનની ઘોર અટવીમાં ભૂલા ભમતા હતા, પથભ્રષ્ટ બનેલા હતા.

અંધની ત્રીજી પીડા - તેને સતત જોખમ હોય. ક્યારેક આગને પણ અડી જવાય અને ક્યારેક મોરથૂથું પણ મોઢામાં નંખાઈ જાય. અહંકારીને પોતાના હિતાહિત દેખાય નહિ. તે સતત પોતાના આત્માનું અહિત

નોતરતો રહે. ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ આત્મહિતના રસ્તેથી ખાસ્સા દૂર હતા.

અને, અંધની ચોથી પીડા - એ ગમે ત્યાં પટકાઈ જાય અને ગમે તેની સાથે અથડાઈ પડે. જુઓને, ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પ્રભુ વીર સાથે અથડાઈ જ પડ્યા ને ! પણ, આ તો નિષ્ણાત Opthemologist હતા. તેમણે તો સામે આવીને અથડાઈ પડેલા આ Blind Patientની તત્કાલ Eye-Surgery જ કરી નાંખી. કોણ જાણે તેમણે કઈ લેસર પ્રક્રિયા અજમાવી કે અંધ ઈન્દ્રભૂતિ હવે દૃષ્ટિવંત ગૌતમ બની ચૂક્યા હતા ! આંખમાં દૃષ્ટિ તો આવી ગઈ અને હોઠ ઉપર રટાતો મન્ત્ર પણ ફેરવાઈ ગયો. 'અહં' અને 'મમ'ના મંત્રની આગળ 'ન' ઉમેરાઈ ગયો. ન અહં - ન મમ. આ મંત્રના ગર્ભમાં તેમનું અસ્તિત્વ વિલીન થઈ ગયું. 'હું કાંઈ નથી, મારું કોઈ નથી' તોતિંગ 'હું'નું એક વિરાટ શૂન્યમાં વિસર્જન થયું. 'હું'નો ભારેખમ બોજો માથા પરથી ઊતરી ગયો. ઈન્દ્રભૂતિને વળગેલું 'હું' નામનું ભૂત પ્રભુ વીર નામના ભુવાએ ભગાડી મૂક્યું.

✦ ✦ ✦

વિનય-શ્રુત-તપ-શીલ ત્રિવર્ગ હણે સર્વે
માન તે જ્ઞાનનો ભંજક હોવે ભવોભવે
લુંપક છેક વિવેક-નયનનો માન છે
એહ જે છાંડે તાસ ન દુઃખ રહે પછે

-મહોપાધ્યાય શ્રી યશોવિજયજીમ.સા.
માનની સજ્ઝાય

## હે ગૌતમસ્વામી!

હાલિક જેવાને પણ આપે બૂઝવ્યો...
૧૫૦૦ જટાધારી તાપસોને પણ આપે બૂઝવ્યા...
મને નહિ બુઝવો ?
અને, હાલ કદાચ મારામાં
તેવી પાત્રતા ન જણાતી હોય
તો ભલે બૂઝવો નહિ,
બુઝાવો તો ખરા!
વિષયની, કષાયની એ દુર્ધ્યાનની આગમાં
બળી-જળી રહ્યો છું
કરુણામૃતનો છંટકાવ કરીને
મને બુઝાવો... નાથ!

# ☐ બિચ્ચારો 'હું'!

સાધક અને પરમાત્મા વચ્ચેનું સૌથી મોટું વ્યવધાન જ 'હું' છે. સાધનામાર્ગમાં 'હું' જેવો મોટો વિક્ષેપક બીજો કોઈ નહિ હોય. 'હું'ના નડતરથી ક્યારેક તે સાધક અતિશય હતાશ થઈ જાય છે. આવી હતાશાની એક શાનદાર અભિવ્યક્તિ કોઈ સાધકપુરુષના હૃદયોદ્‌ગારમાં જોવા મળે છે :

**એ અગોચર તત્ત્વ સાથે ક્યાં કશું સંધાય છે ?**
**એકવચન પહેલો પુરુષ ત્યાં વચ્ચે આવી જાય છે.**

ખૂબ આશ્ચર્ય લાગે - 'હું'નો ડુંગરો કેવી રીતે ટકતો હશે ? 'હું'ને ઊભા રહેવા માટે આધાર જ ક્યાં છે ? કોઈને તેની ૧૦૦ કરોડની સંપત્તિનો ગર્વ થાય છે. પરંતુ તેના તે ૧૦૦ કરોડ સમગ્ર દુનિયાની કુલ સંપત્તિના કેટલા ટકા થાય ? અને ત્રણેય કાળની તથા ત્રણેય લોકની કુલ સંપત્તિનું ટોટલ કરીએ તો તેના તે કેટલા ટકા થાય ? દુનિયાની કુલ સંપત્તિના અબજોના અબજમા ભાગ જેટલી સંપત્તિ પણ પોતાની પાસે નથી અને મહાશ્રીમંત તરીકેના ફાંકા મારતો હોય તે શ્રીમંત (!) કેવો ગરીબ લાગે ?

'હું ખૂબ જ્ઞાની છું' એવું જે બબડતો હોય તે વ્યક્તિનું જ્ઞાન તેના

પોતાના જ અજ્ઞાનના કેટલામા ભાગે છે તે જાણવાની તે ક્યારેય કોશિશ કેમ નહિ કરતો હોય ?

કોઈ C.A.ના ઘરની દીવાલ પર લટકતું તેનું C.A.નું સર્ટિફિકેટ એટલે સાયન્સ, આર્ટ્સ, લૉ, એન્જિનિયરિંગ, મેડિકલ, કમ્પ્યુટર, મૅનેજમેન્ટ, પૉલિટિક્સ, જર્નાલિઝમ, બૅન્કિંગ, કોસ્ટિંગ વગેરે અઢળક વિષયોનું તે અજ્ઞાન ધરાવે છે, તેની એક જાહેર ઉદ્‌ઘોષણા.

પોતાના વિશાળ આલીશાન બંગલાનો જેને ગર્વ પીડતો હોય તેણે, પોતાના શહેરનો નકશો દોરી તેમાં પોતાના વિશાળ ( !) બંગલાનું સ્થાન શોધી લેવું અને રાજ્યના, રાષ્ટ્રના કે દુનિયાના નકશામાં તે બંગલાનું અસ્તિત્વ ક્યાં ? તે વિચારી લેવું.

દરેક વ્યક્તિનો પરિચય બે પ્રકારનો હોય છે : નિરપેક્ષ પરિચય (Obsolute Identity) અને સાપેક્ષ પરિચય (Relative Identity) પોતાની પાંચ કરોડના માલિક તરીકેની સ્વતંત્ર ઓળખાણ એ Obsolute Identity છે. પરંતુ કંઈક અબજોપતિઓના અસ્તિત્વના સ્વીકાર પૂર્વક પોતાની કરોડપતિ તરીકેની ઓળખાણ એ Relative Identity છે. દરેક બાબતમાં માણસ પોતાની Relative Identityને લાગુ કરતો જાય તો બિચ્ચારા અહંકારનું શું ગજું ?

આપણો 'હું' કેટલો પોલો, બોદો અને પોકળ છે અને છતાંય તેનું વજન કેટલું ભારેખમ હોય છે ! ઐશ્વર્યહાનિ કે માનહાનિના હાઈ સ્કેલના ભૂકંપ છતાં અડીખમ ઊભી રહેતી અહંકારની ઈમારતનો પાયો કેટલો પોલાદી હશે ! અપમાન થાય છે ત્યારે 'હું' પર પ્રહાર થાય છે, પણ 'હું'ની વાસના તો બમણા વેગથી ઊછળે છે. અરિહંતદેવ આદિની અપેક્ષાએ વિચારીએ તો ઐશ્વર્ય, બળ વગેરે દરેક બાબતમાં આપણે **'ઝીરો'** છીએ અને છતાં **'હીરો'** થઈને ફરીએ છીએ. આપણા 'હું' ની યોનિ એટલી

બધી કઠણ છે કે તોડીફોડીને ફુરચા કરી નાંખે તેવા ભયંકર આંચકાઓ અને વિસ્ફોટો છતાં તે 'હું'ની કાંકરી પણ ખરતી નથી.

અહંનું સર્વથા ખરી પડવું અને પરમાત્મસ્વરુપનું પ્રાગટ્ય થવું. આ બંને ઘટના વચ્ચેના કાર્યકારણભાવને કોક કવિએ સુંદર શબ્દદેહ આપ્યો છે :

**અહં રે અહં ! જાને તું મરી,**
**બાકી જે બચે તેનું નામ હરિ.**

આમ તો અહં અને અર્હં વચ્ચે માત્ર એક રેફનું જ અંતર છે. પરંતુ તે સીધું કપાતું નથી. અર્હંની આરાધના ફળે ત્યારે અર્હંમાં રહેલો રેફ અગ્નિબીજ બનીને અહંને બાળી નાખે છે. જે શૂન્યાવકાશ સર્જાયો તેમાં અર્હં આકાર લે છે. વર્ષારૂપે ધરતીને મળતું પાણી આમ તો ધરતી ઉપર રહેલા દરિયાનું જ છે. પરંતુ દરિયામાંથી ડાયરેક્ટ ધરતીને સપ્લાય નથી મળતો. પ્રવાહી સ્વરૂપ છોડી બાષ્પ સ્વરૂપે સમુદ્રનું પાણી ક્ષારરહિત બની ગગનારોહણ કરે છે અને નવેસરથી શુદ્ધ પાણીનું નિર્મળ સ્વરૂપ ધારણ કરી ધરતી પર અવતરણ કરે છે. આ જ રીતે અહંનું દૂરીકરણ થાય છે, ત્યારે નિર્મળ અર્હં અવતાર પામે છે.

જે 'હું' ને આપણે કોહિનૂર હીરા કરતાંય કીમતી માનવાના ભ્રમમાં રાચીએ છીએ, તે 'હું' ની વાસ્તવિક કિંમત ફૂટેલા ઠીકરા જેટલીય નથી. **હું કોણ માત્ર ? કાળના અવિરત પ્રવાહમાં વહેતું એક તણખલું માત્ર હું ! વિરાટ લોકના અફાટ ક્ષેત્રના કોક ખૂણાનું એક ઝીણું ટપકું માત્ર હું ! અનંત આત્મરાશિની વચ્ચે દટાયેલું એક જીવડું માત્ર હું ! કર્મરાજની એક કિકથી અસંખ્ય યોજન દૂર જઈને ફંગોળાઈ જનારો એક દડો માત્ર હું! યમરાજાના વિરાટ ભોજનથાળમાં પડેલો અને ગમે તે ઘડીએ તેના મુખનો કોળિયો બની જનારો એક રોટલાનો ટુકડો**

**માત્ર હું! મોહરાજાના ક્રિડાઘરનું તેમને ખેલવા માટેનું એક ખિલૌનું માત્ર હું! દાવાનલના દાહમાં સપડાયેલા ભવવનમાં દાહથી બચવા આમતેમ દોડાદોડ કરતું સસલું માત્ર હું! વિરાટ મેરુના કોઈ એક ઝીણા કંકરનો એક નાનકડો કણિયો માત્ર હું! અજ્ઞાનની કાજળઘેરી રાતના ઘોર અંધકારમાં તગતગતો એક નાનકડો ખજવો માત્ર હું! અસંખ્ય યોજનમાન સ્વયંભૂરમણના જલપ્રવાહમાં પ્રગટેલો એક ક્ષણિક પરપોટો માત્ર હું! અસ્તિત્વના જંગમાં હોમાઈને સ્વાહા થઈ જનારી એક આહુતિમાત્ર હું! રાગદ્વેષની ભઠ્ઠીમાં સતત શેકાઈ રહેલું એક સાંઠીકડું માત્ર હું! કાળની રેતમાં સરકી રહેલું એક અળસિયું માત્ર હું! કર્મસ્વરૂપી આખલાના મોઢામાં ચવાઈ રહેલું સૂકા ઘાસનું તણખલું માત્ર હું! મોહ મદારીના ઈશારે ખેલ ખેલતું એક તોફાની માંકડું માત્ર હું!**

અને, આવા વૈભાવિક, અર્થહીન, નકલી અને ભંગુર 'હું'ને કેવો ભારેખમ માનીને આપણે તેની આરતી ઉતારીએ છીએ! ફૂલહાર ચડાવીએ છીએ! અને રાતદિન તેનાં ઓવરણાં લઈએ છીએ! ઈન્દ્રભૂતિ ગૌતમે પ્રભુ વીરની કૃપાનાં કિરણોના આલંબનથી સડસડાટ વિનમ્રતાની ટોચ પર ચડીને સમર્પણની ઊંડી ખાઈમાં 'હું'નો એવો ઘા કર્યો કે તેનાં હાડકાંપાંસળાંનોય કોઈ પત્તો ન રહ્યો. 'હું અને મારું'નો મંત્રપ્રયોગ બંધ થયો. 'ના હું, ન મારું' મંત્રજાપ ચાલુ થયો અને ઈન્દ્રભૂતિ ગૌતમને દિવ્ય દૃષ્ટિનો ઉઘાડ થયો. 'ચક્ખુદયાણં' (પ્રભુ ચક્ષુના દાતાર છે) પદનો તેમને સાક્ષાત્કાર થયો.

હું સર્વજ્ઞ, હું મહાપ્રાજ્ઞ, હું વાદીવિજેતા, હું ૧૪ વિદ્યાનો પારગામી.... આ બધા વિજ્ઞાપન હવે વિરામ પામ્યા. તે બધા વિજ્ઞાપન

હવે નિષ્પ્રયોજન હતા.

વિજ્ઞાપન તો ત્યાં હોય જ્યાં ગળાકાપ સ્પર્ધાઓ ચાલતી હોય. ઈન્દ્રભૂતિ હવે સ્પર્ધાની રમતમાંથી બહાર નીકળી ગયા હતા. હવે તે બિનહરીફ હતા.

વિજ્ઞાપન તો એને જરૂરી છે, જેના માલમાં 'માલ' ન હોય. માલંમાલ થઈ ગયેલા માલેતુજાર આ માલદારને હવે ઍડ્વર્ટાઈઝમેન્ટના ઓવરહેડ્સ વેઠવાની જરૂર શી? નકલી હીરાને પબ્લિસિટીની લાય લાગે, કોહિનૂર હીરાને જાહેરાતની જરૂર શી? તમે ક્યારેય ગુલાબના પુષ્પને પોતાની પબ્લિસિટી કરતું જોયું છે?

અને વિજ્ઞાપનની તો તેને જરૂર પડે, જેને જરૂરિયાત વગરનાને પણ માલ પધરાવવાની ઝંખના ઊભી થઈ હોય. ઈન્દ્રભૂતિ ગૌતમ તો હવે વેપારી મટીને ગ્રાહક બન્યા છે. ગ્રાહકને વિજ્ઞાપનની જરૂર શું હોય?

પોતાના માલની પબ્લિસિટી કરનાર કંપનીને તો જાહેરાતથી લાભ થાય છે. ટર્નઓવર વધે છે. પણ પોતાની આપબડાઈમાં તો મિથ્યા આત્મસંતોષ સિવાય રિટર્ન કાંઈ નથી. બહુ કડવી પણ સત્ય હકીકત એ છે કે તમારા 'હું'માં તમારા સિવાય પ્રાયઃ કોઈનેય રતિભાર પણ રસ હોતો નથી. ફોટો-આલબમમાં તમારો ફોટો ખૂબ સુંદર છે, તેમ તમે માનો છો, પરંતુ ફોટો-આલબમનાં પાનાં ફેરવતી વખતે સહુ પોતાનો ફોટો શોધે છે. તમારા ફોટોમાં રસ કોને છે?

કોઈ સંસ્થાના મકાનમાં ગ્રૅનાઈટની તક્તીમાં તમારું નામ ગોલ્ડન શાહીથી ચમકી રહ્યું છે. પરંતુ તે નામ વાંચવામાં તમારા સિવાય બીજા કોઈને ભાગ્યે જ રસ પડતો હશે. અને છતાંય નામ અને રૂપની પાછળ આખી દુનિયા કેટલી પાગલ છે! તમારા 'હું'નો મેક-અપ કરવામાં તમે ખૂબ વ્યસ્ત છો. પણ એટલું જાણી રાખજો કે સહુ આયના સામે ડોળા

ફાડીને બેઠા છે. તમારા હેન્ડસમ 'હું'નો એક્સલન્ટ ફોટોગ્રાફ જોવા કોઈ નવરું નથી. નામ અને રૂપના બે પિલર ઉપર 'હું'નો આલીશાન મહેલ રચવા માણસ મથે છે. વિઝિટિંગ કાર્ડ, નેઈમ પ્લેટ, ગ્રેનાઈટની તકતી કે ફોટાના આલબમના બિલ્ડિંગ મટીરિયલથી 'હું' નામના મહેલનું કન્સ્ટ્રક્શન અવિરત ચાલુ હોય છે. પણ કમનસીબી એ છે કે અહંના કન્સ્ટ્રક્શનની લાઈનમાં બધા જ બિલ્ડર છે, ઘરાક કોઈ નથી. મહેલને જોનાર પણ કોઈ નથી.

તમે માનો છો કે મારું અપમાન થયું અન મારું સન્માન થયું. પણ, તમારા તે અપમાન કે સન્માનની કોઈ પણ ઘટનાની બીજું કોઈ ભાગ્યે જ નોંધ લેતું હશે અને જો બીજાની નોંધમાં ન આવે તો અપમાનજનક ઘટના અપમાનજનક રહેતી નથી અને સન્માનજનક ઘટના સન્માનજનક રહેતી નથી. મનમાં જ પરણીને મનમાં જ વિધુર બનવાની મૂર્ખતા આચરીને માણસ નાહકનો રાગદ્વેષ વમળમાં ફસાતો હોય છે.

✦ ✦ ✦

'મેં-મેરા' એ જીવકું બંધન મહોટા જાન
'મેં-મેરા' જાકું નહીં સાચી મોક્ષ પિછાન
'મેં-મેરા' એ ભાવથી વધે રાગ અરુ શેષ
રાગ-શેષ-જાંલોંહિયે (જ્યાંલીહે)
તૌલોં (ત્યાંલીહે) મિટે ન દોષ.

- ચિદાનંદજી
કૃત હિતશિક્ષા

## હે ગૌતમસ્વામી!

ક્યાં તમે અને ક્યાં હું ?
૫૦ હજાર કેવલીના ગુરુ તરીકેની...
ચાર જ્ઞાનના માલિક તરીકેની...
દ્વાદશાંગીના સર્જક તરીકેની...
કે અનંત લબ્ધિના ભંડાર તરીકેની...
વિધ-વિધ મોટાઈ આપને વરેલી હતી
છતાં, આ બધા મોટાઈના વાઘા
આપે ક્યાં કદી પહેર્યા હતા!
અને, મોટાઈનું મટીરિયલ મારી પાસે કાંઈ નથી
છતાંય હું તો મોટાઈનો વટ પહેરીને ફરું છું.
મને વળગેલા
મોટાઈના આ ભૂતને
સ્વામી! ભગાડો.

# □ મોટા બનવાનો રાજમાર્ગ : નાના બનો

**જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે,**
**તૃણ સમ જે ગણે રે, તેહની નિત રહે પાસે.**

આ વાત લક્ષ્મી માટે જેટલી સાચી છે તેટલી જ માન માટે સાચી છે. તમારા નામ-માનની ચિંતા તમે જેટલી ઓછી કરો એટલું તમારું નામ અને માન દુનિયામાં વધુ રોશન થાય. પ્રભુ ગૌતમે માનનું જરાય માન ન રાખ્યું, તો માને તેમને કેટલું બધું માન આપ્યું! નામની ખેવના પ્રભુ ગૌતમે સર્વથા છોડી, તો તેમના નામમાં એવો પાવર પેદા થયો કે, તેમનું નામ રટવા માત્રથી વાંછિત સીઝે, અને તેથી જ આજે લાખો હોઠો ઉપર ગૌતમ પ્રભુનું નામ રમે છે! તમારા મુખ પરથી તમારું નામ રટવાનું બંધ કરો, લોકના મુખ ઉપર તમારું નામ રમતું થઈ જશે.

જેની સત્તામાં અરૂપી સ્વભાવ દટાયેલો છે, તેને રૂપનું અભિમાન? અનામી નામ પાછળ મરે? સર્વજ્ઞતા જેની આવૃત થયેલી છે, તેને તો રડવાનું હોય તેના બદલે પા શેર પંડિતાઈનો તેને આફરો ચડી જાય? અનંત સુખનો સ્વામી તુચ્છ આભાસિક અને વિનાશી સુખ ઉપર વટ મારે? અબજોપતિ શ્રીમંત થોડા કૂકા અને ઠીકરાંની નાનકડી ઢગલી ઉપર રુઆબ મારી રહ્યો છે, જે વાસ્તવમાં પોતાના છે જ નહિ,

**उत्कर्षपरपर्यायैष्टिदानन्दघनस्य कः** (સદ્-ચિદ્ અને આનંદઘન એવા આત્માને પર-પુદ્ગલાદિ અન્ય પદાર્થોના પર્યાયોના ઉત્કર્ષમાં રાજીપો શેનો હોય ?)

આપબડાઈના વ્યાસંગીને જ્ઞાનસાર એક વેધક પ્રશ્ન પૂછે છે : **"તું પૂર્ણ છે કે અપૂર્ણ ? જો તું અપૂર્ણ છે, તો તારે હજુ ઘણું મેળવવાનું બાકી છે, તો ગર્વ કરવાનો તને અધિકાર જ ક્યાં છે ? અને જો ખરેખર તું પૂર્ણ છે, તો તારાથી ગર્વ થાય જ કેવી રીતે ? કારણ કે જો તું ગર્વ કરે તો નમ્રતા તારામાં ખૂટે છે. તેથી તારી પૂર્ણતા જ અસંગત પુરવાર થશે."** પૂ. ઉપાધ્યાયજી મહારાજ અહીં અનોખી અદાથી આત્મપ્રશંસકને ચેક મેટ કરે છે.

ઉપદેશમાળા પણ ખૂબ સુંદર શિખામણ આપે છે :

''**किं ? परजणबहुजाणावणाहिं, वरमप्पसक्खियं सुकयं।**'

તારું સુકૃત્ય બીજાને જણાવવાનું તારે કામ શું છે ? તારા સુકૃત્યને આત્મસાક્ષિક જ રહેવા દે ને !

પણ કોણ જાણે કેમ, આપણા સુકૃત્ય કે સદ્ગુણની બીજાને જાણ ન થાય તો જંગલમાં ઊગેલા પુષ્પની જેમ આપણને સુકૃત્ય નિષ્ફળ ગયેલું લાગે છે !

પ્રશંસાથી પર બનેલા પ્રભુ ગૌતમનાં જીવન-સુકૃત્યો અને અપરંપાર સદ્ગુણોનું ખરું મૂલ્યાંકન એ છે કે, આપણા કોઈ પણ સુકૃત્ય કે સદ્ગુણને ગર્વનો ગર ન ચડાવીએ.

જે પોતાને મોટો પુરવાર કરવા મથે છે તે ઑટોમૅટિકલી નાનો પુરવાર થઈ જાય છે. અને છતાંય બીજાને Overtake કરીને મોટા બનવાની સ્પર્ધા કેમેય છૂટતી નથી.

હૉલિવુડની એક અભિનેત્રીએ લગ્ન કર્યાં અને લગ્ન બાદ માત્ર

ત્રણ કલાકમાં છૂટાછેડા માટે કોર્ટમાં કેસ દાખલ કર્યો. Divorce માટે દોડી જવા પાછળનું કારણમાત્ર એટલું જ હતું કે લગ્નની નોંધણીના રજિસ્ટરમાં પતિએ તેના કરતાં મોટા અક્ષરથી સહી કરી હતી.

પ્રેમશંકર ભટ્ટની પંક્તિઓ રટવા જેવી છે :

**''તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતમાં ખોટો,**
**આ નાનો આ મોટો, એતો મૂરખ કરતાં મોટો;**
**ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો,**
**તરસ્યાને તો દરિયાથીયે, લોટો લાગે મોટો,**
**નાનો છોડ મહેકી ઊઠે, કેવો ગુલાબ ગોટો!**
**ઊંચા ઊંચા ઝાડે તમને જડશે એનો જોટો?**
**મન નાનું તે નાનો, જેનું મન મોટું તે મોટો.''**

મોટી ચાવી વખાર કે ગોડાઉનની હોય છે, નાની ચાવી નાણાં અને દાગીનાથી ઊભરાતી તિજોરીની હોય છે. બેમાંથી કઈ ચાવીની મહત્તા વધારે?

વૉશિંગ્ટન એલેષ્ટોનું વાક્ય મમળાવવા જેવું છે :

**''મહત્તાની પ્રાપ્તિ એ મહાપુરુષોની પ્રવૃત્તિઓનું ધ્યેય નથી હોતું, પરિણામ હોય છે.''**

પ્રભુ ગૌતમમાં આ વિધાનનું પ્રતિબિંબ વરતાય છે. જે સંપત્તિ, સત્તા કે શક્તિ ઉપર ઘમંડનો પારો ઊંચે ચડે છે તેનું ક્યારેય ખરેખરું Valuation કરાવ્યું છે ખરું?

ઈરાનના બાદશાહ હારુન-અલ-રસિદને પોતાની સત્તા અને સંપત્તિનો ખૂબ ઘમંડ હતો. એક કુશળ તબીબની અદાથી અબુ શકીક નામના સૂફી સંતે તેના ઘમંડનો તાવ ઉતારી દીધો. આ સંતે તેને માત્ર બે પ્રશ્નો પૂછ્યા :

૧. ધારો કે તું રણમાં ભૂલો પડ્યો છે. તૃષાથી તારું તાળવું શોષાય છે. પાણીનાં ટીપાં માટે તું તરફડી રહ્યો છે. તે વખતે તને કોઈ એક પવાલું પાણી પીવા આપે તો તું બક્ષિસમાં તેને શું આપે ?

બાદશાહે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જવાબ આપ્યો : અડધું રાજ્ય.

૨. ધારો કે તને અસાધ્ય વ્યાધિ થયો છે. બધા વૈદ્યો અને હકીમોએ હાથ ખંખેરી નાખ્યા છે અને તે વખતે કોઈ કીમિયાગર તને એક ઔષધની ગુટિકા ખવડાવે અને ખાતાંવેંત તારો તે અસાધ્ય રોગ મટી જાય તો તે કીમિયાગરને તું શાની બક્ષિસ આપે ?

બાદશાહે તત્કાલ જવાબ આપ્યો : અડધું રાજ્ય.

હવે આ સંતે સોગઠી મારી : 'બે જણાને અડધું અડધું રાજ્ય દઈ દીધા પછી તારી પાસે શેષ શું રહે ? જે રાજ્યની કિંમત માત્ર એક પવાલું પાણી અને એક દવાની ટીકડી જેટલી જ છે, તે તુચ્છ સામ્રાજ્યની સત્તા ઉપર આટલો સનેપાત શાનો કરે છે ?

અને ત્યારે પેલા સમ્રાટના ઘમંડભવનના પાયા હચમચી ઊઠ્યા સંત અબુ શકીક જબરી જશરેખાવાળા હશે, બાકી 'કૅન્સર' મટાડવું સહેલું, 'હું' મટાડવો મુશ્કેલ.

માણસની સૌથી વધુ આસક્તિ 'હું' પદની છે. બીજા તમામ વિષયોની આસક્તિ પણ મોટે ભાગે 'હું' પદની આસક્તિની પોષક હોવાથી આસક્તિનો વિષય બને છે. રૂપિયા ગમે છે પણ બીજાના રૂપિયા જોઈને આનંદ નથી થતો. આસક્તિની લીટીને માત્ર રૂપિયા સુધી નહિ, રૂપિયાથી આગળ 'હું' સુધી લાંબી તાણો, ત્યારે જ તે આનંદદાયક નીવડે છે. આલીશાન બંગલો ગમે છે તો કોઈનો પણ ગમવો જોઈએ. પોતાનો હોય તે બંગલો આલીશાન ન હોય તોપણ આસક્તિનું કારણ બને છે.

કેન્દ્રમાં 'અહં'ને બેસાડીને માણસ વર્તુળો દોરે છે. તે વર્તુળના પરિઘમાં જે કોઈ બંગલા, મોટર, પૈસા, પુત્ર, પરિવાર સ્થાન પામે છે, તે બધા સાથે તે 'મમત્વ' જોડે છે. અને આ રીતે અહંકાર અને મમકારના બે ચક્રવાળા રથ ઉપર આરુઢ થઈને માણસ આસક્તિના પ્રદેશનો પ્રવાસ ખેડે છે. અહં અને મમનાં જાળાં તોડવાં બહુ ભારે !

લગ્નવિધિમાં એવો રિવાજ છે કે, પાણિગ્રહણ માટે આવેલા વરરાજા લગ્નમંડપમાં પ્રવેશ કરતી વખતે સરવલાનાં બે સંપુટ ઉપર પગ મૂકીને તેનો ભંગ કરે છે અને પછી લગ્નમંડપમાં દાખલ થાય છે. સંયમસુંદરીને વરવા માટેના લગ્નમંડપ સમા સમવસરણમાં દાખલ થતાંની સાથે ઈન્દ્રભૂતિએ અહંકાર અને મમકારનાં બે સંપુટને પગ તળે કચડી નાંખ્યા.

અહં અને મમ ઉપર પ્રભુ ગૌતમે ગોળીબાર નથી કર્યો, બૉમ્બબ્લાસ્ટ જ કર્યો છે, જાણે ! ભવોના ભવોની જહેમત પછી પણ ન ભાંગી શકાય તેવા 'અહં' અને 'મમ'ના નશામાં ચકચૂર બનીને ઊછળકૂદ કરનારા ઈન્દ્રભૂતિ સાવ શાન્ત અને વિશ્રાન્ત બની ગયા.

એક સંત પાસે આવીને કોઈએ માંગણી મૂકી : I Want Peace સંતે તેને કહ્યું : I અને Want બન્નેને ભૂંસી નાખ, બાકી જે વધે તેનું નામ Peace ગૌતમસ્વામીએ 'અહં' અને 'મમ'નો વિલય કરીને શાંતિનું સામ્રાજ્ય હસ્તગત કર્યું.

ઈન્દ્રભૂતિ કેવા બદલાઈ ગયા ! અહંકારી ગુરુ મટી વિનમ્ર શિષ્ય બની ગયા તેનું આશ્ચર્ય આપણને ઓસરતું નથી. પરંતુ આશ્ચર્ય તો તે વાતનું થવું જોઈએ કે જે આવા વિનયમૂર્તિ બનવા સર્જાયેલા છે, તે જિંદગીનાં ૫૦-૫૦ વર્ષ સુધી આવા અહંકારી કેમ રહ્યા ?

મુલ્લાજી કામ પરથી રાત્રે ઘરે આવ્યા. બીબીએ મોટો ઝઘડો કરી

નાંખ્યો. આજુબાજુના લોકો ભેગા થયા. બધાને આશ્ચર્ય થઈ ગયું. આ ઘરનું ક્લાઈમેટ તો હંમેશ સમશીતોષ્ણ હોય છે. અચાનક આજે આ ઘરનું ટેમ્પરેચર આટલું વધી કેમ ગયું ? ભેગા થયેલા લોકોએ ઝઘડાનું કારણ પૂછ્યું, ત્યારે મુલ્લાજીની પત્નીએ રોષ ઠાલવતાં કહ્યું : ''લગ્નને ૨૦ વર્ષ પૂરાં થયાં પણ આજે મને ખબર પડી કે તે રોજ દારૂ પીએ છે. આવા દારૂડિયાને હું કેવી રીતે બરદાસ્ત કરી શકું ?'

બધાને ખૂબ આશ્ચર્ય થયું. આશ્ચર્ય વ્યક્ત કરતાં કોઈએ પૂછ્યું : ''૨૦ વર્ષ સુધી તમને ખબર જ ન પડી કે તે દારૂ પીએ છે ? તો આજે કેવી રીતે ખબર પડી ? વધારે ઢીંચીને આવેલા ?'' ''ના, એવું નથી. આજે પીધા વગર આવેલા તેથી Abnormal લાગતા હતા.'

વિભાવદશાને આપણે એટલી હદે સ્વીકારી લીધી છે કે તે આપણને બિલકુલ Normal લાગે છે. કોઈ સ્વભાવ તરફ ઝૂકે કે તે આપણને અસામાન્ય લાગે છે. કોઈને કદાચ લાગે કે ઈન્દ્રભૂતિ તરીકે Hero હતા તેમાંથી તે Zero બન્યા. As I would not be a slave So I would not be a master. **સ્વામી થવાની પાયાની શરત છે - પહેલા સેવક બનવું પડે. જે લઘુ બને છે, તે જ મહાન બને છે. અને તેવી મહાનતા જ Real હોય છે.** Ego-Oriented મોટાઈ નકલી નોટ જેવી છે. નકલી નોટનું કૌભાંડ પકડાતાંની સાથે તે નોટ રદબાતલ ઠરે છે. Ego-Oriented મોટાઈ 'અહં'નું કેન્દ્રબિન્દુ તૂટી પડતાંની સાથે જ કડડભૂસ થઈને હેઠે પડે છે.

નમસ્કારમંત્ર એ મંત્ર શિરોમણિ છે. તેનાં ઘણાં કારણો છે. તેમાંનું એક મહત્ત્વનું કારણ એ છે કે, તે 'અહં'નું વિસર્જન કરી આપનારો મંત્ર છે. આપણો સૌથી મોટો શત્રુ જ 'અહં' છે. નમસ્કાર મહામંત્રના ૬૮ અક્ષરમાંથી ૧૦ અક્ષર તો 'નમો'એ રોકેલા છે. તમે માત્ર એક નવકારનો

જાપ કરો અને 'અહં' ઉપર 'નમો'ના ભારેખમ હથોડાથી પાંચ પ્રહાર થઈ જાય. 'નમો' જેટલું નાભિમાંથી આવે એટલો પ્રહાર જોરમાં થાય અને એટલો 'અહં' જલદી તૂટે.

'નમો અરિહંતાણં'માં 'નમો' એવું બટન છે જે ભાવસહિત દબાવવાથી અહંકારની લાઈટ off થાય અને નમસ્કારની લાઈટ ચાલુ થાય. 'નમો'થી અહંકારનું ઉત્થાપન થાય છે. 'અરિહંતાણં'થી અરિહંતની પ્રતિષ્ઠા થાય છે. જે વીંધવાનું હોય તેને Target કહેવાય, જે સાધવાનું હોય તેને Goal કહેવાય. 'નમો અરિહંતાણં' પદથી અહંકાર વીંધાય છે અને અરિહંત સધાય છે.

મદનકુમાર અંજારિયાએ એક કાવ્યમાં સારું આશ્ચર્ય વેર્યું છે :

**''વાદ્યમાંથી**
**વાદન બાદ થાય તો**
**શેષ વધે શાંતિ....**
**સ્થિતિમાંથી**
**ઉપસ્થિતિ બાદ થાય તો**
**શેષ વધે એકાંત....**
**રકમમાંથી**
**રકમ બાદ થાય તો**
**શેષ વધે શૂન્ય....**
**આ તો બધું સહજ છે**
**પણ**
**માણસમાંથી**
**માણસ બાદ થતાં**
**શેષ રાક્ષસ કેમ વધે છે ?''**

આશ્ચર્યની વાત તો કહેવાય જ. એક રકમમાંથી તે જ રકમ બાદ

થાય તો જવાબ શૂન્યની સમકક્ષ જ આવવો જોઈએ. અને મૂળ રકમમાંથી તેનો અમુક ભાગ બાદ થાય તો જે શેષ વધે તે મૂળ રકમથી નાની હોય. પરંતુ આશ્ચર્યોનું પણ આશ્ચર્ય એ છે કે માણસમાંથી અહંકાર બાદ થતાં શેષ 'ભગવાન' વધે છે!!!

જ્ઞાનસાર યાદ આવી જાય :

**अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते।**
**पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः ।।**

'અહં' અને 'મમ'ને ખાલી કરી તેનાથી ન્યૂન બનો તો તમે પૂર્ણ બનો અને અસ્તિત્વના ફુગ્ગામાં 'અહં'ની હવા જેમ જેમ તમે ભરતા જાઓ તેમ તેમ તમે ખાલી થતા જાઓ. પૂર્ણાનન્દ એવા આતમરામનો આ વિસ્મયકારક સ્વભાવ છે.

અહંકારની બાદબાકી થતાં ભગવદ્‌ભાવનું પ્રાગટ્ય થાય છે. તે વાતની ખૂબ સુંદર અભિવ્યક્તિ આ કાવ્યમાં થઈ છે :

**અહંકાર દેશે જો તું પરહરી**
**તો તારા જીવનમાં પ્રગટશે હરિ ।।**

**હું પદના ખ્યાલમાં અમથો તું રાચતો**
**ભૂલી ભગવાનને કઢંગું તું નાચતો**
**ઈશ-આજ્ઞા જો લેશે હૃદયમાં ધરી**
**તો તારા જીવનમાં પ્રગટશે હરિ.... ૧**

**હું હું ને તું તું ના ખેલ સદા ખેલતો**
**પર વિકાસે યદિ આંખડી તવ ઠરી**
**તો તારા જીવનમાં પ્રગટશે હરિ.... ૨**

'હું છું' તો વિશ્વ છે વૃથા એવું માનતો,
તારાથી સૌને કાં તુચ્છ તું પ્રમાણતો ?
નમ્ર થઈને જો કરશે પ્રભુ ચાકરી
તો તારા જીવનમાં પ્રગટશે હરિ.... ૩

સાધ્યરૂપ ઈશ્વરને સાધન તું માનતો
ઈચ્છાઓ તારી પ્રભુ પર તું લાદતો
જો બજે તું જગે, થઈ પ્રભુ-બંસરી
તો તારા જીવનમાં પ્રગટશે હરિ.... ૪

✦ ✦ ✦

વિનય વડો સંસારમાં, જે ગુણમાંહે અધિકારી રે
માને ગુણ જાયે ગળી, ચિત્ત જુઓ વિચારી રે
રે જીવ માન ન કીજીએ.

– શ્રી ઉદયરત્ન મહારાજ
માનની સજ્ઝાય

## હે ગૌતમસ્વામી!

વિનય એ નમ્રતાનો સૂચક છે.
વિનયવંત બનવું એટલે નમ્ર બનવું
નમ્ર બનવું એટલે નીચે રહેવું
નીચા રહ્યા ખરા
પણ, તેય સર્વોચ્ચ કક્ષાએ।
જાણે આપને ટોચે રહેવાનું જ ફાવતું...
ઈન્દ્રભૂતિની અવસ્થામાં
અહંકારની ટોચે રહ્યા...
વિનમ્ર બન્યા તો એવા બન્યા કે,
વિનયની ટોચે જઈને વસ્યા!
ટોચ તો આપે ન જ છોડી, હોં!

## ❑ ગર્ભશ્રીમંતના ભિખારીવેડા

ગિરનારધામથી ૧૨ કિ.મિ.નો વિહાર કરીને સિરસાડ પહોંચ્યા. સિરસાડમાં નાનકડું અને રમણીય અભિનવ તીર્થધામ છે. તીર્થનું નામ છેઃ 'મહાવીર ધામ.' ભવ્ય મનોહર જિનાલયમાં ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી અદ્‌ભુત છે. રંગમંડપમાં બેસીને અમે ચૈત્યવંદન કરી રહ્યા હતા. રંગમંડપના એક ગોખલામાં ગૌતમસ્વામી બિરાજમાન છે. ચૈત્યવંદન પૂર્ણ થયા બાદ ત્યાં જ બેસી ગયો. મારા દૃષ્ટિપથે ત્રિકોણ આકાર ધારણ કર્યો. નજર ગર્ભગૃહમાં બિરાજમાન પરમાત્મા મહાવીરદેવ પર પડે.... ત્યાંથી તરત ગોખલા તરફ ફંટાય. ક્ષણવાર આંખો બંધ કરીને આ બને ઉપાસ્યતત્ત્વોનો ભાવધારાથી પ્રક્ષાલ કરું. આંખો ખૂલતાં ફરી દૃષ્ટિ ગભારામાં દોડી જાય.

યોગાનુયોગ તે દિવસે તિથિ અમાસ હતી. કલ્પનાની પાંખો ફફડાવતો ૨૫-૩૦ વર્ષોના કાળના થરો વટાવીને હું એક ચોક્કસ કાલાવસ્થાન પર ક્ષણમાં પહોંચી ગયો. તે કાળ-મુકામની તિથિ પણ અમાસ જ હતી. સિરસાડના આ જિનાલયના ગર્ભગૃહના પબાસનમાં મને પાવાપુરી અને રંગમંડપના ગોખલામાં ગુણિયાજી દેખાવા લાગ્યું અને મારી ચિત્તભૂમિમાં દીપાવલી-પર્વ ઊજવાઈ રહ્યું !

**દીપાવલી-પર્વ એટલે જાણે અમાસને મળેલી પૂર્ણિમાદીક્ષા!** અમાસની કાજળઘેરી રાતનાં અંધારાં ચારે કોર પથરાયેલાં હતાં. પ્રભુ વીરનું નિર્વાણ થવાથી વિશ્વના ભાવ-આદિત્યનો પણ અસ્ત થયો હતો, ત્યારે આત્માના ગગનમાં કૈવલ્ય ચન્દ્રને ઉદિત કરીને ગૌતમસ્વામીએ અમાસને પૂનમમાં પલટી નાંખી. પ્રભુ ગૌતમ જાણે સર્વત્ર અમાસનું પૂર્ણિમાકરણ કરતા રહ્યા! **પ્રભુ ગૌતમનું જીવન એટલે અમાસને પૂર્ણિમા બનાવતી વિસ્મયકારક ચમત્કૃતિઓનો સિલસિલો!**

અહંકારની ગાઢ અમાવસ્યા વિનયની પૂર્ણિમામાં રૂપાંતરિત થઈ. મિથ્યાત્વની ગાઢ અમાવસ્યા શુદ્ધ સમ્યક્ત્વની પૂર્ણિમામાં રૂપાન્તર પામી. રાગની ઘેરી અમાસ પ્રભુપ્રીતિની પૂર્ણિમાનું દૈવત પામી. વિષાદની ગાઢ અમાસ કૈવલ્ય જ્યોતિનો પ્રસવ કરનારી પૂર્ણિમા બની.

પ્રભુ ગૌતમની ઉપાસના એટલે અંધકારના સામ્રાજ્ય ઉપર પ્રકાશસત્તાનું આક્રમણ. અજ્ઞાનનો કે મોહનો, રાગનો કે રોષનો, વિષયનો કે કષાયનો અંધકાર પજવતો હોય, ત્યારે તમે ગૌતમ નામની રટણાની સ્વિચ 'On' કરો એટલે અંધકારને નાબૂદ થયે જ છૂટકો.

વૈશાખ સુદ ૧૧ એટલે ઈન્દ્રભૂતિ ગૌતમનો મહાન પરિવર્તન-યોગ! અજ્ઞાની શિષ્યોના ગુરુ હતા, તેમાંથી સર્વજ્ઞ ગુરુના શિષ્ય બન્યા. પંડિત હતા, હવે જ્ઞાની બન્યા. અહંકારી હતા, હવે વિનમ્ર બન્યા. હૃદયના ઊંડા ભંડારિયામાં શંકા ભરીને બેઠા હતા, હવે જિજ્ઞાસાના ભંડાર બન્યા. પ્રભુએ શંકાની સાથે મિથ્યાત્વના શલ્યનું પણ ઉદ્ધરણ કર્યું.

પ્રશ્ન ઊઠે કે, પ્રભુએ પંડિત ઈન્દ્રભૂતિની શંકાનું નિવારણ કર્યું. જમાલીના ભ્રમનું નિરાકરણ કેમ ન કર્યું? તે તો પ્રભુનો પોતાનો શિષ્ય હતો. અને ગૃહસ્થાવસ્થાના જમાઈ પણ હતા. તેને સમજાવવા પ્રભુએ કોશિશ કેમ ન કરી? વેદવચનની શંકા ઈન્દ્રભૂતિ ગૌતમને પ્રભુ સાથે જોડનારો પુલ બની ગઈ. વીરવચનની શંકા જમાલીને પ્રભુ વીરથી જુદા

પાડતી દીવાલ બની ગઈ. ઈન્દ્રભૂતિની શંકાનું નિરાકરણ કરનાર પ્રભુએ શિષ્ય જમાલીને સમજાવવા યત્ન પણ ન કર્યો. ઈન્દ્રભૂતિનો ઉપચાર કરનાર પ્રભુએ જમાલીની ટ્રીટમેન્ટ જરાય ન કરી કારણ કે ઈન્દ્રભૂતિને પીડા અભિમાનની હતી, પણ જમાલીને પીડા અભિનિવેશની હતી. અભિમાન સાધ્ય છે, અભિનિવેશ અસાધ્ય પ્રાયઃ બની જતો હોય છે. અભિનિવેશ એટલે અસદ્ગ્રહ. અભિનિવેશ એટલે પક્કડ. પોતાની માન્યતાનો અભિનિવેશ એટલે **કદાગ્રહ**; કોઈ વ્યક્તિ વિશેષ અંગેનો અભિનિવેશ એટલે **પૂર્વગ્રહ** અને કોઈ વસ્તુ કે સંયોગો માટેનો અભિનિવેશ એટલે **હઠાગ્રહ**.

'હું જ સૌથી મોટો જ્ઞાની', 'હું જ સૌથી મોટો શ્રીમંત', 'હું જ સૌથી વધુ બળવાન'.... આ અભિમાનનો આકાર છે. પણ, **'હું જ સાચો,' તે અભિનિવેશનો આકાર છે.** જ્ઞાનનું, બુદ્ધિનું, પાંડિત્યનું કે અન્ય કોઈ પણ બાબતનું અભિમાન ઓગાળવું હજું સરળ પણ અભિનિવેશનું ગલન લગભગ અશક્ય પ્રાયઃ બની જાય છે.

ઈન્દ્રભૂતિના મનમાં ઊઠેલી આત્મવિષયક શંકાનું ઉદ્ભવસ્થાન વેદની પંક્તિમાં તેમને જોવા મળેલો વિસંવાદ હતો. જમાલીને પ્રભુવચનમાં શંકા નહીં અશ્રદ્ધા થઈ અને આ અશ્રદ્ધાનું ઉદ્ભવસ્થાન પણ એક વિસંવાદ જ હતો. પ્રભુનાં વચન અને પોતાની મતિ વચ્ચેનો વિસંવાદ. **અર્થઘટન કરનાર સત્યગ્રાહી બની સ્વયં તટસ્થ રહે, તો શાસ્ત્રની બે પંક્તિ વચ્ચેના વિસંવાદનું નિવારણ સાધ્ય છે. પણ શાસ્ત્રવચનના પ્રતિપક્ષી તરીકે જો પોતાની બુદ્ધિ હોય તો આ ચર્ચા, શાસ્ત્રાર્થ કે વાદ ન રહેતાં વિવાદ કે વિખવાદનું સ્વરૂપ ધારણ કરે છે અને તેનું પરિણામ પ્રાયઃ ગાઢ અભિનિવેશ જ બહાર આવે છે.** વર્ધમાને પોતાની દીકરી રાજકુમાર જમાલીને પરણાવી હતી, પણ શ્રમણ

જમાલી પ્રભુને પોતાની બુદ્ધિનું કન્યાદાન કરી ન શક્યા. **જ્યાં બુદ્ધિ વચમાં પડે છે ત્યાં સત્યગ્રાહિતા મરી પરવારે છે અને (અ) સત્યાગ્રહનો પ્રસવ થાય છે.**

વૈશાખ સુદ ૧૧ના દિવસે એક ભવ્ય પાણિગ્રહણ મહોત્સવ ઊજવાયો, જેમાં ઈન્દ્રભૂતિ વગેરે ૧૧ બ્રાહ્મણોએ પોતાની મતિનું પ્રભુ વીરને કન્યાદાન કર્યું.

કોઈ બાબત વિષે મનમાં એક અભિપ્રાય ઊભો થયા પછી, જ્યારે તે અભિપ્રાયનો આગ્રહ આવી જાય છે, ત્યારે તે અભિપ્રાય અભિનિવેશનું રૂપ ધારણ કરે છે. જેમ પોતાના પૈસાનું, પરિવારનું કે બંગલાનું મમત્વ હોય છે તેમ પોતાના 'અભિપ્રાય' પ્રત્યે પણ મમત્વ બંધાઈ જતું હોય છે. સ્વઅભિપ્રાયનું મમત્વ અભિનિવેશમાં પરિણમે છે. હું કોઈ બાબતનો અભિપ્રાય આપીને છૂટી જાઉં ત્યાં સુધી બહુ વાંધો નથી. હવે તે અભિપ્રાયની 'મારો અભિપ્રાય' તરીકેની ઓળખાણ ભલે રહે, પણ હું તેનાથી અલિપ્ત છું. પરંતુ જ્યારે મારામાં તે અભિપ્રાયનો આગ્રહ પ્રવેશી જાય છે ત્યારે અભિપ્રાય મારો નહિ રહેતા, હું અભિપ્રાયનો બની જાઉં છું... હું તેના મમત્વના ખીલે બંધાઈ જાઉં છું.

મમકાર એ અહંકારની જનેતા છે. 'મારો બંગલો' એ મમકાર છે. તેમાંથી 'હું બંગલાવાળો' તેવા અહંકારનો પ્રસવ થાય છે. 'મારી સંપત્તિ' એ મમત્વની ભાષા છે. 'હું સંપત્તિનો માલિક' એ અહંકારની ભાષા છે. 'મારી હોશિયારી' એ મમત્વની અભિવ્યક્તિ છે. 'હું હોશિયાર' એ અહંકારની ઉદ્‌ઘોષણા છે. પરંતુ જ્યારે મમત્વનો વિષય પોતાનો અભિપ્રાય હોય છે. ત્યારે તેનાથી જન્મેલો અહંકાર અભિનિવેશના લેબાસમાં દેખા દે છે.

'હું'નાં બે સ્ટેટસ છે. એક છે સ્વાભિવિક હું અને બીજો છે વૈભાવિક હું. સ્વાભાવિક 'હું'નું વિસ્મરણ અને વૈભાવિક 'હું'નો વળગાડ - એ

આપણી મોટી વિડંબના છે. શુદ્ધ આત્મતત્ત્વ તરીકેનું સંવેદન એટલે સ્વાભાવિક 'હું'ની પ્રતીતિ, પણ આ સચોટ પ્રતીતિ અતિ દુર્લભ અને દુષ્કર છે અને આવી પ્રતીતિ પામવાનો મનોરથ પણ ભાગ્યે જ કોઈને થાય છે. આપણે તો કર્મદત્ત વ્યર્થ ઉપાધિઓથી પરિવરેલા ભારેખમ અસ્તિત્વને જ 'હું' માનીને રાચીએ છીએ તેનું નામ છે - વૈભાવિક હું.

એક અતિ શ્રીમંતના બંગલાની બહાર રમતા તે શ્રીમંતના નાના બાળકને કોઈ મવાલી ઉપાડી ગયો. તેના જરિયાન જામા ઉતારીને તેને ફાટલાંતૂટેલાં, મેલાં કપડાં પહેરાવ્યાં. તેનાં અંગ પરનાં આભૂષણો કાઢીને તેને લઘરવઘર દશામાં મૂકી દીધો. તેના હાથમાં ચપણિયું પકડાવીને ભીખ માંગતો કરી દીધો. એક 'શ્રીમંતના સંતાન' તરીકેની પોતાની ઓળખાણને તે સર્વથા ભૂલી ગયો અને એક 'કુશળ ભિખારી' તરીકેના રોફમાં તે રાચતો રહ્યો. ચકચકતા ચપણિયામાં તે પૃથ્વીના સામ્રાજ્ય જેવો માલિકીભાવ પોષતો રહ્યો.

ભિખારી અવસ્થામાં રાચવા તુલ્ય છે - વૈભાવિક 'હું'નો અહંકાર. 'શ્રીમંતના સંતાન' તરીકેની ઓળખાણની જેમ આપણે સ્વાભાવિક 'હું'ને વિસ્મૃત કરી દીધો છે. સાચા 'હું'ના અનંત આત્મવૈભવ ઉપર હક્કદાવો માંડવાની હેસિયત પણ આપણે ગુમાવી બેઠા છીએ અને નઠારા 'હું'ના નશ્વર અને તુચ્છ પથારાને આપણે ખુદનો માલ સમજી બેઠા છીએ.

વિદ્વાન, વાદી કે પ્રખર પંડિત તરીકેના વૈભાવિક 'હું'નું નકલી મહોરું ઈન્દ્રભૂતિએ ઉતારીને પ્રભુના ચરણોમાં મૂકી દીધું. પાંડિત્ય અને વિદ્વત્તાના વ્યર્થ અહંકારનો ભારેખમ બોજો માથેથી ઊતરી ગયા પછી, ગૌતમ પ્રભુ કેવા હળવાફૂલ બની ગયા હશે!

I am somethingની ઘેરી ગર્વાનુભૂતિથી ઈન્દ્રભૂતિ ગ્રસ્ત બનેલા હતા. પ્રભુને પરાજિત કરવાના અભરખા સાથે નીકળ્યા અને

દૂરથી સમવસરણનું દિવ્ય ઐશ્વર્ય અને પ્રભુનું અનુપમ રૂપ નિહાળી સ્તબ્ધ બન્યા. તે નિહાળવામાત્રથી એક આંચકો અનુભવ્યો; જેનાથી અહંકારની ઈમારત ધ્રૂજી ઊઠી.

પ્રભુની અમૃતવાણી દ્વારા સંશયમુક્ત બનીને પ્રભુના ચરણોમાં સર્વસ્વનું સમર્પણ કર્યું, તે સ્થિતિ એટલે I am nothing. પ્રભુની ચરણોપાસના દ્વારા પ્રભુના નિર્વાણ દિને ગૌતમસ્વામીએ કૈવલ્ય સંપાદિત કર્યું. I am nothingની ભાવના વૈભાવિક 'I'નું વિસર્જન કરતી જાય છે. somethingના પેટાળમાં જે કાંઈ રહેલું હતું તેણે જ વૈભાવિક I નો ઉછેર કર્યો હતો. આ વૈભાવિક I સ્વયં ખરી પડે છે ત્યારે માત્ર I રહી જાય છે જે સ્વાભાવિક 'હું' છે. આ જ આત્માની પૂર્ણ અવસ્થા છે. ગૌતમસ્વામીની આ પૂર્ણાવસ્થા જોઈને આપણા મુખમાંથી સહજ ઉદ્ગારો સરી પડે - He is everything. I am somethingના ભારે ખડક પરથી I am nothingની તળેટી ઉપર ઊતરો, પછી જ everythingનાં ગિરિશૃંગે પહોંચી શકાય છે.

પ્રભુને પરાજિત કરવાની નેમ લઈને નીકળેલા ઈન્દ્રભૂતિ સમવસરણમાં પ્રવેશ્યા, ત્યારે પ્રભુએ મીઠો આવકાર આપ્યો. નામ દઈને બોલાવ્યા અને મનોગત સંશય પણ કહી આપ્યો. તે ક્ષણે ઈન્દ્રભૂતિના અહંકારનો આફરો ઊતર્યો અને તે **'ઉપશમ'**માં આવ્યા. પ્રભુએ વેદપંક્તિનો સંવાદ સાધી આપી તેમની આત્મવિષયક શંકાનું નિરાકરણ કર્યું, ત્યારે ઈન્દ્રભૂતિમાં **'વિવેક'** ગુણનું પ્રાગટ્ય થયું. વિવેકનું ફળ છે - સંવર. સકલ સંસારનો ત્યાગ કરી તેમણે પ્રભુચરણે સંયમધર્મનો સ્વીકાર કરી **'સંવર'** ધારણ કર્યો. ઉપશમ, વિવેક અને સંવરની ત્રણ આધ્યાત્મિક કક્ષાઓ ઈન્દ્રભૂતિએ ક્ષણોમાં સંપાદિત કરી દીધી.

✦ ✦ ✦

ઈમ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે,
એ અસ્થિર અસત્ય સવિ કારમું, વિણસે ક્ષણમાં બહું વારો રે.
મદ આઠ મહામુનિ વારીયે
-માનવિજય
આઠ મદની સજ્ઝાય

## હે ગૌતમસ્વામી,

એક ગર્વિષ્ઠ બ્રાહ્મણની ભૂમિકામાં
પ્રભુ વીર માટે આપે કેવું કેવું વિચારેલું!
તે ઈન્દ્રજાળિયો છે, ધુતારો છે, અસર્વજ્ઞ છે....
અને તેથી તેમને હરાવવા આપ નીકળ્યા.
પરંતુ પ્રભુ વીરની ખરી ઓળખાણ થઈ
પછી તરત જ આપે
પ્રભુ પ્રત્યેનો અભિગમ બદલી નાંખ્યો.
કોઈ વ્યક્તિ પ્રત્યેની અમુક ગેરસમજને કારણે
કાંઈ વિપરીત અભિગમ મનમાં બાંધ્યો હોય
અને પછી તે ગેરસમજ દૂર થાય તોપણ
તે વ્યક્તિ પ્રત્યેનો
મનમાં બંધાઈ ગયેલો અભિગમ કે અણગમો
હું ફેરવી શકતો નથી.
સાચી સ્થિતિની જાણ થયા પછી તો
મારા અન્ય પ્રત્યેના પૂર્વગ્રહો જરૂર પીગળે
તેવા આશિષ વરસાવો.

## ❑ माणं मद्दवया जिणे ।।

અહંકાર તો વિકરાળ છે જ, તેની ત્રણ દીકરીઓ પણ આત્માના હીર અને નૂરને ચૂસી નાંખનારી ડાકણો છે. આ ત્રણ દીકરીઓનાં નામ છે : **આત્મશ્લાઘા, પરનિંદા અને અસૂયા**. અહંકારી ઈન્દ્રભૂતિની ફરતે આ ત્રણેય ડાકણો રાસડા લેતી સ્પષ્ટ વરતાય. હું ચૌદ વિદ્યાનો પારગામી... મારા જેવો પંડિત અને વિદ્વાન બીજો કોઈ નહિ... હું સર્વજ્ઞ.... આ બધા લવારા આત્મપ્રશંસા નામની અહંકારસુતાના હતા. પ્રભુને ઈન્દ્રજાળિયો, ધુતારો, ઠગારો કહીને નિંદિત કરવાની કુચેષ્ટા અહંકારની બીજી દીકરી પરનિંદાની હતી અને દેવો તથા માનવોને પ્રભુના સમવસરણ ભણી જતા જોઈને ઈન્દ્રભૂતિના પેટમાં તેલ રેડાયું. પ્રભુની સર્વજ્ઞ તરીકેની ખ્યાતિ તે સહન ન કરી શક્યા. અસૂયા કન્યાનાં આ કારસ્તાન હતાં. અહંકાર તેની ત્રણ દીકરીઓને પરણાવીને જીવને ઘરજમાઈ બનાવી દે છે. અને તે દ્વારા જીવનો બનાવટી બાપ બની બેસે છે. સસરાના પનારે પડેલો જમાઈ સગા બાપ સમા પરમાત્માને સાવ વિસરી જાય છે.

દોષનાશના મુખ્ય ત્રણ ઉપાય હોઈ શકે :

૧. **દમન** (Supression) : દોષની વૃત્તિને દબાવી દેવી.

૨. **શમન** (Suggestion) : ભાવનાઓના ચિંતન દ્વારા દોષપ્રતિપક્ષી વિચારણાથી મનન.

૩. **ઊર્ધ્વીકરણ** (Sublimation) : દોષ-પ્રતિપક્ષી ગુણના શરણે જવું.

આ ત્રણેય ઉપાયોનો થોડો વિસ્તારથી વિચાર કરીએ. તમને ક્રોધ ખૂબ સતાવે છે. તમને તે દોષ ખૂબ ખટકે છે અને તેનાથી બચવા મથો છો, તમે ક્રોધ સામે થોડા આક્રમક બનો છો. ક્રોધનું નિમિત્ત ઉપસ્થિત થાય ત્યારે, તે સ્થળેથી ખસી જવાનો તમે નિર્ણય કરો છો અથવા તે પ્રસંગે તમે કડક મૌન ધારણ કરી લો છો. અથવા પ્રત્યેક ક્રોધના પ્રસંગ માટે તમે દંડ નક્કી કરો છો. એક વાર ક્રોધ કરું તો ૧૦૦ રૂપિયાનું દાન કરવું અથવા ૧૦૦ ખમાસમણ દેવા અથવા ઉપવાસ કરવો, વગેરે કોઈને કોઈ પ્રકારના દંડ દ્વારા તમે ક્રોધની વૃત્તિનું દમન કરો છો.

પ્રાથમિક કક્ષામાં આવા ઉપાયથી થોડી સફળતા મળે ખરી પરંતુ સંપૂર્ણ અને લાંબા ગાળાની સફળતાની શક્યતા આ પ્રકારના ઉપાયમાં ઓછી છે. વળી આ ઉપાયથી ક્રોધની અભિવ્યક્તિ ઉપર કદાચ સંયમ આવે, પણ ક્રોધની વૃત્તિ સર્વથા ન ટળે. અને ક્યારેક દબાવેલી વૃત્તિ પ્રતિક્રિયા આપે અને બમણા જોરથી ઊછળે તે જોખમ તો ખરું જ. છતાં તીવ્ર ક્રોધવાળાને આ ઉપાય આવશ્યક છે જ. આ જ ઉપાય પ્રથમ કારગત બને છે અને આ ઉપાયથી કામચલાઉ સફળતા મેળવવાની સાથે બીજો-ત્રીજો ઉપાય અજમાવતા રહેવાથી બમણા જોરથી ઊછળવાનું જોખમ રહેતું નથી ને સંપૂર્ણ સફળતા મેળવી શકાય છે.

ક્રોધ ખૂબ કનડે છે, તો ક્રોધ-પ્રતિપક્ષી વિચારણાઓથી મનને ખૂબ ભાવિત કરવું તે શમનપ્રયોગ છે. ક્રોધના ઈહલૌકિક અપાયો, પારલૌકિક વિપાકો; શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ગેરલાભો, ક્રોધ અને ક્ષમાના ફળનો બોધ આપતાં ચરિત્રોનું વાંચન અને પારાયણ; ક્રોધ-દોષનું શમન કરે તેવા ગ્રન્થો અને સાહિત્યનું વાંચન, ક્રોધ-

પ્રતિપક્ષી ભાવનાઓનું ચિંતન... આવા બધા ઉપાયો યોજવાથી ચિત્ત ક્ષમાથી ભાવિત બને છે. આ ભાવિતતાથી ચિત્તમાંથી ક્રોધના સંસ્કાર નબળા પડે છે. ધીરજપૂર્વક દીર્ઘકાળ સુધી નિયમિત રીતે સુષુપ્ત મનમાં- મારે ક્રોધ કરવાનો નથી, ક્ષમા રાખવાની છે - તેવું સૂચન આપતા રહેવાથી ચોક્કસ સારું પરિણામ મળે છે. લાંબાગાળે પણ નક્કર લાભ કરાવનારો આ ઉપાય છે.

ત્રીજો અકસીર ઉપાય ઊર્ધ્વીકરણનો છે. તેમાં દોષને તો જરાય સ્પર્શ જ કરવાનો નથી. ચિત્તની વૃત્તિનું ઊર્ધ્વીકરણ કરવાનું છે. ચંદનના જંગલમાં વૃક્ષની ડાળીએ ડાળીએ વીંટળાયેલા સાપને ચીપિયામાં પકડી પકડીને દૂર કરવાનું કાર્ય ખૂબ કપરું બની જાય, પરંતુ એક મોરલાને ચંદનના વૃક્ષ પર મૂકી દેવામાં આવે અને તે એક ટહુકો કરે તો તે ટહુકો સાંભળવા માત્રથી બધા સાપ ભાગંભાગ કરી મૂકે. ન કોઈ જોખમ, ન કોઈ નિષ્ફળતાનો ભય. તેમ દોષને કાઢવાનો પ્રયાસ કરવાને બદલે મનને તેના પ્રતિપક્ષી ગુણની ઉપાસનામાં જોડી દેવું, તે દોષનાશનો સર્વોત્તમ ઉપાય છે. શ્રી દશવૈકાલિકસૂત્રના આઠમા અધ્યયનમાં આ ઉપાય પ્રદર્શિત થયો છે.

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे।**
**मायं चज्जवभावेण, लोभं संतोसओ जिणे॥**

ઉપશમથી ક્રોધને જીતવો, મૃદુતાથી માન પર વિજય પ્રાપ્તકરવો, સરળતાથી માયા અને સંતોષથી લોભને જીતવો.

સામાન્ય કક્ષાનો અને નવોસવો દોષ પણ ઘણી મહેનતથી પણ કાઢવો મુશ્કેલ બને છે, તો ૫૦-૫૦ વર્ષ સુધી પોષીને પુષ્ટ કરેલા અને પરાકાષ્ઠા સુધી પહોંચેલા જણાતા અહંકારને ગૌતમસ્વામી એક ક્ષણમાં કેવી રીતે જીતી શક્યા હશે ? અને વળી, અહંકારનો સમૂળગો નાશ કર્યો. તે કેવી રીતે બન્યું તેનું રહસ્ય અહીં ઉદ્‌ઘાટિત થાય છે. તે અહંકાર સાથે જરાય સંઘર્ષમાં ન ઊતર્યા, તેમણે અહંકારગ્રસ્ત વૃત્તિનું જ ઊર્ધ્વીકરણ

કર્યું. વિનયગુણનું શરણું સ્વીકાર્યું. '**माणं मद्दवया जिणे**'નો સાક્ષાત્કાર આપણને ગૌતમસ્વામીમાં જોવા મળે. ગૌતમસ્વામીના જીવન-ક્રીડાંગણમાં વિનયે અહંકારને ખો આપી.

દોષનાશની સાધના એ નિષેધાત્મક સાધના છે, ગુણપ્રાપ્તિની સાધના એ વિધેયાત્મક સાધના છે. બન્ને ગુણકારી છે અને સાધકની સાપેક્ષતાએ અલગ અલગ સાધના ફાયદાકારક બની શકે. એક વાતની સ્પષ્ટતા અહીં જરૂરી છે કે, ગુણ એ દોષના અભાવરૂપ નથી, પરંતુ ગુણ એ દોષનો પ્રતિપક્ષી છે. ક્રોધ એ દોષ છે. ક્રોધનો અભાવ એટલે ક્ષમા, તેવો અર્થ નથી. અલબત્ત, ક્ષમાગુણની પ્રાપ્તિ થાય તો ક્રોધનો અભાવ અચૂક થાય એમ ક્રોધનો અભાવ થાય તો ક્ષમાગુણની પ્રાપ્તિ પણ અવશ્ય થાય જ. તેવું જ અભિમાન અને વિનય માટે સમજવું. દોષ ઉપર નિંદા-ગર્હા-તિરસ્કારના પ્રહાર કરવા દ્વારા દોષનો નાશ થઈ શકે. તેમ, ગુણ તરફ જ તમારી દૃષ્ટિ ઠરી જાય તો સ્વાભાવિક રીતે દોષ તરફ તમારી પીઠ થઈ જવાની છે. ગૌતમસ્વામીએ વિનયનું શરણું સ્વીકારીને અહંકારને માત કર્યો.

આમ, એક અપેક્ષાએ દોષનાશની સાધના કરતાં ગુણપ્રાપ્તિની સાધના સ્વતંત્ર અને ભિન્ન છે. પરંતુ, અન્ય દૃષ્ટિકોણથી આ બન્ને સાધના એક સ્વરૂપ પણ માન્ય છે.

પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનો રાગ ઓગાળવા આપણે ત્યાં અનિત્યાદિ ભાવનાઓના ચિંતનનો ઉપાય બતાવ્યો છે. આ ભાવનાઓ રાગવૃત્તિ પર કારમા પ્રહારો કરે છે. આ પ્રહારો સતત થતા રહે તો રાગવૃત્તિ નબળી પડે જ. ભાવનાઓ ભાવતા ભાવતા ભાવધારા પર ચડીને રાગદશાથી સર્વથા મુક્ત બન્યાના દાખલા ચરિત્રગ્રન્થોમાં અઢળક જોવા મળે છે. રાગથી બચવાનો બીજો ઉપાય છે - રાગની વૃત્તિનું ઊર્ધ્વીકરણ. જે રાગ પુદ્ગલના વર્ણાદિ ગુણો પર પથરાયેલો છે, તે રાગની વૃત્તિનું ઊર્ધ્વીકરણ કરીને તેને પરમાત્મપ્રીતિ રૂપે કન્વર્ટ કરવામાં

આવે તો બેવડો લાભ થાય - પુદ્ગલનો રાગ ટળે અને પરમાત્મભક્તિનો ગુણ વિકસિત બને.

ઉપેક્ષા એ બહુ મોટી સજા છે. કોઈ અણગમતા આગંતુક તમારા આંગણે પધાર્યા. તમે તેમને જરાય ભાવ ન આપ્યો, તમે તેમના આગમનની કે ઉપસ્થિતિની નોંધ સરખી પણ લીધી નહિ, તો તે કેવા સમસમી ઊઠે ? તમે તેમની સાથે ઝઘડો કરો તો તેમના આગમનની નોંધ તો લીધી કહેવાય અને તે દ્વારા પણ તમે તેમને મહત્ત્વ આપ્યું. સામું જ ન જુઓ, તમે બીજાની સાથે જ વાત કરતા રહો, તે સ્વયં ભાગી જાય. દોષો સાથે બાખડવાની પણ જરૂર નથી, એટલું મહત્ત્વ પણ શા માટે આપવું ? તેના અસ્તિત્વની કોઈ નોંધ જ ન લો... સીધી ક્ષમા સાથે દોસ્તી બાંધી દો. ક્રોધ સમસમીને ભાગી જશે. ગૌતમ પ્રભુએ આ જ કર્યું. અહંકાર સાથે કોઈ સંઘર્ષ ન કર્યો. તેમણે વિનયનું આલંબન લીધું. અહંકાર જાય ભાગ્યો !

ઈન્દ્રભૂતિ ગૌતમે પહેલાં અહંકાર સાથે ગાઢ મૈત્રી બાંધી હતી. પોતાના અહંભાવ પ્રત્યે ગાઢ પક્ષપાત સેવીને જાણે અંહકાર પ્રત્યે પ્રભોદભાવ પણ ખૂબ સેવ્યો. અહંકાર જ્યારે ઘવાતો લાગ્યો, ત્યારે સાવ મ્લાન અને ગ્લાન બન્યા. જાણે પોતાના અહંકાર પ્રત્યે તેમને કરુણા ઊભરાઈ આવી અને છેવટે વિનયની સોડમાં જઈને ભરાણા અને તે દ્વારા અહંકારને ઉપેક્ષાનું પાત્ર બનાવ્યો.

દોષોની દોસ્તી કરવાથી દોષો પેંધી જાય. દોષોની દુશ્મની કરીને દોષો સાથે લડવામાં પણ હારી જવાનું જોખમ તો ખરું જ ને ! **દોષના વિરોધી ગુણની છાવણીમાં જઈને આશ્રય લેવો તે દોષનાશનો સરળ અને સલામત રસ્તો છે.**

✦ ✦ ✦

કરત પ્રશંસા સબ મીલ અપની પરનિંદા અધિકેરી કહેત માન જિન ભાવ ભક્તિ બિન શિવગતિ હોત ન મેરી
ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી

-માનવિજયજી

## હે ગૌતમસ્વામી!

ઈન્દ્રભૂતિ બાહ્મણ તરીકેની અવસ્થામાં
આપે કૈંક કેટલાય વાદીઓને પરાસ્ત કર્યા.
આપની ગરદન
વિજયની વરમાળાઓથી લચી પડેલી હતી
અને, પ્રભુ વીર સમક્ષ
આપે પરાજય સ્વીકાર્યો,
આપને વિજય પામતાં તો આવડ્યું,
પરાજિત થતાં પણ આવડ્યું.
આપનો વિજય કદાચ ભવ્ય હશે
પરાજય તો ભવ્યાતિભવ્ય હતો.
હું તો
જ્યાં હારવાનું છે ત્યાંય જીતવા માટે
હવાતિયાં મારું છું.
પ્રભુ, મને હારતાં તો શીખવાડો.

# ❑ આધ્યાત્મિક ટી.બી.

તા.૧૧-૯-૨૦૦૧ના દિવસે આતંકવાદીના હુમલાનો ભોગ બનેલા ન્યુયૉર્કના ટ્વિન ટાવર તૂટી પડ્યા અને વિશ્વને ધ્રુજાવનારી અમેરિકન મહાસત્તા સ્વયં ધ્રૂજી ઊઠી. 'અહં' અને 'મમ' મોહસલ્તનતના બે અડીખમ ટ્વીન ટાવર છે. સાધકની સાધના જ્યારે આ ટ્વિન ટાવરને ટારગેટ બનાવી તેને તોડી નાંખે છે, ત્યારે સમગ્ર વિશ્વને કંપાવનારી મોહમહાસત્તા સ્વયં કંપી ઊઠે છે. 'અહં' અને 'મમ'ના ટ્વિન ટાવરને તોડીને ઈન્દ્રભૂતિ ગૌતમે મોહરાજાને વિકલાંગ બનાવી દીધો.

મોહનીય કર્મના ઉદયથી ઊઠતી ક્રોધ, માન વગેરેની લાગણીઓ ઔદયિક ભાવ છે. સાધકની સાધનાના સમીરથી મોહનીય કર્મનાં વાદળાં થોડાં દૂર હટતાં ક્ષમા, વિનય આદિ ગુણોનો થોડો પ્રકાશ રેલાય છે, તે ક્ષાયોપશમિક ભાવ છે અને કર્મનો સર્વથા ક્ષય થતાં આત્માના મૂળભૂત ગુણોનું સર્વાંશ જે પ્રાગટ્ય થાય છે, તેનું નામ ક્ષાયિક ભાવ. મોહનીય કર્મ સંબંધી ઔદયિક ભાવ એ જીવનો પરાભવ છે, ક્ષાયોપશમિક ભાવ એ જીવનો મોહનીય કર્મ પરનો પ્રતિઘાત છે અને ક્ષાયિક ભાવ એ જીવનો વિજયવાવટો છે. ઔદયિક ભાવ એ શત્રુનું ઘર છે, જ્યાં પ્રત્યેક ક્ષણે મહાજોખમ છે. ક્ષાયોપશમિક ભાવ એ મિત્રનું ઘર

છે, જે કાળઝાળ સંસારમાં એક વિશ્રાન્તિસ્થાન છે. પણ આત્માનું ખુદનું ઘર તો ક્ષાયિક ભાવ છે, જ્યાં સર્વથા સલામતી છે અને જ્યાં જીવનો કાયમી વસવાટ શક્ય છે.

સદ્ગુણોની સૃષ્ટિમાં ઔદયિક ભાવને કોઈ સ્કોપ નથી. આત્માનો ખરો શણગાર સદ્ગુણ છે, પરંતુ ક્ષાયોપશિમક ભાવના સદ્ગુણો, એ જેની થોડી જ અશુદ્ધિ દૂર થઈ હોવાને કારણે ચમક પણ સાવ થોડી જ છે એવાં સાચાં નંગ છે. જ્યારે પરિપૂર્ણ ચમકવાળાં ઓર્નામેન્ટ્સ જેવાં છે- ક્ષાયિક ભાવના સદ્ગુણો. જીવને મળતો ખરો વિજેતા ચંદ્રક ક્ષાયિક ભાવ છે. **ક્ષાયોપશમિક ભાવ તો આશ્વાસન પુરસ્કાર છે. આવા અશુદ્ધ, અસ્પષ્ટ અને અપકૃષ્ટ ગુણો પર ગર્વ શું કરવાનો ?**

ઔદયિક ભાવની રિદ્ધિ તો ગર્વ લાયક નથી જ પરંતુ ક્ષાયોપશમિક ભાવના ગુણોનો પણ ગર્વ ન જ કરાય. ક્ષાયિક ભાવ તો માનકષાય આદિ સર્વ કષાયની સમાપ્તિની પેદાશ છે. તેથી અહંકાર સર્વદા અને સર્વત્ર નિષ્પ્રયોજન છે.

માનકષાય (મોહનીય)ના ઉદયથી અહંકાર પેદા થાય. માન કષાય (મોહનીય)ના ક્ષયોપશમથી વિનય પેદા થાય. પ્રભુ વીરે ઈન્દ્રભૂતિ ગૌતમના માનકષાયના ઉદયનું માનકષાયના ક્ષયોપશમમાં કન્વર્ઝન કર્યું, ત્યારે વિનયમૂર્તિ ગૌતમ નીપજ્યા.

આપણે તો પ્રાપ્ત કરેલા કહેવાતા વિનયગુણનું પણ અભિમાન કરીએ અને નિઃસ્પૃહ તરીકેની ખ્યાતિ મળે, તેની પણ સ્પૃહા કરીએ એવા છીએ. પણ પ્રભુ ગૌતમનું ગોત્ર જ જુદું હતું. તેમના વિનય અને સમર્પણને સહુ વખાણતા હતા, પણ પોતે તો માનતા હતા કે ક્ષયોપશમિક ભાવના ગુણોની ડિમ-લાઈટ ક્ષાયિક ભાવના પ્રચંડ તેજ આગળ શું વિસાતમાં ? ક્ષાયોપશમિક ભાવ તો જાણે ક્ષાયિક ભાવના રો-મટીરિયલ જેવા છે. ન્યૂ બ્રાન્ડ પ્રોડક્ટનું નિર્માણ કરવાના બદલે ગુમાન કરવા રૂપે

રો-મટીરિયલમાં જ અટવાઈ શું પડવાનું ?

આપણે છદ્મસ્થ છીએ. છદ્મસ્થ પાસે જ્ઞાન કરતાં અજ્ઞાન અને ગુણો કરતાં દોષો અનંતગુણા છે. દોષો આપણી લાયબિલિટી છે. ગુણો આપણી એસેટ્સ છે. એસેટ્સ કરતાં લાયબિલિટીઝનો આંકડો અનેક ગુણો કે અનંત ગુણો હોય તે દેવાળિયાપણું છે. દેવાળિયાને પોતાની સંપત્તિનો અહંકાર કરવાનો કોઈ અધિકાર ખરો ? જેની Gained Property કરતાં Gone Property અનેકગણી હોય તેનો અહંકાર કેટલો વાજબી ? જીવની Listed Property નો મોટો અંશ Lost Property એ કવર કરેલો હોય ત્યારે ગર્વ શું કરવાનો ?

ધરતીકંપની હોનારતમાં એક ભાઈની બે દીકરી, બે ભાઈ અને માતાપિતા મૃત્યુ પામ્યાં. પોતે અને પોતાનાં સગર્ભા પત્ની, બે જ જણ બચ્યાં. આ હોનારતના બીજા જ દિવસે સગર્ભા પત્નીએ એક પુત્રને જન્મ આપ્યો. આ સદ્ગૃહસ્થ પુત્રજન્મની ઘટનાને આનંદની ઘટના તરીકે ઊજવી શકે ખરા ? આપણા યત્કિંચિત્ તપ, જ્ઞાન, દાન, વ્રત વગેરે ગુણો પર ગર્વોત્સવ આપણે કેવી રીતે ઊજવી શકીએ ? આપણો કેટલો મોટો ગુણ-પરિવાર મોહ લાવાથી થયેલા આત્મકંપની દુર્ઘટનામાં દટાઈ મૂઓ છે, ત્યારે એ મોતનો મલાજો કેમ ચુકાય ?

એક રાજાનો ઘણોખરો પ્રદેશ શત્રુરાજાએ પચાવી પાડેલો. પોતાની સૈન્યશક્તિ સંગઠિત કરીને આ રાજાએ શત્રુરાજા પર હલ્લો કર્યો. ખૂંખાર યુદ્ધના અંતે આ રાજાએ શત્રુરાજાની ચુંગાલમાંથી થોડો પ્રદેશ પાછો મેળવ્યો પણ આ વિજય પ્રાપ્ત કર્યા પછી તરત એ જીતેલો પ્રદેશ આ રાજા પાછો પેલા શત્રુરાજાના હવાલે કરી દે તો ? તેના શૌર્યના રાસડા લેવા કે પછી તેની મૂર્ખતાના મરસિયા ગાવા ? આત્માનાં વિરાટ ગુણસામ્રાજ્યને પચાવીને બેઠેલા મોહરાજા સામે જંગે ચડીને જીવ ઉદારતા, દેહાધ્યાસત્યાગ કે ઈન્દ્રિય-જય જેવા દુર્લભ અને કીમતી

સદ્‌ગુણોને સંપ્રાપ્ત કરે અને પછી તે સદ્‌ગુણો ઉપર ગર્વ કરે તો તેનો અર્થ એ થયો કે, મોહને જીતીને મેળવેલો માલ પાછો મોહને જ હવાલે કર્યો. પોતાના સદ્‌ગુણો માટે આત્મશ્લાઘા એ નરી મૂર્ખતા છે. ભોજન કરીને ઊઠ્યા પછી તરત કોઈ આળસ મરડે તો વડીલો બોલે છે. 'ખાઈને કૂતરાને ફેંકી દીધું.' સદ્‌ગુણ કે સુકૃત્ય આચરીને તેની કોઈ આપબડાઈ કરે તો કહેવું પડે કે, ગુણ જમીને તેણે મોહરૂપી કૂતરાને ધરી દીધો. માનકષાય નામનો પાળેલો શ્વાન ભારે જહેમતથી પકાવેલા ગુણ-પકવાન્નની જ્યાફત ઉડાવે છે.

મોહમાયા નામની અક્કા જીવને ફોસલાવીને તેના વશમાં રહેલી પ્રશંસાક્ષુધા નામની ગણિકાનો ઘરાક બનાવી દે છે અને તેના મારફત જીવની ગુણસંપત્તિ સિફતથી હરી લે છે. બિચ્ચારો જીવ! પ્રશંસારૂપી વેશ્યામાં પાગલ બનીને માંડ માંડ કમાયેલી ગુણસંપત્તિનો ધુમાડો કરી નાંખે છે. મોહડાકુ દુષ્ટ પરિણતિ દ્વારા દુર્જનોને લૂંટે છે અને માનપરિણતિ દ્વારા સજ્જનોને. લોભકષાયને જીતીને કોઈએ દાનનું સુકૃત્ય કર્યું, પણ માનચંડાલની ચોકી ઉપર મોહરાજા તે બિચારાનો ઘડોલાડવો કરી નાંખે છે. તપના કૌવતથી કોઈ આહારસંજ્ઞાની ચોકી વટાવીને હેમખેમ આગળ વધે, તે તપસ્વીને પણ માનકષાયના નાકા પર મોટું જોખમ!

બિચ્ચારો જીવ! માનકષાય નામના વ્યંતરને તુષ્ટ કરવા પ્રશંસાની વેદિકામાં સુકૃત્ય અને મહામૂલી સદ્‌ગુણની આહુતિ આપી દે છે!

મોહાધીન અને કર્માધીન એવા અને અનાદિ સંસારપથ ઉપર પર્યટન કરતા જીવને એક નાનકડો પણ સદ્‌ગુણ પ્રગટે, એટલે જાણે સાત ખોટનો દીકરો અવતર્યો! પણ બિચ્ચારો આ જીવ! પોતાના સાત ખોટના દીકરા તુલ્ય સદ્‌ગુણને પોતાના હાથે પ્રશંસા-પ્રેમના વધસ્તંભ પર

ચડાવીને ટૂંપો દઈ દે છે.

આપણું નાનકડું પણ સત્કાર્ય કે નાનકડો પણ સદ્દગુણ સોનાની અંબાડી જેવો છે. સોનાની આ અંબાડી તો નિ:સ્પૃહ ભાવના ઐરાવણ હસ્તિરાજ પર શોભે. આપણે તો આ અંબાડીને અહંકારના ગધેડા પર ચડાવી દઈએ છીએ. પ્રભુ ગૌતમનું ચરિત્ર નિ:સ્પૃહતાની દિવ્ય સંગીતશાળા છે, જેની દીવાલો એવી સાઉન્ડપ્રૂફ છે, જેમાં આત્મશ્લાઘા કે આપબડાઈનો કાઈ ઘોંઘાટ પ્રવેશી શક્તો નથી.

આપણે તો આપણી નમસ્કારની સાધનાને પણ અહંકારના ક્યારાનું ક્યારેક ખાતર બનાવી દેતા હોઈએ છીએ. આપણી વૈભાવિક દશાના રાફડામાં પડેલા અહંકાર નામના નાગને આપણે જ, આપણાં જ સુકૃત્યોની પ્રશંસાનું દુગ્ધપાન કરાવીને તગડો બનાવતા હોઈએ છીએ. ''**पयः पानं भुजंगानां केवलं विषवर्धनं...**'' આ સુભાષિત આપણે માત્ર મુખપાઠ નહિ, દિલપાઠ કરવા જેવું છે.

નિ:સ્પૃહશિરોમણિ પ્રભુ ગૌતમનું ચરિત્ર આપણને ઠોકી ઠોકીને જાણે કહી રહ્યું છે : **હે પામર જીવ ! અહંકારની પિશાચ-પ્રતિમાને તારા સત્કાર્યોના સુવર્ણ-વરખની આંગી રચવાની અજ્ઞતા તું ટાળી દે.**

જે સુકૃત્ય અને સદ્દગુણ જાહેર ન થાય, તેની પ્રશંસા ન થાય, તેના સાટે થોડાં માનપાન ન મળે તો જાણે કે તે સુકૃત્ય અને સદ્દગુણ નિષ્ફળ ગયાનો અહેસાસ થાય, તેટલી હદે આપણે પ્રશંસા-પ્રેમને પોષ્યો છે. કેવલજ્ઞાન અને મોક્ષ અપાવે તેવી કેવલી પ્રરુપિત કલ્યાણકારી સાધના કેટલી અમૂલ્ય ! માનપાનના નકલી નગદ ખાતર આપણે તે કીમતી સાધનાને ઘણી વાર ફૂંકી મારતા હોઈએ છીએ. સવા લાખનો માલ સવાસોમાં ફૂંકી મારનારો દીકરો 'ઘરખોયો' કહેવાય. કલ્યાણકારી સાધનાને પ્રશંસા ખાતર ફૂંકી મારનાર કેવો ? એકના એક માલનો બે વાર સોદો થાય નહિ. સુકૃત્ય કે સાધનાના બદલામાં માત્ર થોડીક પ્રશંસા

ઊપજાવી દેવી, તે ખોટનો સોદો છે.

આત્મશ્લાઘા એ તો આધ્યાત્મિક ટી.બી. છે. જેમ ક્ષયરોગ શરીરને ક્ષીણ કરી નાંખે તેમ આત્મપ્રશંસા સુકૃત્યને ક્ષીણ કરી નાંખે છે.

આજે Best out of wasteનો ક્રેઝ ચાલ્યો છે. ઘાસ કે કચરા જેવી ચીજોમાંથી પણ કાંઈક સુંદર સર્જીને તેની માર્કેટ ઊભી કરાય છે. પરંતુ સુકૃત્યો કે સદ્‌ગુણો આચરીને આત્માની ગુણસંપત્તિ વધારવાને બદલે માનકષાયને પોષવા એ તો Waste out of Bestનો ઊંધો પ્રવાહ લાગે! Noise Pollution કરતાં પણ ખતરનાક Praise Pollution છે. આપણાં નાજુક સુકૃત્યોને આ હાનિકારક પ્રદૂષણથી બચાવીએ.

✦ ✦ ✦

મદ અષ્ટ જિનોને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની.
લઘુતા મેરે મન માની

-ચિદાનંદજી

હે ગૌતમસ્વામી!
લખલૂટ લબ્ધિઓનો ખજાનો હતો
આપની પાસે,
એકાદ-બે પ્રસંગ સિવાય
તે લબ્ધિઓનો ઉપયોગ આપે
ક્યારેય કર્યો નથી.
મારી પાસે જે કાંઈ શક્તિ છે
તેનો ઉપયોગ જ ન કરું
તેવી નિરીહતા તો મારા માટે
બહુ દૂરની વાત છે.
પરંતુ,
મારી તે શક્તિઓનો
હું ક્યારેય દુરુપયોગ ન કરું
તે વરદાન તો મને આપો.

# ❑ तमसो मा ज्योतिर्गमय ।।

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ ચૌદ વિદ્યાના પારગામી હતા. પ્રકાન્ડ પંડિત હતા. મહા વિદ્વાન હતા. વાદિવિજેતા હતા. વિશિષ્ટ જ્ઞાની હતા. પરંતુ વેદો, પુરાણો અને ઉપનિષદોનું જ્ઞાન એ એમનો ખરો જ્ઞાનવૈભવ નહોતો. ૧૪ વિદ્યાઓની વિદ્વત્તા એ તેમની ખરી જ્ઞાનપ્રતિભા નહોતી, થોકબંધ ગ્રંથોની ઉપસ્થિતિ એ તેમની ખરી જ્ઞાન-ગરિમા નહોતી. પોતાના **'અજ્ઞાનનું જ્ઞાન'** એ તેમનો પરમતારક જ્ઞાનવૈભવ બની રહ્યો.

સંદેહ તો અજ્ઞાનીને લાખો વાતના હોય. પણ તે **સંદેહ પ્રત્યે સજાગતા બહુ દુર્લભ છે. અજ્ઞાનતાનો અંતરંગ એકરાર દુષ્કર છે.** સૉક્રેટીસને કોઈએ પૂછ્યું : ''બધા તમને ગ્રીસના સર્વશ્રેષ્ઠ જ્ઞાની માને છે, તમે તે વાતમાં સંમત છો ?'' સૉક્રેટીસ તો ખૂબ નમ્ર અને નિરંહકારી હતા, છતાં તેમણે નિઃસંકોચ કહ્યું : ''હા, મને લાગે છે કે ગ્રીસમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાની હું છું, કારણ કે અજ્ઞાની તો હું પણ છું. તમે પણ છો અને ગ્રીસના મોટા મોટા પંડિતો પણ છે. પણ તેમને પોતે અજ્ઞાની છે, તે વાતનું જ્ઞાન નથી. એટલું જ્ઞાન મને વધારે છે, તેથી હું સૌથી મોટો જ્ઞાની કહેવાઉં ને ?''

આપણે કેટલું જાણીએ છીએ, તે આપણે જાણીએ છીએ, પણ

આપણે કેટલું નથી જાણતા, તે આપણે જાણીએ છીએ? આપણા અજ્ઞાનના ક્ષેત્રફળનું માપ આપણી પાસે હોય, તો આપણા જ્ઞાનનું અભિમાન આપણને ક્યારેય નડે ખરું? અને કદાચ નડી જાય તોપણ ઈન્દ્રભૂતિની જેમ એ અહંકારને ખરતા વાર ન લાગે.

He who knows not, and knows not, that he knows not, is a Fool – **Leave him.**

He who knows, and knows, not that he knows is a sleep - **Awake him.**

He who knows not, and knows, that he knows not, is simple - **Teach him.**

He who knows and knows that he knows is wise - **Follow him.**

ત્રીજું વાક્ય ખૂબ મહત્ત્વનું છે. **જે અજ્ઞાની છે પણ પોતાના અજ્ઞાનથી વાકેફ છે, તે વ્યક્તિ સરળ છે. તે સરળ હોવાથી ઘડતરને યોગ્ય છે.** ત્રીજું વાક્ય ઈન્દ્રભૂતિ બ્રાહ્મણની પાત્રતાનું પરિચાયક છે, તો ચોથું વાક્ય પ્રભુ વીરની સર્વજ્ઞતાનું સ્મરણ કરાવે છે.

પોતાના અજ્ઞાન પ્રત્યે વાકેફ હોવું, તે ગૌતમ પ્રભુની ખરી પાત્રતા હતી. તે પાત્રતાને પ્રભુ વીરે ઊંચકી. **તે પાત્રતાનો પ્રભુ વીરે કરેલો પરિપાક એટલે જ ગણધર ગૌતમ!**

-સમર્થ ઝેન ગુરુ નાન-ઈનને મળવા માટે એક પ્રાધ્યાપક આવ્યા. પ્રાધ્યાપકની ઈચ્છા ઝેન તત્ત્વજ્ઞાન જાણવાની હતી.

નાન-ઈને પ્રાધ્યાપકનો સત્કાર કરવા ચા તૈયાર કરી. તેમણે પ્યાલામાં ચા રેડવાનું શરૂ કર્યું. પ્યાલો ભરાઈ ગયો, છતાં તે ચા રેડતા જ રહ્યા. પ્રાધ્યાપક જોઈ રહ્યા હતા કે પ્યાલો ભરાઈ ગયો છે અને રકાબી

છલકાવાની તૈયારીમાં છે. તેમનાથી રહેવાયું નહિ. તેઓ બોલી ઊઠ્યા: "કપ અને રકાબી બન્ને ભરાઈ ગયા છે. હવે એમાં વધુ ચા સમાઈ શકે તેમ નથી."

સંત નાન-ઈન આ જ પ્રતિભાવની પ્રતીક્ષામાં હતા તેમણે સોગઠી મારી : "આ પ્યાલાની જેમ જ તમારું મન અભિપ્રાયો, માન્યતાઓ કે ધારણાઓથી સભર છે. જ્યાં સુધી તમે તમારું મન ખાલી ન કરો, ત્યાં સુધી હું તમને ઝેન વિષે શું સમજાવી શકું ?"

ઈન્દ્રભૂતિ ગૌતમે પોતાના આત્મવિષયક અજ્ઞાનને છતું કરીને વિરાટ જ્ઞાન-પ્રકાશને પ્રવેશવાનાં કમાડ ખોલી નાંખ્યાં.

ઉપર્યુક્ત પ્રાધ્યાપક જેવો જ પ્રસંગ યુરોપના મહાન વિચારક ઓસ્પેન્સ્કીનો છે. ઓસ્પેન્સ્કી મહાન રહસ્યવાદી ગુર્જીએફ પાસે ગયા અને કહ્યું : "હું જ્ઞાનપ્રાપ્તિ માટે આવ્યો છું. તમે તત્ત્વના ઊંડા પ્રદેશ સુધી પહોંચેલા છો. જીવનના રહસ્યને પામવાની ચાવીઓ તમારી પાસે છે, એવું મેં સાંભળ્યું છે. તે ચાવીઓ પ્રાપ્ત કરવા આપની પાસે હું આવ્યો છું."

ગુર્જીએફ અસાધારણ વ્યક્તિત્વના સ્વામી હતા. તેમણે કહ્યું : "ઠીક છે. તમે પણ મોટા જ્ઞાની છો. યુરોપના મોટા વિદ્વાનોમાં તમારી ગણતરી થાય છે. આ કોરો કાગળ લો અને તમે જે જાણતા હો તે તેના પર લખો. પછી તમે જે નહિ જાણતા હો તે હું તમને કહીશ."

ઓસ્પેન્સ્કી કોરો કાગળ અને કલમ લઈને લખવા બેઠા. પણ જેમ જેમ એ વિચારતા ગયા, તેમ તેમને પોતાના જ્ઞાનની અધૂરપનો ખ્યાલ આવતો ગયો. પોતાના અજ્ઞાનનો પરિચય થતાં તે ધ્રૂજી ઊઠ્યા. સૂર્યની ગરમીથી બરફ ઓગળવા માંડે, તેમ ગુર્જીએફની હાજરીથી તેમનું જ્ઞાન સરી જવા લાગ્યું.

તેમણે ઘણો સમય સુધી કાગળ પર કલમ પકડી રાખી, પરંતુ એક અક્ષર પણ પાડી શક્યા નહિ. છેવટે તેમણે લાચારી સાથે એકરાર કર્યો : "ક્ષમા કરો, હું અજ્ઞાની છું. આ કોરા કાગળ જેવો છું. તેના પર જે અક્ષરો પાડવા હોય તે પાડો."

અને ગુર્જીએફે પોતાની પાસે રોકાવાની તેને સંમતિ આપી:

'હું રોગી છું' આવી દૃઢ પ્રતીતિ આરોગ્યપ્રદ ચિકિત્સા કરાવવા માટેની પ્રાથમિક શરત છે.

'હું અજ્ઞાની છું' એવો અંતરંગ એકરાર એ જ્ઞાન સંપાદિત કરવાની ખરી પાત્રતા છે.

આવી પાત્રતાનો પરિપાક ન થયો હોય અને જીવ કોઈની પાસે જ્ઞાન ભણવા જાય ત્યારે તે અને ભણાવનાર બન્ને તકલીફમાં મુકાતા હોય છે. પોતાના અજ્ઞાનને અપ્રગટ રાખીને જ્ઞાન ભણવાનું કાર્ય વિકટ છે. પણ, માનકષાય આ વિકટ કાર્યને પણ આસાન બનાવી દે છે. જે 'અજ્ઞાન'માં ઘણુંબધું અપ્રગટ છે, તે અજ્ઞાનને ખુદને અપ્રગટ રહેવા દેવા માટે ચાલાકીપૂર્ણ ભારે જહેમત ઉઠાવવી પડે છે.

**અજ્ઞાનને ઢાંકવું એટલે અંધકારને ઢાંકવો.** અંધકારને મિટાવી શકાય, ઢાંકી કેવી રીતે શકાય ? ઢાંકેલું અજ્ઞાન ગમે તે ક્ષણે પ્રગટ થઈ શકે છે.

સંસ્કૃત ભાષાનો **તમસ્** શબ્દ **અંધકાર**, **અજ્ઞાન** અને **મોહ**-એ ત્રણેયનું એકસાથે પ્રતિનિધિત્વ કરે છે. ચાલો, પ્રાર્થના કરીએ:

**॥ तमसो मा ज्योतिर्गमय ॥**

✦ ✦ ✦

માન ન કીજે માનવી, માન તે દુઃખ નિદાન
માને હોય મલીનતા, જિમજગ કોહ્યું પાન
સુગુણનર! ગર્વપણે ગુણ જાય - ગર્વપણું દુઃખદાય

-વિશુદ્ધ વિજય
તેર કાઠિયાની સજ્ઝાય

## હે ગૌતમસ્વામી!

આપની પાસે
વિશિષ્ટ દેશના-લબ્ધિ હતી.
કોઈ પણ વ્યક્તિ
આપના ઉપદેશથી
સહજ પ્રતિબોધ પામી જતી.
આપની ભક્તિના પ્રભાવે
મારામાં એવી પ્રતિબોધ-લબ્ધિ પ્રગટો કે
હું મારી જાતને તો જરૂર
બૂઝવી શકું
મારો ઉપદેશ મને પણ ક્યાં સ્પર્શે છે?
હું મને સારી રીતે પ્રતિબોધ પમાડી શકું
તેવી પ્રતિબોધ-લબ્ધિ
મને પીરસો.

## ❐ ક્રમબદ્ધ કલ્યાણયાત્રા

**'ઈન્દ્રભૂતિ ગૌતમ'** પ્રભુ વીરના સમાગમથી **'વિનયમૂર્તિ ગૌતમ'** બને છે. પ્રભુ વીરના ચરણકિંકર બને છે. પ્રભુ વીરના નિર્વાણપ્રસંગનું નિમિત્ત તેમના પ્રભુ પ્રત્યેના જાલિમ રાગ ઉપર એક વિસ્ફોટક બૉમ્બબ્લાસ્ટ કરે છે. આ બૉમ્બવિસ્ફોટમાં પ્રભુ ગૌતમના ચાર ઘાતિકર્મોનું સુખદ નિધન થાય છે અને ચાર સ્વરૂપ-ગુણોના નિધાનનું પ્રાગટ્ય થાય છે.

**પ્રભુ ગૌતમની કલ્યાણયાત્રાના આ હતા પડાવો :**

**૧. કશ્ચિદહં : હું કાંઈક છું.**

**૨. કોऽહં : હું કોણ છું?**

**૩. નાऽહં : હું કાંઈ જ નથી.**

**૪. દાસોऽહં : હું પ્રભુનો દાસ છું.**

**૫. સોऽહં : હું તે જ છું.**

**૬. શિવોऽહં : હું જ વીતરાગ છું.**

પ્રથમ સોપાન-ગર્વિષ્ઠ ઈન્દ્રભૂતિ તરીકેનું પંડિતાઈના ભારથી લચી પડેલું ભારેખમ વ્યક્તિત્વ. અન્યનો અનાદર, તિરસ્કાર અને પરાભવ કરવામાં ધન્યતા અનુભવતું 'અહં'થી ખરડાયેલું વ્યક્તિત્વ.

આપબડાઈના લવારા ઓકતું અભિમાની વ્યક્તિત્વ. પોતાની શ્રેષ્ઠતાનો શંખનાદ ફૂંક્યા કરતું પ્રચારક વ્યક્તિત્વ. સોમિલ બ્રાહ્મણ આયોજિત મહાયજ્ઞના વાડામાં સર્વજ્ઞ પ્રભુ વીરના વાવડ સાંભળીને અહંના આફરે ચડેલું વ્યક્તિત્વ એ ઈન્દ્રભૂતિની કલ્યાણયાત્રાનું પહેલું સ્ટેશન છે. અહીંથી તેમની કલ્યાણયાત્રાનું મંગલ પ્રસ્થાન થયું.

પ્રભુ વીરના સમવસરણના ફાટફાટ થતા ઐશ્વર્યની વચ્ચે, ઈન્દ્રભૂતિ ગૌતમ આવી ઊભા. સર્વજ્ઞ પ્રભુ વીરનાં માધુર્ય નીતરતાં વચનોથી તેમનો અહં મીણના ગોળાની જેમ પીગળી ગયો. પ્રભુ વીરનાં સમવસરણનું અફાટ ઐશ્વર્ય, પ્રભુ વીરનું અદ્ભુત દેહસૌંદર્ય અને નીતરતું વચનમાધુર્ય - આ ત્રણેયને કારણે ઈન્દ્રભૂતિ પ્રભુથી આવર્જિત થઈ ચૂક્યા હતા. પ્રભુની સર્વજ્ઞતાનો સ્વીકાર કરવાની સજ્જતા તૈયાર થઈ ચૂકી. હવે તો સચોટ પ્રતીતિની તીવ્ર ઝંખના ઉદ્ભવ પામી. પ્રતીતિના માપદંડ માટે ઈન્દ્રભૂતિએ મનોગત આત્મવિષયક સંશયની ધારણા કરી. તેમણે પ્રભુની સર્વજ્ઞતાની સાબિતી મેળવવા, શબ્દસ્વરૂપે અભિવ્યક્ત કર્યા વિના, મનોગત સંશયને પ્રભુ સામે ધરી દીધો. આત્મવિષયક તેમનો સંશય જાણે સમવસરણના ભવ્ય અને દિવ્ય વાતાવરણમાં **'કોઽહં'**નો પ્રશ્નનાદ બની રહ્યો.

આ ક્ષણે ઈન્દ્રભૂતિને પ્રભુ વીરના શ્રીમુખેથી અનુત્તર સર્વશ્રેષ્ઠ આત્મજ્ઞાન લાધ્યું. **વર્ણાદિ ગુણોને વરેલા પુદ્ગલનો એક જડ પિંડ હું નથી. પંચભૂતનું આ નશ્વર ખોળિયું તે હું નથી. નામ અને રૂપની માત્ર કામચલાઉ ઓળખાણ તે હું નથી. માત્ર એક ભવની, જન્મથી મરણ સુધીની, યાત્રાનો પથિક તે હું નથી. સંબંધોનાં જાળાંથી ગૂંથાયેલો કોશેટો તે હું નથી. જન્મ-જરા-મરણના ચાકડે ચડેલો એક મૃત્પિંડ હું નથી.**

**હું તો છું આતમરામ! જ્ઞાનાદિ અનંત ગુણોના મહાનિધાનનો માલિક! અનાદિ અનંત! ઉત્પત્તિ અને લયના કલંકથી પર! રાગાદિના કીચડથી નિર્લેપ! કલ્પાતીત અને કલ્પનાતીત ! અત્યારે નશ્વર કાયાના પડીકે બંધાયેલું શાશ્વત અસ્તિત્વ તે જ હું છું.** આવો આત્મસ્વરૂપનો ખરો પરિચય પ્રભુનાં પ્રથમ પરિચયમાં થયો. ઈન્દ્રભૂતિને પહેલા પ્રભુનો પરિચય થયો, પછી પોતાનો થયો. પ્રભુના પ્રથમ પરિચયમાં જ અહંકારનો જાણે અંતિમસંસ્કાર થઈ ગયો. ઈન્દ્રભૂતિના અભિમાનનો ફુગ્ગો પ્રભુના સમવસરણમાં ફૂટી ગયો. ઈન્દ્રભૂતિના માથેથી મિથ્યાભિમાનનો બધો ભાર ઊતરી ગયો. હળવાફૂલ થઈ ગયા. **'નાડહં'**નું ધ્વનિમાધુર્ય ઈન્દ્રભૂતિના આતમને ઝંકૃત કરી રહ્યું ! અહંકારનો કર્કશ કોલાહલ વિલય પામ્યો. નિરભિમાનિતાનું શાંત સંગીત ગુંજી રહ્યું.

અહંકારનું નિર્મૂલન થતાં નમસ્કારની સાધના પ્રારંભ પામી. પ્રભુ વીર જેવા પરમોપાસ્ય મળ્યા. વિનયમૂર્તિ ગૌતમ ચરણોપાસનામાં લયલીન બન્યા. પ્રભુની ચરણછાયા તેમને મન ચક્રવર્તીના કે શક્રેન્દ્રના સિંહાસન કરતાં પણ અધિક મૂલ્યવાન બની રહી. રાજેન્દ્ર અને દેવેન્દ્રના પદ કરતાંય પ્રભુનું ચરણકિંકરપદ તેમને ખૂબ વજનદાર લાગ્યું. દાસત્વની ઠકુરાઈ પામી તે પરમ ધન્યતાનો આસ્વાદ માણવા લાગ્યા. **'દાસોડહં'** એ ઈન્દ્રભૂતિ ગૌતમનો સાચુકલો ગૌરવધ્વનિ બની રહ્યો.

શાલ-મહાશાલ વગેરેને પ્રવ્રજિત કરીને ગૌતમસ્વામી આવ્યા. પ્રભુ વીરના મુખેથી નૂતન દીક્ષિતો કૈવલ્ય પામી ચૂક્યાનો અધિકાર જાણ્યો. ગૌતમ પ્રભુ સહજ ચિંતિત બન્યા : 'હું જેને દીક્ષા આપું, તે દરેકને કેવલજ્ઞાન થાય, મને ક્યારે ?' પ્રભુએ દિલાસો આપ્યો : ગૌતમ, ખેદ ન કર, મારા પ્રત્યેના ગાઢ અનુરાગને કારણે તારું કેવલજ્ઞાન અટકે છે. પણ,

જે સ્વરૂપ મારું છે, તે જ સ્વરૂપ તારું છે. તારા તે અસલી સ્વરૂપ પર રહેલો પરદો આ ભવમાં જ ઊઠી જવાનો છે. આપણે બંને એકસમ અને એકરૂપ બની જશું. પ્રભુનો આ દિલાસો સાંભળીને પ્રભુ ગૌતમના અંતઃસ્તલમાં **'સોऽहं'**નો મંત્રનાદ કેટલો ઘેરો બન્યો હશે ?

આસો વદ અમાવસ્યાની કાજળઘેરી નિશા પ્રભુ વીરના નિર્વાણથી વધુ અંધારમય બની ! ભાવઉદ્યોત અસ્ત પામ્યો ! પ્રભુ વીરના નિર્વાણનો સંદેશ સાંભળીને ગણધર ગૌતમના આત્મદ્રવ્ય પર હાઈ-સ્કેલનો આંચકો લાગ્યો. તે આત્મકંપની ઘટના થતાં ઘાતિકર્મની સઘળી ઈમારતોનો સર્વથા ધ્વંસ થયો. **'શિવોऽहं'**ની અનુત્તર અનુભૂતિનો મધુર ધ્વનિ જાણે રેલાઈ ઊઠ્યો !

પ્રભુ ગૌતમ, તેમની આ કલ્યાણયાત્રાના પ્રત્યેક પડાવે કેટલા ભવ્ય લાગે છે ! પ્રત્યેક પડાવે તેમનું આત્મસૌંદર્ય નવા નવા નિખાર પામતું રહ્યું અને અંતિમ પડાવે તે સર્વાંશે ખીલી ઊઠ્યું !

મારા દાદા ગુરુદેવ સહજાનંદી પૂ. આ. શ્રી વિજયધર્મજિતસૂરીશ્વરજી મ.સા. અવ્વલ કક્ષાના અંતર્મુખ સાધક હતા. સાધનામાર્ગના અનેક સંકેતો તેઓશ્રીને સ્વપ્નાવસ્થા અને ધ્યાનાવસ્થામાં સૂચિત થતા હતા. એક વાર ગાઢ નિદ્રા દરમ્યાન સ્વપ્નમાં તેમણે એક બ્લૅકબોર્ડ જોયું. તે બોર્ડ ઉપર અક્ષરો ઊપસ્યા :

**God is No where**

તેઓશ્રી આ અક્ષરો વાંચી ચમકી ઊઠ્યા. થોડી વારમાં આ વાક્યના છેલ્લા શબ્દના બે વિભાગ પડ્યા. તેઓશ્રીએ વાંચ્યું :

**God is Now here.**

પરમાત્માના અસ્તિત્વનો સ્વપ્નગત બોધ !

પરંતુ ઈશ્વરના અસ્તિત્વ સાથે આપણે શું નિસ્બત ?

જવાબ મળ્યો :

**Believe in God.**

ઈશ્વરના અસ્તિત્વનો દૃઢ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર તો કર્યો. પરંતુ, તે પરમાત્મા આપણું કલ્યાણ કરી શકે ?
પ્રત્યુત્તર સાંપડ્યો :

**Trust in God.**

પરંતુ, શા માટે ?

**To be God.**

કોની જેમ ?

**Just Like God.**

અને, સાધનામાર્ગનો અંતિમ પડાવ :

**I am God.**

આ સાત અંગ્રેજી વાક્યો ક્રમસર બોર્ડ ઉપર ઊપસ્યાં. સાધનાની સોપાનશ્રેણિ રચાઈ ગઈ. ગૌતમસ્વામીની સાધનાશ્રેણિ સાથે આ સોપાનશ્રેણિનો તુલનાત્મક અભ્યાસ કરવાનું જિજ્ઞાસુને ગમશે.

✦ ✦ ✦

અવગુણ ઢાંકળ કાજ કરું જિનમત ક્રિયા
ન ત્યજું અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા
દષ્ટિ રાગનો પોષ તેહ સમકિત ગણું
સ્યાદ્‌વાદની રીતે ન દેખું નિજપણું
વિહરમાન ભગવાન સુણો મુજ વિનંતિ
-દેવચંદ્રજી
વજ્રધર જિનસ્તવન

## હે ગૌતમસ્વામી!

આપની અને મારી વચ્ચેનું,
આભ-ગાભનું અંતર તો જુઓ!
આપ પ્રશંસાપાત્ર હતા
છતાં પ્રશંસાભીરુ હતા!
અને, હું?
જીવનમાં ખાબકેલા અઢળક દોષોને કારણે
નિંદાપાત્ર છું
છતાં, પ્રશંસાભૂખ્યો છું!
મારી પ્રશંસાની ભૂખ મરી જાય
તેવી કોઈ દવા
આપની પાસે ખરી?

# ❐ પ્રશંસા : પુષ્પ કે કંટક ?

કેટલીય મલિન વૃત્તિઓનો આ જીવને અનાદિનો વળગાડ છે. પ્રત્યેક ભવમાં જીવ ખોળિયાં બદલતો રહે છે અને મલિન સંસ્કારોનું પોટલું સાથે ફેરવતો રહે છે. તમામ મલિન વૃત્તિઓ (Instincts) માં બે વૃત્તિઓને Poison Instincts તરીકે ઓળખી શકાય. જીવનો કુચ્ચો કાઢી નાંખનારા એ બે Poison Instincts :

(૧) Position Instinct (અહં)

(૨) Possession Instinct (મમ)

જ્ઞાનાસાર પ્રકરણના મોહત્યાગ અષ્ટકમાં પૂ. ઉપાધ્યાયજી ભગવંતે આ બે વૃત્તિઓને જીવને અંધ કરી નાંખનારા મોહરાજાના કામણમંત્ર તરીકે ઓળખાવી છે. એક અંગ્રેજી સુવાક્યમાં એ શ્લોકનો ભાવ આકર્ષક રીતે અભિવ્યક્ત થયો છે.

Where there is I, there is no Eye. અહંકાર જીવને Humble બનવા દેતો નથી અને મમકાર જીવને Honest રહેવા દેતો નથી.

ગુજરાતી બારાખડીના કુલ ૩૯૬ અક્ષરોમાં સૌથી વાંકો અક્ષર છે : **'હું'** છતાંય નવાઈની વાત તો એ કે, આ 'હું'ની અસરમાં જે આવે છે તે

સહુથી અક્કડ બનતો જાય છે.

વ્યાકરણશાસ્ત્રની રચના વાણીની સાધના માટે થઈ છે. પરંતુ, વ્યાકરણશાસ્ત્રે આપેલી ઘણી સુવિધાઓનો ઉપયોગ જીવ વાણીની સાધના માટે ઓછો કરે છે, અહં આદિ મલિન ભાવોની પુષ્ટિ માટે વધુ કરે છે. પહેલો પુરુષ એકવચનનું સર્વનામ - હું, આનું જ્વલંત ઉદાહરણ છે. કર્મણિ પ્રયોગ (Passive Voice) ભાષાની સમૃદ્ધિનો બહુ મોટો વૈભવ છે. પણ, તેનો સૌથી વધુ ઉપયોગ કદાચ પોતાની ભૂલોનો બચાવ કરવા માટે થતો હશે ! મારાથી ક્રોધ થઈ ગયો, મારાથી કડવાં વેણ બોલાઈ ગયાં, મારાથી કપરકાબી ફૂટી ગયાં. કાંઈ ખોટું થાય ત્યારે કર્મણિ પ્રયોગનો પ્રયોગ કરવાથી અપરાધ માઈલ્ડ થઈ જતો અનુભવાય છે. પણ, કાંઈક સારું બન્યું હોય ત્યારે તે મારાથી થઈ જતું નથી. પણ હું કરું છું. મેં દાન આપ્યું, હું પ્રથમ નંબરે આવ્યો, મેં તપશ્ચર્યા કરી...

પહેલો પુરુષ અને બીજો પુરુષ ભેગા સાંકળવા માટે ગુજરાતી વ્યાકરણે એક અલગ સર્વનામ આપ્યું : **આપણે**. પરંતુ, આ સવલતનો વધારે ઉપયોગ બડાઈ હાંકવા માટે પહેલો પુરુષ એકવચનના પર્યાય તરીકે થતો હશે. જેમ કે, આપણે તો કોઈથી ન ડરીએ... આપણે તો ક્યારેય મોડા ન પડીએ... આપણું બધાને માનવું પડે...

બીજાના કથનને પોતાની ભાષામાં રજૂ કરી શકાય તે માટેની સુંદર સગવડ Indirect Speechના પ્રયોગરૂપે વ્યાકરણશાસ્ત્રે આપી છે, પણ કોઈના કથનમાં વધાર કરીને માણસ વ્યાકરણદત્ત આ છૂટનો દુરુપયોગ કરે છે.

Positive Degree, Comparative Degree અને Superlative Degree - એ ત્રણ પ્રકારની ડિગ્રીની બીજાની હલકાઈ અને પોતાની બડાઈ હાંકવામાં ઉદારતાથી ઉપયોગ થતો હોય છે.

Superior બનવું હોય તો Superiority Complex કાઢી નાંખવો પડે તે સરળ સત્યનો બુદ્ધિમાં પ્રવેશ થતો અટકાવતું મોટું અવરોધક પરિબળ માનકષાય છે.

મોહવિજય કરવા માટે મોહરાજાની ગોઠવેલી ઘણી ચોકીઓ પસાર કરવી પડે છે. એક ચોકી તમે હેમખેમ પસાર કરો તો આગળની ચોકી પર ક્યાંય અટવાઈ જાઓ. ભલભલા ખેરખાંને પણ પટકી નાંખે. આનંદઘનજીના ઉદ્‌ગારો યાદ આવી જાય :

**મુગતિ તણાં અભિલાષી તપિયા; જ્ઞાન ધ્યાન અભ્યાસે,**
**વૈરીડું કાંઈ એહવું ચિંતે; નાંખે અવળે પાસે.**
**કુંથુજિન ! મનડું કિમહી ન બાજે.**

બાહુબલીજી રાજ્યલોભ કે રાજ્યાસક્તિની ચોકી વટાવીને તથા આહારસંજ્ઞા અને દેહાધ્યાસની ચોકીઓ પાર કરીને છેક કૈવલ્યસુંદરીના મહેલની લગોલગ પહોંચી ગયા. પણ માનકષાયની છેલ્લી ચોકીએ થોડા અટવાઈ પડ્યા !

સ્થૂલિભદ્રજી ખૂંખાર કામડાકુની ખતરનાક ચોકી બહુ હળવેકથી પસાર કરી ગયા તો મોહરાજાએ તેમના જેવા મહારથીને પણ માનકષાયના નાકે આંતર્યા.

ગૌતમસ્વામીના કિસ્સામાં સાવ ઊલટું જ બન્યું. તે અહંકારના કૂંડાળામાંથી નીકળ્યા તો પ્રભુપ્રેમનાં અમૃતવમળમાં ફસાયા. તે વમળમાં અટવાયા ખરા તેથી થોડા અટક્યા પણ ખરા પણ તે અટવાઈ જવાનો પણ અનેરો આનંદ હતો. ગૌતમસ્વામીની તો વાત જ ન્યારી છે !

જીવને સત્તા, શ્રીમંતાઈ કે મોભાનું અભિમાન થાય છે. હું માટો શ્રીમંત... હું મોટો ટ્રસ્ટી... હું મોટો મેનેજર... પરંતુ, આ બધી તો જીવની પ્રાસંગિક ઓળખાણ (Occassional Identity) છે. જીવની

વાસ્તવિક ઓળખાણ (Actual Identity) તો જુદી જ છે. કોઈ મહાનુભાવે કોઈ એક પ્રસંગે લાલ શર્ટ પહેરેલું હોય તેથી તેમને લાલ શર્ટવાળા ભાઈ તરીકેનું ઓળખવાનું કેવી રીતે ચાલુ કરી શકો ? એક અજાણ્યા મુસાફરે રોડ ઉપર એક પાનના ગલ્લાવાળાને કોઈ ચોક્કસ સ્થાનનો રસ્તો પૂછ્યો. પેલા પાનવાળાએ કહ્યું : તમે આ રોડ પર સીધા ચાલવા માંડો. રસ્તામાં ઘણી ગલીઓ આવશે. તેમાંથી, જે ગલીના નાકે કાળું કૂતરું સૂતેલુ હોય તે ગલીમાં વળી જજો.

તે ગલ્લાવાળો સવારે તે રસ્તેથી આવ્યો ત્યારે તે ગલી પાસે કાળું કૂતરું સૂતેલું હતું.

આપણે જ્યારે શ્રીમંત, સત્તાધીશ કે મોભાદાર તરીકેની આપણી પ્રાસંગિક ઓળખાણને આપણી વાસ્તવિક ઓળખાણ જેટલું વજૂદ આપી દઈએ છીએ ત્યારે ખભા ઊલળે છે.

અહંકારને નાથવા માટે આ ત્રિપદી હૈયે વસાવવા જેવી છે.

૧. Look Above : જરાક ઉપર નજર કરો. તમને જે બાબતનો ગર્વ થાય છે તે જ બાબતમાં તમારા કરતાં ચડિયાતા દુનિયામાં ઘણા છે.

૨. Look Back : જરાક પાછળ એક નજર કરો. આજે જે છે તેમાંનું ગઈકાલે તમારી પાસે કાંઈ નહોતું. આજે તમારી ઑફિસમાં ૫૦ માણસનો સ્ટાફ છે. ગઈકાલે કદાચ કોઈની ઑફિસમાં તમે ૨૫૦૦ રૂપિયાના પગારમાં નોકરી કરતા હતા.

૩. Look Ahead : જરાક આગળ નજર રાખો. મળેલો મોભો, પ્રાપ્ત કરેલા પૈસા અને સંપાદિત કરેલી સત્તા - એ બધુંય નાશવંત છે. આવતી કાલે તે બધું તમારી પાસેથી સરકી જવાનું છે. જે નશ્વર છે તેનો નશો શા માટે ?

ભલે ને દૂધ લેવામાં આવે, પણ જો સંગ્રહણીનું દરદ છે તો સરવાળે દરદ જ વધે છે. એમ ભલે ને સુકૃતની સાધના કરવામાં આવે પણ જો માનકષાય તીવ્ર સતાવતો હોય તો સરવાળે તેની પીછેહઠ જ થાય છે. **આપણે પહેલા નક્કી કરીએ : આપણે ગુણો વિશ્વમાં જાહેર કરવા છે કે આત્મામાં પ્રગટ કરવા છે? ગુણો જાહેર કરવામાં જે અટવાઈ જાય તે ગુણો પ્રગટ કરવાના તેના મિશનમાં પાછળ રહી જાય છે.**

**સારા થવાની સાધના સારા દેખાવાની સાધનામાં કન્વર્ટ થઈ જાય એ મોટો આધ્યાત્મિક ડાઉનફૉલ છે.** લોકની દૃષ્ટિમાં ઊંચા દેખાવાની ઈચ્છા થઈ એટલે સિદ્ધ ભગવંતોની દૃષ્ટિમાં આપણે નીચા થઈ ગયા. આપણે નક્કી કરવાનું કે કોનું પ્રમાણપત્ર આપણને ખપે ? લોકનું કે લોકાગ્રગતનું (સિદ્ધનું) ? **જે પ્રશંસાને આપણે પુષ્પ માની બેઠા છીએ, વાસ્તવમાં તે તો સાધના માર્ગના કંટક છે.**

પ્રશંસાપ્રેમ સાધનામાર્ગનો મોટો વિક્ષેપક છે. દાદા આદિનાથને જુહારવા ગિરિરાજ ચડવાનો શરૂ કર્યો પણ પહેલી પરબે જ અટવાઈ ગયા. પ્રભુને ભેટવા નીકળ્યા અને પ્રશંસાના વમળમાં ફસાઈ ગયા.

માનકષાય પ્રેરિત પ્રશંસાભૂખ ક્યારેક તો એટલી બેહદ બને છે કે હક્કની પ્રશંસાથી ધરપ ન થતાં અણહક્કની પ્રશંસાનું પાન કરવા પણ મન લલચાય છે. દામચોરી અને કામચોરીથી ડરનારો નામચોરીનો વ્યસની બની જાય છે અને મફતિયો જસ લેવા બધે ફાંફાં મારતો થઈ જાય છે.

આપણા સાધનામાર્ગમાં તો પ્રત્યેક સફળતાને દેવ-ગુરુના ચરણે ધરી દેવાની વિધિ છે. **'દેવ-ગુરુ પસાય'એ પોતાના સુકૃત્ય, સદ્ગુણો**

**કે સફળતા દેવ-ગુરુના ચરણે ધરવા માટેનો સમર્પણમંત્ર છે.** એક નાનકડો પણ સદ્ગુણ કે સદ્ભાવ પ્રભુની કૃપાથી જ નીપજે છે. જે પ્રભુની કૃપાનું ફરજંદ છે તેના પર માલિકી આપણી ક્યાંથી આવી ? ખરો સાધક તો 'મારો સ્વાધ્યાય' 'મારું દાન' જેવા શબ્દપ્રયોગ કરતા પણ ડરે કે ક્યાંક તીર્થંકર-અદત્તનો દોષ ન લાગી જાય ! પ્રભુકૃપાથી જે સાધના થઈ છે તેને મારા નામે કેવી રીતે ચડાવું ? જોકે, આ કક્ષા કદાચ ઘણી દૂરની છે પણ, બીજાનાં સત્કાર્યો પોતાના નામે ભૂલથી પણ ચડી ન જાય તેની સાવધાની તો જરૂર રાખી શકીએ.

કોઈ સુકૃત્ય આચર્યા પછી બીજાની **'વાહ'**માં ફુલાઈ કે ફસાઈ જઈએ ત્યારે આપણા તે સુકૃત્યની **'હવા'** થઈ જશે, તેવો ભય બહુ જરૂરી છે.

ચાલો આપણે પ્રશંસાભીરુ બનીએ. ગૌતમસ્વામીનું પરમ પાવન ચરિત્ર એ પરમ ઔષધિ છે જેનું સેવન કરવાથી માનકષાયની પીડા મટ્યા વગર ન રહે.

✦ ✦ ✦

## પ્રજ્ઞા પ્રબોધ પરિવાર (સમકિત યુવક મંડળ)નાં પ્રકાશનો

### પૂ. આચાર્ય વિજય મુક્તિવલ્લભસૂરિ મ. સા. લિખિત પુસ્તકો

- નિસર્ગનું મહાસંગીત
- બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ
- શબ્દોનું સૌંદર્ય
- **शब्दोंका सौंदर्य (हिन्दी)**
- હૃદયકંપ
- ભવ્યભાષા : માતૃભાષા
- વિહાર યાત્રા વિચાર યાત્રા
- મૃત્યુના જન્માક્ષર
- મનને મહેંકતું રાખો
- સમાધિની સીડી
- કૃતજ્ઞતાની કેડી
- ગૌતમ ગીતા
- ગૌતમ ગોષ્ઠિ
- ગૌતમ ગાથા
- ગૌતમ ગરિમા

**હસતી ક્ષણોનું ઉપવન (સેટ)**

- ઢોળાયેલો આનંદ
- પળોનું સૌંદર્ય
- ક્ષણોનું સ્મિત
- મનનો મહોત્સવ
- ઊર્મિનો ઉત્સવ
- અંતરનું ઐશ્વર્ય

### પૂ. પંન્યાસ શ્રી ઉદયવલ્લભવિજય મ. સા. લિખિત પુસ્તકો

- સુખનું સરનામું
- શિક્ષણની સોનોગ્રાફી
- શત્રુંજય સત્કાર
- અરિહંત ડોટ કોમ
- શેરબજારની સિસ્મોલોજી
- ઘરશાળા
- Second Edition
- મનનો મેડિક્લેઈમ
- MIND YOUR mind
- બાલ દીક્ષા નો જય

ગૌતમ નામ

લબ્ધિનું પિયર છે

તે કદાચ આપણે જાણીએ છીએ...

ગુણોનું આશ્રયસ્થાન છે

તે પણ કદાચ આપણે જાણીએ છીએ...

પણ,

આ નામ

માનકષાયનો સંહારમંત્ર છે

તેવો એક નવલો પરિચય કેળવીએ.

ગૌતમસ્વામીના પાવન આલંબને
ચાલો, માનકષાય સામે
ખરાખરીનો જંગ ખેલી નાંખીએ.